MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । ગુરુવાર । તા. ૦૪-૦૬-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 માત્ર ૪ કલાકમાં દિલ્હીથી અમૃતસર પહોંચાશેઃ ગડકરીએ નવા સંપર્ક માર્ગની જાહેરાત કરી

5 વિશ્વ બેંકે તમામ દેશોને કોરોનાથી થનારા આર્થિક નુકસાનથી બચવા સૂચનો આપ્યા

8 અનલોક ૧માં શરતો સાથે ખુલશે દ્વારકા-સોમનાથ સહિત હજારો મંદિરો

12 ભરુચની યશસ્વી કેમિકલ કંપનીમાં બ્લાસ્ટઃ આગથી ૮ કામદારનાં મોત, ૫૨ દાઝ્યા

બાન્દ્રા-વરલી સી લિન્ક વે બંધ કરાયો, લોકોને ઘર બહાર ન નિકળવા તાકીદ

નિસર્ગ વાવાઝોડું મુંબઈની નજીક અલીબાગના દરિયાકાંઠે ત્રાટક્યું

૧૨૦ કિમીની ઝડપે પવન ફૂંકાયો : મુંબઈ અને તેની આસપાસના વિસ્તારોમાં સંખ્યાબંધ ઝાડ, લાઈટના થાંભલા પડી ગયા, રેલવે-હવાઈ સેવા બંધ કરાઈ

મુંબઈ

નિસર્ગ' ચક્રવાતી વાવાઝોડું મુંબઈ નજીકના અલીબાગના દરિયાકાંઠા પર ત્રાટક્યું છે. અહીં પવનની ગતિ પ્રતિ કલાક ૧૨૦ કિ.મી.ની છે. વાવાઝોડાને પગલે દરિયાકાંઠે પથી ૬ ફૂટ ઊંચા મોજા ઉછળ્યાં હતાં. સજાગ રહેલા વહીવટીતંત્રોએ કાંઠા પર અને નિચાણવાળા ભાગોમાં રહેતા આશરે ૧ લાખ લોકોનું ગઈ કાલથી સુરક્ષિત જગ્યાઓ પર સ્થળાંતર કરી દીધું હતું. વાવાઝોડાને પગલે મહારાષ્ટ્રમાં રેલ તેમજ હવાઈ વ્યવહાર ખોરવાયો છે. મુંબઈના હાર્દ સમા બાન્દ્રા- વરલી સી લિન્ક વેને હાલ બંધ કરી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત આગામી પાંચથી છ કલાક સુધી લોકોને ઘરની બહાર નહીં નિકળવા તાકીદ કરવામાં આવી છે. ચક્રવાત ગુજરાતના કાંઠે પણ અથડાવાના અનુમાનો લગાવાયા હતા. જો કે મંગળવારે બપોરે વાવાઝોડાની દિશા બદલાતા ગુજરાત પરથી ઘાત ટળી હતી. ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ પડ્યો હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. હવામાન વિભાગના અગાઉના અંદાજ મુજબ ચક્રવાત ગુજરાતના કાંઠે પણ અથડાવાનો અંદાજ હતો જેને પગલે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કાંઠા વિસ્તારોમાંથી અંદાજે ૫૦,૦૦૦ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. મુંબઈના દરિયાકાંઠે ૧૮૯૧ પછીનું આ સૌથી રૌદ્ર ચક્રવાત હોવાનું હવામાન નિષ્ણાતો જણાવી રહ્યા છે. વાવાઝોડાને પગલે મુંબઈમાં ભાર પવન ફૂંકાયો હતો અને સંખ્યાબંધ ઝાડ પડી ગયા હોવાની તેમજ કેટલાક થાંભલા પડવાની ઘટના બની છે. મુંબઈમાં દરિયાકાંઠાના વિસ્તારો વર્લી, બાન્દ્રા અને માહિમ સહિતના નીચાણવાળા વિસ્તારોમાંથી લોકોને સલામત સ્થળ ખસેડી લેવામાં આવ્યા છે. હવામાન વિભાગની આગાહી મુજબ વાવાઝોડું ઉત્તર મહારાષ્ટ્ર, પુણે, અહમદનગરને ઘમરોળી શકે છે જેથી અહીં ભારે વરસાદ પડવાની સંભાવના છે. રાજ્ય સરકારે તકેદારીના ભાગરૂપે એનડીઆરએફ, એસડીઆરએફ તેમજ કોસ્ટગાર્ડની મદદ લીધી છે. વાવાઝોડાની સંભવિત અસરને ટાળવા માટે તંત્ર સજજ છે. વાવાઝોડાને પગલે રાયગઢ, રત્નાગીરિ, તેમજ મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ પડી રહ્યો છે.

ક્યાં ક્યાં થઈ નિસર્ગની અસર : વાવાઝોડાની અસરથી મુંબઈ અને ગોવામાં વરસાદ થઈ રહ્યો છે. બુધવારે મુંબઈમાં ૨૭ સેમીથી વધારે વરસાદ થવાનો અંદાજ છે. તોફાનની આશંકા વાળા જિલ્લામાં વીજળી પાણીનો પુરવઠો બંધ કરવામાં આવી રહ્યો છે. દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી, સૂરત ઉપરાંત દમણ, દાદરા અને નાગર હવેલીમાં પણ ભારે વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે.

પરમાણુ કેમિકલ યૂનિટને જોખમ : મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે, વાવાઝોડાના માર્ગ રાયગઢ અને પાલઘરમાં પરમાણુ અને રાસાયણિક સંયંત્ર પણ છે. આ અંગે ચિંતા વ્યક્ત કરાઈ રહી છે. જેનાથી

અનુસંધાન પાના નં. ૬

૨૪ કલાકમાં સેનાએ પાંચ આતંકીને ઠાર કર્યા

પુલવામા એકાઉન્ટરમાં જૈશ-એ-મોહમ્મદના ત્રણ આતંકી ઠાર

પુલવામા

પુલવામા જિલ્લાના કંગન વિસ્તારમાં સુરક્ષા દળોએ જૈશ-એ-મોહમ્મદના ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા હતા. તેમાંથી એક જૈશનો કમાન્ડર હતો, જે વિદેશી હોવાનું કહેવાઈ રહ્યું છે. આર્મીના જણાવ્યા મુજબ મરાયેલો આતંકવાદી આઈઈડી બ્લાસ્ટમાં નિષ્ણાંત હતો. આ એકાઉન્ટરમાં એક ભારતીય સૈનિક પણ ઘાયલ થયો છે.

ઈન્ટેલિજન્સ ઈનપુટ પછી નેશનલ રાઈફલ્સ, સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ અને જમ્મુ-કાશ્મીર પોલીસ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. સુરક્ષા દળોએ આતંકવાદીઓને શરણાગતિ માટે પણ કહ્યું હતું, પરંતુ તેઓએ ફાયરિંગ શરૂ કરી દીધી હતી. સાવચેતીના ભાગ રૂપે પુલવામા જિલ્લામાં મોબાઈલ ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી છે.

પુલવામામાં છેલ્લા ૨૪ કલાકમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે આ બીજી મુઠભેડ હતી. આ પહેલા મંગળવારે પુલવામાના ત્રાલ વિસ્તારમાં સુરક્ષા દળોએ બે આતંકવાદીઓને ઠાર કર્યા હતા. સોમવારે નૌશેરા સેક્ટરમાં ઘૂસણખોરીનો પ્રયાસ

અનુસંધાન પાના નં. ૬

૧૮મી જૂને ત્રણ રાજ્યોમાં યોજાનારી રાજ્યસભાની ચૂંટણી રસપ્રદ બનશે

રાજ્યસભાની ચૂંટણીમાં કોંગ્રેસને ઘેરવા માટે ભાજપે ચક્રવ્યુહ રચ્યો

ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં વધારાના એક-એક ઉમેદવાર ઊભા રાખીને ભાજપે કોંગ્રેસની સમસ્યા વધારી : એક ઉમેદવારને લઈને રસાકસી

ગાંધીનગર

રાજ્યસભાની ૧૮ બેઠકો માટે ૧૯ જૂને યોજાનારી ચૂંટણીમાં ભાજપે કોંગ્રેસને ઘેરવાની સચોટ રણનીતિ બનાવી છે. ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં ભાજપે ચૂંટણીને હાઈ વોલ્ટેજ બનાવવા માટે એક વધારાનો ઉમેદવાર ઉતાર્યો છે. એજ રીતે, ૨૦૧૭ માં ગુજરાતમાં વધારાના ઉમેદવાર ઊભો કરીને ભાજપે કોંગ્રેસના દિગ્ગજ નેતા અહેમદ પટેલને હંફાવ્યા હતા. ત્યારબાદ કોંગ્રેસના છ ધારાસભ્યોએ ચૂંટણી પૂર્વે જ રાજીનામું આપ્યા હતા. મત રદ થવાને કારણે અહેમદ પટેલ ગમે એમ કરીને જીત મેળવવામાં સફળ રહ્યા, પરંતુ આ માટે કોંગ્રેસે ચૂંટણી પંચથી લઈને સુપ્રીમ કોર્ટના દ્વાર પણ ખખડાવવા પડ્યા. આ વખતે ગુજરાતમાં રાજ્યસભાની ૪ બેઠકો ખાલી છે. ભાજપ અને કોંગ્રેસ બંને જ ૨-૨ બેઠકો જીતી શકે છે. પરંતુ બીજેપીએ નરહરિ અમીનને ત્રીજા ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા છે. ખાસ વાત એ છે કે કોંગ્રેસના ૫ ઉમેદવારોએ રાજીનામા આપ્યા છે. ગુજરાત વિધાનસભામાં હાલમાં ભાજપ પાસે ૧૦૩ ધારાસભ્યો છે. કોંગ્રેસ પાસે ૬૮ ધારાસભ્યો છે, ભારતીય જનજાતિ પાર્ટી (બીટીપી) ના ૨ અને એનસીપીના એક સભ્ય ગૃહમાં છે. આમ ભાજપે વિજય માટેનો ચક્રવ્યુહ રચી કાઢ્યો હોવ છતાં, કોંગ્રેસને વિશ્વાસ છે કે ગુજરાતમાં ૨ બેઠકો જીતવા માટે તેના પાસે પૂરતા ધારાસભ્યો છે. કોંગ્રેસના ઉમેદવાર શક્તિસિંહ ગોહિલે કહ્યું કે, ભાજપ અનૈતિક યુક્તિઓ અપનાવી રહી છે અને અમારા ૫ ધારાસભ્યો પાસેથી રાજીનામા મૂકાવી દીધા છે. પરંતુ અમને ૨ બેઠકો

અનુસંધાન પાના નં. ૬

બે વટહુકમને મંજૂરી,ખેડૂતો માટે એક દેશ એક બજારની નીતિ

મોદી કેબિનેટનો મોટો નિર્ણયઃ ખેડૂતો સીધાં જ પોતાના પાકને વેચી શકશે

ન્યુ દિલ્હી

કોરોના વાયરસના સંકટ વચ્ચે આજે ફરી એક વખત કેન્દ્રીય કેબિનેટની બેઠક યોજાઈ હતી. બુધવારે બપોરે ૧૧ કલાકે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં તેમના નિવાસસ્થાને યોજાયેલી આ બેઠકમાં અનેક વરિષ્ઠ મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં બે વટહુકમોને મંજૂરી આપવામાં આવી છે.

તેમાં આવશ્યક વસ્તુ અધિનિયમ, એપીએમસી અધિનિયમમાં સંશોધનને મંજૂરી આપવામાં આવી છે. હવેથી ખેડૂતો સીધો પોતાનો પાક વેચી શકશે અને દેશમાં ખેડૂતો માટે એક દેશ એક બજાર હશે. આ બેઠકમાં ખેત ઉત્પાદનોના સંગ્રહની અવધિ સમાપ્ત કરવામાં આવી છે અને ખૂબ જ આવશ્યક પરિસ્થિતિઓમાં જ તેમ કરી શકાશે. ઉલ્લેખનીય છેકે ૨૦ લાખ કરોડના પેકેજમાં આની જાહેરાત કરવામાં આવી હતી. તાજેતરમાં જ મોદી સરકારના બીજા કાર્યકાળને એક વર્ષ પૂર્ણ થયું છે. આ સંજોગોમાં સોમવારે જ કેન્દ્રીય કેબિનેટની બેઠક યોજાઈ હતી જેમાં એમએસએમઈ સેક્ટર અને ખેડૂતોને લઈ કેટલાક મોટા નિર્ણયો લેવાયા હતા. એક

અનુસંધાન પાના નં. ૬

લદ્દાખમાં ભારત-ચીન વચ્ચે તણાવ વધ્યો

ચાલાક ડ્રેગનની તૈયારીઃ તિબ્બતમાં રાતના અંધારામાં સેનાએ કર્યો યુદ્ધાભ્યાસ

રાતે ૧ વાગે પીએલએની સ્કાઉટ યુનિટે તાંગુલા પર્વત તરફ વધવાનું શરૂ કર્યું,માર્ચ દરમ્યાન ગાડીઓની લાઈટો બંધ રાખી નાઈટ વિઝન ડિવાઈસની મદદ લીધી

ન્યુ દિલ્હી

લદ્દાખમાં ભારત અને ચીનની સરહદ પર બંને દેશોની સેનાઓ છેલ્લા ઘણા દિવસોથી તૈનાત છે. ભારત અને ચીન વચ્ચેની આ તણાવપૂર્ણ સ્થિતિ પર દુનિયાની નજર છે. એક તરફ જ્યાં અમેરિકા ચીનથી તાકતની જગ્યાએ કૂટનીતિનો ઉપયોગ કરવાની અપીલ કરી રહ્યું છે. ત્યારે બીજી તરફ ચીન અડધી રાતે અંધારામાં યુદ્ધાભ્યાસ કરી રહ્યું છે. ચીનની પીપલ્સ લિબરેશન આર્મીની તિબ્બત મિલિટ્રી કમાન્ડે સોમવારે મોડી રાતે ૪,૭૦૦ મીટરની ઊંચાઈ પર સેના મોકલી અને મુશ્કેલ પરિસ્થિતિઓમાં પોતાની ક્ષમતાનું પરીક્ષણ કર્યું.

માહિતી મુજબ ચીનના એક અખબાર ગ્લોબલ ટાઈમ્સે આ યુદ્ધાભ્યાસની માહિતી આપી. રિપોર્ટમાં કહ્યું કે ભારત અને ચીનની સરહદ ઊંચાઈ પર છે અને બંને દેશોની સેનાઓ વચ્ચે અમુક 'ઘટનાઓ' ઘટી છે. જેના પછી બંને તરફથી સેનાની તૈનાતી કરવામાં આવી છે. આનાથી અંદાજ લગાવી શકાય છે કે ચીન તણાવના આ માહોલમાં એક પગલુ આગળ ચાલી તૈયારી કરી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકા આ વાત અંગે ચિંતા વ્યક્ત કરી ચૂક્યું છે કે ભારત નજીક સીમા પર ચીનનું આક્રમક વલણ 'ખતરનાક' છે.

ચીન સેન્ટ્રલ ટેલિવિઝન

અનુસંધાન પાના નં. ૬

દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા બે લાખને પાર, ૫૮૧૫ લોકોએ જીવ ગુમાવ્યા

અનલોક-૧ ઘાતક પૂરવાર થયુઃ ૨૪ કલાકમાં ૮૯૦૯ કેસ,૨૧૭ના મોત

૧૫ દિવસમાં જ કોરોનાના દર્દીઓની સંખ્યા એકમાંથી બે લાખ થઈ ગઈ, રિકવરી રેટ વધીને ૪૮.૦૭% થયો, દેશભરમાં કોરોના વાયરસના ૧૦૧૪૯૭ એક્ટિવ કેસ,સૌથી વધારે ૨૪૬૫ લોકોના મહારાષ્ટ્રમાં મોત

ન્યુ દિલ્હી

દેશમાં કોરોના અનલોક-૧ ઘાતક પુરવાર થઈ રહ્યું હોય તેમ લોકડાઉન-૪ બાદ અપાયેલી વધારાની છૂટછાટ સરકાર અને લોકો માટે જોખમકારક બની રહી હોય તેમ આજે બુધવારે સવારે પૂરા થયેલા ૨૪ કલાક દરમ્યાન ભારતમાં રેકોર્ડબ્રેક સમાન અત્યારસુધીમાં સૌથી વધારે ૮૯૦૯ જેટલા કેસો બહાર આવતાં ચાર-ચાર લોકડાઉન સફળ રહ્યાં કે કેમ તેવા સવાલો પણ થઈ રહ્યાં છે. કેમ કે છેલ્લાં ૫ દિવસમાં રોજેરોજ ૮- ૮ હજાર જેટલા કેસો બહાર આવ્યાં છે. માત્ર ૧૫ દિવસમાં જ કોરોનાના દર્દીઓની સંખ્યા એક લાખમાંથી બે લાખ થઈ ગઈ છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૨૧૭ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. દિલ્હીના ૫૮ એવા વિસ્તાર છે જે હવે કોરોના સંક્રમણથી સંપૂર્ણ મુક્ત થઈ ગયા છે.

વૈશ્વિક મહામારી કોરોના વાયરસનો આતંક ઘટવાની જગ્યાએ દિવસેને-દિવસે વધી જ રહ્યો છે. દેશમાં છેલ્લા બે મહિના કરતા પણ વધારે સમયથી લોકડાઉન લાગુ હોવા છતા પણ કોરોના વાયરસના સંક્રમણનો આંકડો બે લાખને પાર થઈ ગયો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે બુધવાર સુધીમાં દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને ૨,૦૭,૬૧૫ સુધી પહોંચી ગયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૮૯૦૯ નવા કેસ નોંધાયા છે.

અલબત્ત, ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સાજા થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૪૯ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૭૭૬ લોકો સાજા થયા છે. આ સાથે જ સાજા થયેલા લોકોની સંખ્યા વધીને ૧,૦૦,૩૦૩ સુધી પહોંચી ગયો છે.

જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૨૧૭ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૫૮૧૫ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે બુધવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૧૦૧૪૯૭

અનુસંધાન પાના નં. ૬

માત્ર ૪ કલાકમાં દિલ્હીથી અમૃતસર પહોંચાશે: ગડકરીએ નવા સંપર્ક માર્ગની જાહેરાત કરી

ન્યુ દિલ્હી

અત્યાર સુધી તમે ૪ કલાકમાં ફક્ત દિલ્હીથી ચંદીગઢ સુધી સફર કરી શકો છો. પરંતુ જો તમે કહો કે માત્ર આટલા જ કલાકમાં તમે દિલ્હીથી અમૃતસર જઈ શકો છો તો શું તમે વિશ્વાસ કરશો? લાંબા રસ્તાને જોતાં તેના પર વિશ્વાસ કરવો મુશ્કેલ છે પરંતુ આ વાત હવે સાચી સાબિત થવાની છે. જી હાં, હવે તમે માત્ર ૪ કલાકમાં જ દિલ્હીથી અમૃતસરનો રસ્તો કાપી શકશો.

કેન્દ્રીય રોડ પરિવહન તથા રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરીએ દિલ્હી-અમૃતસર એક્સપ્રેવે હેઠળ અમૃતસર સુધી નવા સંપર્ક માર્ગની જાહેરાત કરી છે. આ માર્ગ નાકોદર થી થઈને સુલ્તાનપુર લોધી, ગોઈંદવાલ સાહિબ, ખદૂર સાહિબ થઈને પસાર થશે. તેથી પંજાબના લોકોની લાંબા સમયથી ચાલી રહેલી માંગ પુરી થઈ શકશે. અમૃતસરથી ગુરદાસપુર માર્ગનો પણ પૂર્ણ વિકાસ કરવામાં આવશે અને તેને 'સિગ્નલ ફ્રી' કરવામાં આવશે. આ એક્સપ્રેસવે બનાવવાથી અમૃતસરથી દિલ્હી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ સુધીની યાત્રાનો સમય ઘટીને ચાર કલાક રહી જશે. અત્યારે તેમાં આઠ કલાક લાગે છે. પહેલા તબક્કાના એક્સપ્રેસ વે નિર્માણ પર ૨૫,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચનું અનુમાન છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે દિલ્હી-અ મૃ ત સ ર - ક ટ ર ા એક્સપ્રેસવેના ભાગના રૂપમાં અમૃતસર સુધી એક નવો માર્ગ બનાવવામાં આવશે. આ માર્ગ નાકોદરથી થઈને સુલ્તાનપુર લોધી, ગોઈંદવાલ સાહિબ, ખદૂર સાહિબ થઈને પસાર થશે. તેમણે કહ્યું કે પ્રસ્તાવિત એક્સપ્રેસ-વે પાંચ ગુરૂઓ સાથે જોડાયેલા શહેરોને જોડશે.

બ્રિટનમાં ભારતના આગામી રાજદૂત તરીકે ગાયત્રી ઈસ્સર કુમારની વરણી

ન્યુ દિલ્હી

ગાયત્રી ઈસ્સર કુમાર યુનાઈટેડ કિંગ્ડમમાં ભારતના આગલા હાઈ કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તે વર્તમાનમાં બેલ્જિયમ, લક્સમબર્ગના ભવ્ય ડર્ચા અને યુરોપીય સંઘ માટે ભારતના રાજદૂત છે. ૧૯૮૬ બેચના ભારતીય વિદેશ સેવા અધિકારી ગાયત્રી યુકેમાં ભારતના વર્તમાન રાજદૂત રુચિ ઘનશ્યામની જગ્યા લેશે.

ઉલ્લેખનીય છે કે ભારતીય વિદેશ મંત્રાલયે ભારતીય વિદેશ સેવાના વરિષ્ઠ અધિકારી ગાયત્રી ઈસ્સર કુમારને ગઈ ૧૩ જૂન ૨૦૧૭ના રોજ કિંગડમ ઑફ બેલ્જિયમમાં ભારતના રાજદૂત નિયુક્ત કરવામાં આવ્યા હતા. ગાયત્રી ઈસ્સર કુમાર વર્તમાનમાં બેલ્જિયમમાં ભારતના રાજદૂત છે અને તેમને વર્ષ ૨૦૧૭માં લક્સબર્મના ગ્રાન્ડ ડચી અને યુરોપીય સંઘના રાજદૂત તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

સીપીઈસી હેઠળ નિર્માણ કામને ઝડપી બનાવ્યુ

ભારતનો વિરોધ છતાં ચીને પીઓકેમાં વીજળી પરિયોજનાને લીલી ઝંડી આપી

ન્યુ દિલ્હી

લદ્દાખની સરહદ પર ભારત અને ચીનની સેનાઓ વચ્ચે તણાવની સ્થિતિ યથાવત છે. ચીન સરહદ પર સતત અલગ-અલગ ગતિવિધિ કરી રહ્યું છે. ત્યારે હવે એવી માહિતી મળી છે કે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર(પીઓકે) માં ભારતના વિરોધ છતા પણ ચીન અબજો ડોલરની સીપીઈસી હેઠળ નિર્માણ કામને ઝડપી બનાવી રહ્યું છે.

એક મીડિયા રિપોર્ટ મુજબ ચીને સીપીઈસી હેઠળ પીઓકેમાં ૧૧૨૪ મેગાવોટની એક વીજળી પરિયોજનાને લીલી ઝંડી આપી છે. રિપોર્ટ પ્રમાણે કોહાલા હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટની વિગતો સોમવારે પાકિસ્તાનના ઉર્જામંત્રી ઉમર અયૂબની અધ્યક્ષતાવાળી પ્રાઈવેટ પાવર એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બોર્ડની ૧૨૭મી બેઠક દરમિયાન રજૂ કરવામાં આવી. બેઠકમાં જણાવ્યું કે ચીન અને પાકિસ્તાને આર્થિક કોરિડોર(સીપીઈસી) હેઠળ ૧૧૨૪ મેગાવોટની કોહાલા હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ માટે એક ત્રિપક્ષીય સમજૂતી કરી છે. રિપોર્ટ પ્રમાણે આ સમજૂતી પર ચીનની થ્રી ગોર્જેજ કોર્પોરેશન, પીઓકેના અધિકારી અને પીપીઆઈબીએ હસ્તાક્ષર કર્યા છે. ઝેલમ નદી પર નિર્માણ થતા આ પ્રોજેક્ટ પર લગભગ ૨.૪ અબજ ડોલરનો ખર્ચ કરવામાં આવશે. માહિતી મુજબ પીઓકેમાં કાશ્મીર અને લદ્દાખના ગિલગિત-બાલ્ટિસ્તાનથી થઈ પસાર થતા ૩૦૦૦ કિલોમીટર લાંબા સીપીઈસીનું નિર્માણ ચીન અને પાકિસ્તાન મળીને કરી રહ્યા છે. આ હેઠળ ચીન શિનજિયાંગ રાજ્યને પાકિસ્તાનના ગ્વાદર પોર્ટથી રેલ, માર્ગ, પાઈપલાઈન અને ઓપ્ટિકલ ફાઈબર કેબલ નેટવર્કથી જોડવાની યોજના છે. ભારતે આ અંગે સતત વાંધો ઉઠાવ્યો છે અને તેની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન ગણાવ્યું છે.

આગામી અઠવાડિયે ભારતને અમેરિકા પાસેથી મળશે ૧૦૦ વેન્ટિલેટરની પહેલી ખેપ

વોશિંગ્ટન

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેઓ આગામી સપ્તાહે ભારતને બક્ષિસરૂપે આપવામાં આવેલા ૧૦૦ વેન્ટિલેટર્સની પહેલી ખેપ મોકલવા તૈયાર છે તેમ જણાવ્યું હતું. ડોનાલ્ડ ટ્રમ્પે કોન્ફરન્સ કોલ દરમિયાન વડાપ્રધાન મોદીને આ વાત જણાવી હતી અને વ્હાઈટ હાઉસે તેની પૃષ્ટિ કરી છે.

વ્હાઈટ હાઉસના અહેવાલ પ્રમાણે રાષ્ટ્રપતિ ટ્રમ્પે વડાપ્રધાન મોદી સાથે વાત કરી હતી અને બંને નેતાઓએ જી-૭ સમિટ, વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનમાં સુધારો, કોરોના વાયરસનું સંકટ અને ક્ષેત્રીય સુરક્ષા મુદ્દે ચર્ચા કરી હતી.

વ્હાઈટ હાઉસે રાષ્ટ્રપતિ ટ્રમ્પ અમેરિકા ભારતને ૧૦૦ ડોનેટેડ વેન્ટિલેટર્સની પહેલી ખેપ મોકલવા તૈયાર છે તેમ જણાવતી વખતે ખુશ હતા તેમ જાહેર કર્યું હતું. વાતચીત દરમિયાન ટ્રમ્પે મોદીને જી-૭ સંમેલન માટે આમંત્રણ આપ્યું હતું અને ભારતને તેમાં સામેલ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

વડાપ્રધાન મોદીએ પણ કોરોના પછીના સમયગાળામાં આ પ્રકારના મજબૂત સંગઠન(જી-૭)ની જરૂર છે તેમ જણાવ્યું હતું. તેમણે આ સંમેલનની સફળતા માટે અમેરિકા અને અન્ય દેશ સાથે મળીને કામ કરે તે પ્રસન્નતાનો વિષય છે તેમ જણાવ્યું હતું. સાથે જ તેમણે અમેરિકામાં પ્રવર્તમાન હિંસા અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને સ્થિતિ જલ્દી થાળે પડે તેવી આશા વ્યક્ત કરી હતી.

ઉલ્લેખનીય છે કે ટ્રમ્પે ગત ૧૬ મેના રોજ તેઓ ભારતને બક્ષિસરૂપે વેન્ટિલેટર્સ આપશે તેમ જાહેર કર્યું હતું અને ટ્વિટમાં તેનો ઉલ્લેખ કરી તેઓ ૨૦૦ વેન્ટિલેટર્સ આપી શકે છે તેમ જણાવ્યું હતું.

અમેરિકામાં ૧૪૦ શહેરોમાં વિરોધ-પ્રદર્શનઃ ૧૭ હજાર સૈનિકો તૈનાત કરાયા

વોશિંગ્ટન

કોરોના વાયરસ મહામારીની વચ્ચે અશ્વેત નાગરિક જોર્જ ફ્લોયડના મોત બાદ અમેરિકમાં હિંસા ભડકી ઉઠી છે. અમેરિકામાં લગભગ ૧૪૦ શહેરોમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. હિંસાને ધ્યાનમાં રાખીને ટ્રમ્પે દેશના ૨૪ રાજ્યોમાં લગભગ ૧૭,૦૦૦ સૈનિકોને તહેનાત કરી દીધા છે.

આ વચ્ચે વ્હાઈટ હાઉસે જણાવ્યું કે, હિંસા, લૂંટ, અરાજકતા અને નુકસાનને ચલાવી લેવામાં નહીં આવે. વ્હાઈટ હાઉસના પ્રેસ સચિવ કૈલી મૈકનૈનીએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિએ સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે, અમે અમેરિકાના રોડ પર જે થઈ રહ્યું તે જોઈ રહ્યા છે અને તે મંજૂર નથી. આ ગુનાહિત કૃત્ય પ્રદર્શન નથી અને નતો અભિવ્યક્તિ છે. આ માત્ર ગુનો છે જે નિર્દોષ અમેરિકાના નગારિકોને નુકસાન પહોંચાડી રહ્યા છે. પ્રેસ સચિવે જણાવ્યું છે કે, ૨૪ રાજ્યોમાં નેશનલ ગાર્ડના લગભગ ૧૭,૦૦૦ સૈનિકોને તહેનાત કરવામાં આવ્યા છે. કુલ ૩,૫૦,૦૦૦ નેશનલ ગાર્ડ ઉપલબ્ધ છે અને હિંસાને રોકવા માટે પગલા લેવામાં આવશે. દેશમાં ગવર્નરો માટે કાર્યવાહી કરશે. તેમણે રાજ્યમાં નેશનલ ગાર્ડ તહેનાત કરવા જોઈએ કેમકે આ અમેરિકાના સમાજને બચાવવા માટે જરૂરી છે.

મંદી વચ્ચે દેશભરમાં ખાંડના ઉત્પાદનમાં ઉછાળો

મેના અંત સુધીમાં દેશમાં શેરડીનું ઉત્પાદન વિક્રમજનક ૨૬૮.૨૧ લાખન ટન થયુ

ન્યુ દિલ્હી

લોકડાઉનથી અર્થવ્યવસ્થા બરબાદ થઈ ગઈ છે ઘણા ક્ષેત્રોને ભારે નુકસાન થયું છે, પરંતુ શેરડીના ઉત્પાદનમાં ધરખમ ઉછાળો થયો છે ખડૂતો અને વેપારીઓ મીઠાશ વધારવાનું કામ રંગ લાવ્યુ છે. મેના અંત સુધીમાં દેશમાં શેરડીનું ઉત્પાદન ૨૬૮.૨૧ લાખ ટન થયું હતું, જે અપેક્ષા કરતા વધારે છે.

નોંધપાત્ર વાત એ છે કે લોકડાઉનની વચ્ચે પણ શેરડી મિલ જેવા કેટલાક ઉદ્યોગો કાર્યરત રહ્યા. શેરડીના પીલાણમાં હજી ૧૮ સુગર મિલો કશિંગ કરી રહી છે. દેશમાં ખાનગી સુગર મિલોની સર્વોચ્ચ સંસ્થા ઈન્ડિયન સુગર મિલ્સ એસોસિએશન (ઈસ્મા) એ મંગળવારે જણાવ્યું હતું કે આ વર્ષની શેરડી પિલાણની સીઝનમાં ૨૦૧૯-૨૦ (ઓક્ટોબર-સપ્ટેમ્બર) ખાંડનું ઉત્પાદન ૨૭૦ લાખ ટન થઈ શકે છે. અગાઉ ઈસ્માએ ચાલુ વર્ષે ૨૬૫ લાખ ટન ખાંડનું ઉત્પાદન કરવાનો અંદાજ બહાર પાડ્યો હતો. જો કે આ અનુમાન એક વર્ષ પહેલા કરતા ૬ મિલિયન ટન અથવા ૧૮ ટકા ઓછો છે.

ખરેખર, લોકડાઉન વચ્ચે ખાંડના વધુ સારા ઉત્પાદન માટેનું કારણ એ છે કે દેશના સૌથી મોટા ઉત્પાદક રાજ્ય, ઉત્તર પ્રદેશના ગોળ અને ખાંડસારી ઉત્પાદકોનું કામ બંધ હતું આને કારણે શેરડી સંપૂર્ણ રીતે સુગર ક્રિશિંગ મિલોમાં જઈ રહી હતી.

ગત વર્ષના સમાન સમયગાળાની તુલનામાં દેશના ખાંડના સૌથી મોટા ઉત્પાદક ઉત્તર પ્રદેશમાં ૩૧ મે સુધીમાં ૧૨૫.૪૬ લાખ ટન ખાંડનું ઉત્પાદન થયું છે. ૬.૬૫ લાખ ટનના વધારાની સાથે સાથે રાજ્યમાં અત્યાર સુધીમાં રેકોર્ડ ઉત્પાદન થયું છે. ઉત્તર પ્રદેશમાં ૧૪ સુગર મિલો હજી કાર્યરત છે જ્યારે દેશભરની ૧૮ મિલોમાં ઉત્પાદન ચાલુ છે.

INX મીડિયા કેસ

ઈડીએ ચિદમ્બરમ અને તેના પુત્ર સામે દાખલ કરી પ્રથમ ચાર્જશીટ

ન્યુ દિલ્હી

દેશના પૂર્વ નાંણા પ્રધાન અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી.ચિદમ્બરમની મુશ્કેલી વધી છે. આઈએનએક્સ મીડિયા કેસની તપાસ કરી રહેલ ઈડીએ સમગ્ર મામલે ચાર્જશીટ દાખલ કરી છે, આ ચાર્જશીટમાં ચિદમ્બરમનું પણ નામ છે.

ઈડીએ પી.ચિદમ્બરમની સાથે તેમના પુત્ર કીર્તિ ચિદમ્બરમને પણ સમગ્ર મામલે આરોપી બનાવ્યો છે. ચાર્જશીટમાં પી.ચિદમ્બરમ અને તેના પુત્ર સિવાય અન્યને પણ આરોપી બનાવવામાં આવ્યા છે. ઈડીએ પી.ચિદમ્બરમની ધરપકડ કરી હતી. પી.ચિદમ્બરમ ૧૦૬ દિવસ સુધી તિહાળ જેલમાં રહ્યા હતા.

સીબીઆઈએ ૧૫મી મે, ૨૦૧૭ના દિવસે આઈએનએક્સ મીડિયા સામે કેસ દાખલ કર્યો હતો.કંપનીને વિદેશી રોકાણની મંજૂરી આપવામાં ગેરરીતિ આચરવામાં આવી હોવાનો આરોપ છે. આઈએનએક્સ મીડિયામાં ૩૦૫ કરોડ વિદેશી રોકાણની મંજૂરી આપવામાં આવી હતી અને તે સમયે ચિદમ્બરમ નાણાપ્રધાન હતા.

એશિયાના સૌથી મોંઘા તલાક, રાતો-રાત અબજોપતિ બની ગઈ મહિલા

બેઈજિંગ

તલાક પછી કોઈ પણ સુખી પરિવાર તબાહ થઈ જાય છે પણ તલાકે એક મહિલાના ભાગ્યને ખોલી દીધો છે. મહિલાએ ફક્ત અમીર નથી બની પણ સાથે સાથે એશિયાની સૌથી અમીર મહિલાની યાદીમાં સામેલ પણ થઈ ગઈ.

ચીનની વેક્સિન બનાવતી કંપની શંઝેન કંગટાઈ બાયોલોજિકલ પ્રોડક્ટના ચેરમેન ડ્યૂ વેઈમિને તેની પત્નીથી તલાક લીધા છે. વળતર તરીકે તેણે પત્ની યુઆન લિપિંગને કંપનીના ૧૬.૧૩ કરોડ શેર આપ્યા છે. આ શેર પછી લિપિંગ એશિયાની સૌથી અમીર મહિલાઓની યાદીમાં સામેલ થઈ ગઈ છે. શેર બાજારમાં આ શેરની કિંમત ૨૪ હજાર કરોડ રૂપિયા છે. જ્યારે ડ્યૂની કુલ સંપત્તિમાં ભારે ઘટાડો નોંધાયો છે. તેની સંપત્તિ હવે લગભગ ૩.૧ અબજ ડોલર એટલે ૨૩,૨૫૦ કરોડ રૂપિયા રહી ગઈ છે.

મીડિયા રિપોર્ટ મુજબ, ૫૬ વર્ષીય ડ્યૂ વેઈમિનનો જન્મ ચીનના જિયાંગ્શી પ્રાંતના એક ખેડૂત પરિવારમાં થયો હતો. તેણે એક બાયોટેક કંપનીમાં સેલ્સ મેનેજર તરીકે નોકરી કરી હતી. તે પછી તેણે ૨૦૦૪માં બાયોટેક કંપની મિનહાઈની સ્થાપના કરી હતી. ૨૦૦૯માં કંગટાઈ નામની એક કંપનીએ મિનહાઈને પોતાના હસ્તગત કરી. ડ્યૂના તલાક પછી તેની પત્ની કરોડપતિ બની ગઈ છે. આ તલાકને ચીનના સૌથી મોંઘા તલાક માનવામાં આવી રહ્યા છે. જોકે, વિશ્વનો સૌથી મોંઘો તલાક વિશ્વના સૌથી અમીર વ્યક્તિ જેફ બેજોસના થયા હતા. તેનાથી તેની પત્નિ મૈકેંજીને ૨.૬૨ લાખ કરોડ રૂપિયા મળ્યા હતા.

આઠ જૂન બાદ મર્યાદિત સંખ્યામાં ચારધામ યાત્રા શરૂ થશે

દહેરાદૂન

કોરોના મહામારી વચ્ચે લોકડાઉન ૫.૦માં ધાર્મિક સ્થળો ખોલવાની પરવાનગી મળ્યા બાદ, ઉત્તરાખંડ સરકાર રાજ્યમાં પર્યટન અને ધાર્મિક પ્રવૃત્તિઓ શરૂ કરવાની તૈયારી કરી રહી છે. હવે રાજ્ય સરકારે ચારધામ યાત્રા શરૂ કરવાની તૈયારી શરૂ કરી દીધી છે. ૮ જૂન પછી સરકાર મર્યાદિત સંખ્યામાં ચારધામ યાત્રા શરૂ કરશે.

જો કે, શરૂઆતમાં માત્ર રાજ્યના લોકોને જ મુસાફરી કરવાની મંજૂરી આપવામાં આવશે. બીજા રાઉન્ડમાં બીજા રાજ્યોનામુસાફરોની યાત્રા શરૂ કરાશે. જાહેર કરાયેલા નિવેદન મુજબ ચારધામ યાત્રા શરૂ કરવામાં આવશે. પરંતુ પ્રવાસ મર્યાદિત સંખ્યાથી શરૂ થશે.

અન્ય રાજ્યોથી બસો ચલાવવાની મંજૂરી ચારધામ યાત્રા પ્રવાસીઓ અને અન્ય રાજ્યોના યાત્રિકો માટે ખોલવામાં આવશે. અન્ય રાજ્યોના પરસ્પર કરાર બાદ જ બસો ચલાવવાનો નિર્ણય લેવામાં આવશે. કોરોના રોગચાળાને કારણે, પ્રખ્યાત ધામ ગંગોત્રી, યમુનોત્રી, કેદારનાથ, બદ્રીનાથના કપાટ ખોલ્યા પછી જ યાત્રાનું સંચાલન સંપૂર્ણપણે બંધ થઈ ગયું છે.

ઉત્તરાખંડમાં બદ્રીનાથ ધામના દરવાજા લાંબા શીતાવકાશ પછી ૧૫ મેના ખોલવામાં આવ્યા હતા. પરંતુ આ પ્રસંગે લોકડાઉન થવાને કારણે બદ્રીનાથમાં કોઈ હાજર નહોતું. માત્ર ગણતરીના દર્શનાર્થીઓ દ્વારા મંદિરમાંપ્રવેશ અપાયો હતો. જ્યારે ગયા વર્ષે કપાટ ખોલ્યા બાદ પ્રથમ દિવસમાં આશરે ૧૦,૦૦૦ ભક્તો આવ્યા હતા અને મંદિરની મુલાકાત લીધી હતી. જો કે આ વખતે કોરોના અને લોકડાઉનના કારણે દર્શનાર્થીઓની સંખ્યા ઘટશે.

ચીની સૈનિકો ભારતમાં ઘુસ્યા કે નહી સ્પષ્ટ કરે સરકાર: રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી

પૂર્વી લદ્દાખમાં એલએસીને લઈને ભારત અને ચીન વચ્ચે સતત ઘર્ષણ થયાના સમાચાર મળી રહ્યા છે. આ દરમિયાન કોંગ્રેસ પાર્ટીના નેતા રાહુલ ગાંધીએ ભારત સરકાર પર નિશાન સાધ્યું છે. લદ્દાખમાં ચીની સૈનિકોની કથિત ઘૂસણખોરી સંબંધિત અહેવાલોની પૃષ્ઠભૂમિમાં, રાહુલ ગાંધીએ બુધવારે સવાલ કર્યો કે શું સરકાર આ વાતની પુષ્ટિ કરી શકે છે? એવું કહેવામાં આવી રહ્યું છે કે ચીન અને ભારતના ઉચ્ચ સૈન્ય અધિકારીઓ એલએસી પરના વિવાદ વચ્ચે તેને હલ કરવાનો પ્રયાસ કરશે.

ચીન અને ભારત વચ્ચેના ટોચના સૈન્ય અધિકારીની વાતચીતમાં એક સમાચાર વહેંચતા રાહુલ ગાંધીએ બુધવારે મોદી સરકારને એવો સવાલ પૂછ્યો કે શું ભારત સરકાર પુષ્ટિ આપી શકે છે કે કોઈ પણ ચીની સૈન્ય ભારતીય સીમામાં પ્રવેશ્યું નથી. આ પહેલા રાહુલ ગાંધીએ ૨૯ મેના રોજ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા કે, ચીન સાથે સરહદની સ્થિતિ અંગે સરકારની મૌન સંકટ સમયે ભારે અટકળો અને અનિશ્ચિતતાને વેગ આપે છે. ભારત સરકારે સ્પષ્ટતા કરવી જોઈએ અને ભારતને કહેવું જોઈએ કે ખરેખર શું થઈ રહ્યું છે.

વર-વધૂએ લગ્નમાં માસ્ક ન પહેરતાં હાઈકોર્ટે ફટકાર્યો ૧૦ હજારનો દંડ..!!

ચંડીગઢ

વર-વધૂને લગ્ન દરમિયાન માસ્ક ન પહેરવું ભારે પડી ગયું છે. પંજાબ-હરિયાણા હાઈકોર્ટે તેમને ૧૦ હજારનો દડં ફટકાર્યો છે. લગ્નમાં સામેલ લોકોને પણ કોર્ટે દડં ફટકાર્યો છે. આ દડં દ્ુ હ ા - દ્ુ હ ન ને હોશિયારપુરના ડેપ્યુટી કમિશનર સમક્ષ ૧૫ દિવસની અંદર જમા કરાવવાનો રહેશે. સાથે સાથે કોર્ટે હોશિયારપુરના ડે.કમિશનરને દંડની આ રકમમાંથી માસ્કની ખરીદી કરવા આદેશ આપ્યો છે. અરજીકર્તા દુલ્હા-દુલ્હને હાઈકોર્ટમાં સુરક્ષા માટે દ્વાર ખટખટાવ્યા હતા. યારે કોર્ટે બન્નેના લગ્નનો ફોટો જોયો તો તેમાં માસ્ક પહેરેલું દેખાયું નહોતું.

હોશિયારપુરમાં રહેતાં નવયુગલે અરજીમાં કહ્યું હતું કે બન્નેએ પરિવારની ઈચ્છા વિરુદ્ધ લગ્ન કર્યા છે. આવામાં તેમને ડર છે કે બન્નેને અલગ કરવા માટે શામ-દામ-દંડ-ભેદની નીતિ અપનાવાશે. જાન-માલની સુરક્ષાને લઈને ૨૩ મેએ ફરિયાદ નોંધાવાઈ હતી પરંતુ કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નહોતી તેથી હવે હાઈકોર્ટના દ્વાર ખટખાવાયા છે.

સુનાવણી દરમિયાન હાઈકોર્ટના ધ્યાન પર આવ્યું કે વિવાહ સમારોહની તસવીરોમાં દુલ્હા-દુલ્હન અને અન્ય લોકોએ માસ્ક પહેયુ નથી. કોર્ટે કહ્યું કે કોરોનાને કારણે માસ્ક જરૂરી છે એટલા દડં ફટકારવો પણ જરૂરી છે. અરજી પ્રેમવિવાહ બાદ સુરક્ષાને લઈને દાખલ કરાઈ હતી. હાઈકોર્ટે એસએસપીને આદેશ આપ્યો કે આ યુગલને કોઈ પ્રકારનું નુકસાન ન પહોંચે તે જોવાનું જવાબદારી તમારી રહેશે.

બંધારણમાંથી ઈન્ડિયા શબ્દ દૂર કરવાની માંગ કરતી અરજીમાં દખલ કરવાનો સુપ્રિમનો ઈંકાર

ન્યુ દિલ્હી

દેશની સુપ્રીમ કોર્ટે બંધારણમાંથી ઈન્ડિયા શબ્દ દૂર કરવાની માંગ કરતી અરજી મુદ્દે દખલ કરવાની મનાઈ કરી દીધી છે. કોર્ટના કહેવા પ્રમાણે અરજીને સરકાર પાસે રિપ્રેઝન્ટેશન તરીકે માની શકાય અને કેન્દ્રને મેમોરેન્ડમ આપી શકાય. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (સીજેઆઈ) એસએ બોબડેના કહેવા પ્રમાણે બંધારણમાં પહેલેથી જ ભારત નામ કહેવાયું છે માટે તેઓ આ મુદ્દે આગળ ન વધી શકે. અરજીકર્તાએ કરેલી દલીલ પ્રમાણે બંધારણના અનુચ્છેદ ૧માં સંશોધન કરીને ઈન્ડિયા શબ્દ દૂર કરવામાં આવે. અનુચ્છેદ ૧માં ભારત અર્થાત ઈન્ડિયા રાજ્યોનો સંઘ હશે તેમ કહેવાયું છે. તેના બદલે સંશોધન કરીને ઈન્ડિયા શબ્દ દૂર કરી તેના સ્થાને ભારત કે હિંદુસ્તાન કરવા માંગ છે. દેશને મૂળ અથવા પ્રામાણિક નામ ભારતથી જ માન્યતા અપાવી જોઈએ. અરજીકર્તાના કહેવા પ્રમાણે ઈન્ડિયા શબ્દ ગુલામીની નિશાની છે અને આ કારણે જ તેના સ્થાને ભારત કે હિંદુસ્તાન શબ્દનો ઉપયોગ થવો જોઈએ. અંગ્રેજી નામ દૂર કરવું ભલે પ્રતીકાત્મક હશે પરંતુ તે આપણી રાષ્ટ્રીયતા અને ખાસ કરીને ભાવિ પેઢીમાં ગર્વનો બોધ ભરનારૂં હશે.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ડ્રો 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

જવાબદારી વધી ગઇ

જમ્મુ કાશ્મીરમાં કોરોના વાયરસના દોરમાં સ્થિતીને સામાન્ય બનાવવા માટે તમામ મોટા નેતાઓ સક્રિય બને તે જરૂરી છે. આના માટે તેમના સ્થાનિક સોર્સનો ઉપયોગ સ્થાનિક નેતાઓ કરીને સુરક્ષા દળોની મદદ કરી શકે છે. રાજ્યમાં શાંતિ સ્થાપિત કરવવાની બાબત સર્વોચ્ચ પ્રાથમિકતામાં રહે તે જરૂરીછે. ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ એકપછી એક પગલા મોદી સરકાર દ્વારા સતત લેવામાં આવી રહ્યા છે. થોડાક સમય પહેલા નેશનલ કોન્ફરન્સના નેતા અને જમ્મુ કાશ્મીરના સૌથી મોટા લીડર તરીકે ગણાતા ફારૂખ અબ્દુલ્લાને મુક્ત કરવામાં આવી ચુક્યા છે. તેમની મુક્તિ બાદ લોકશાહી સ્થાપના માટેની દિશામાં વધુ પગલા લેવાની દિશામાં નવી પહેલ થઇ ગઇ છે. નજર કેદમાં રાખવામાં આવેલા અન્ય નેતાઓને પણ છોડવાની માંગ થઇ રહી છે ત્યારે કેન્દ્ર સરકાર વિશ્વાસ નિર્માણની દિશામાં આગળ વધી રહી છે તે બાબત તો દેખાઇ રહી છે. તમામ રાજકીય પંડિતો પણ માને છે કે સ્થાનિક નેતાઓ અને લોકોને વિશ્વાસનિર્માણની પ્રક્રિયામાં સામેલ કર્યા વગર દરેક બાબત શક્ય દેખાતી નથી. કલમ ૩૭૦ની નાબુદી બાદ આ ઐતિહાસિક અને સાહસી નિર્ણય બાદ જવાબદારી પણ મોટી આવી ગઇ છે. જેટલો મોટો નિર્ણય છે તેટલી જ મોટી જવાબદારી પણ આવી ગઇ છે. પૂર્વાગ્રહને છોડીને સીધી રીતે ઉશ્કેરણી કરતા લોકોને નિયંત્રણમાં રાખવાની જરૂર છે. આવા લોકોથી સામાન્ય લોકોને પણ રક્ષણ આપવાની જરૂર છે. સાથે સાથે સામાન્ય લોકોને કોઇ અસર ન થાય તે જરૂરી છે. કલમ ૩૭૦ની નાબુદી બાદ તેમની પ્રગતિના રસ્તા ખુલી જશે તે બાબત લોકો સુધી સરળ રીતે પહોંચાડી દેવાની જરૂર છે. રસ્તો ભુલી ગયેલા યુવાનોને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે તેમના માટે પણ અસરકારક પગલા લેવાની જરૂર દેખાઇ રહી છે. સામાન્ય જનજીવન માટે સરકાર સક્રિય દેખાઇ રહી છે. આના સંકેત પણ મળી રહ્યા છે. જો કે હજુ વધારે ધ્યાન આપવાની જરૂર છે. ભાષાના ઉપયોગને લઇને પણ સાવધાની રાખવી પડશે. કાશ્મીર ભારતના મસ્તક તરીકે છે. આના માથાને ઉપર રાખવા માટેના પ્રયાસ પણ કરવા પડશે.કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ જમ્મુ કાશ્મીરમાં જનજીવનને પાટા પર લાવવા માટેના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રાજ્યના લોકોમાં આત્મવિશ્વાસ જગાવવા માટેના તમામ પ્રયાસો કરવાની જવાબદારી ટોપ અધિકારીઓને સોંપવામાં આવી છે. કલમ ૩૭૦નો નાબુદ કરવામાં આવ્યા બાદ ત્રાસવાદીઓની ઘુસણખોરીને રોકવા માટેના પણ તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આમાં તો સફળતા મળી છે. લોકશાહી સ્થાપના કરવાની પણ વધારે જરૂર દેખાઇ રહી છે. કાશ્મીરમાં હાલમાં જનજીવનને પાટા પર લાવવા માટેના તમામ પ્રયાસો ચાલી રહ્યા છે. ખીણમાં સુરક્ષા અભૂતપૂર્વ રાખવામાં આવી છે. ત્રાસવાદના કારણે વિકાસની દોડમાં પાછળ રહી ગયેલા કાશ્મીરના ઝડપી વિકાસ માટે હવે સતત પગલા લેવાના રહેશે. કેન્દ્ર સરકારને પણ સાબિતી આપી દેવી પડશે કે તે કલમ ૩૭૦ને દુર કરવામાં આવ્યા બાદ તે રાજ્યના સર્વાગી વિકાસ માટે કેટલી ગંભીર છે.

સ્થાનિક નેતાઓએ સોર્સનો ઉપયોગ કરીને હિંસા રોકવા માટેની પહેલ કરવી જોઇએ

લાંબા સમય બાદ ઘર માટે શોપિંગ કરતી વેળા સાવધાની જરૂરી

ખરીદી વેળા કોરોનાથી આ રીતે બચો

કોરોનાના કારણે થયેલા લોકડાઉન બાદ હવે ફરી એકવાર અનલોક-૧ની શરૂઆત થઇ ચુકી છે. બે મહિના બાદ પ્રથમ વખત રાહત આપવામાં આવી રહી છે. સરકાર ઇચ્છે છે કે લોકોને તેમની જરૂરિયાતની ચીજો મળી શકે. જરૂરી નિયમોને પાળીને હવે લોકો આગળ વધે તે જરૂરી છે. દેશવ્યાપી સ્વસ્થ રહે તે જરૂરી છે. જો તમે શોપિંગ કરવા માટે જઇ રહ્યા છો તો તમને કેટલીક બાબતોની કાળજી રાખવામાં આવે તે જરૂરી છે. કોરોનાના ફેલાનાને ધ્યાનમાં લઇને કેટલીક સાવધાની જરૂરીછે. સતત વધતા જતા કેસો વચ્ચે હાલમાં જો સાવધાનીમાં લાપરવાહી કરવામાં આવે તો મુશ્કેલી થઇ શકે છે. હાલના સમયમાં કપડા, જ્વેલરી, કોસ્મેટિક અથવા તો ડેકોરેટિવ વસ્તુઓને ખરીદવાથી બચવાની જરૂરછે. ડેકોરેટિવ આઇટમ ખરીદવાથી હાલમાં બચવાની જરૂર છે. જો કે રસોડાની ચીજો એવી છે જેની અવગણના કરી શકાય તેમ નથી. કિરાણાની ચીજો તો ખરીદવાની જરૂર છે. જરૂરની ચીજો ખરીદતી વેળા તમામને કિરાણા સ્ટોર, ગ્રોસરી સ્ટોર અને શોપ્સ પર જવાની ફરજ પડે છે. આ તમામ ચીજો ખરીદતી વેળા કોઇ સ્ટોર પર જતી વેળા કેટલીક સાવધાની રાખી શકાય છે. બાસ્કેટ અને કાર્ટસને સ્પર્શ કરવામાં ન આવે તે જરૂરી છે. જ્યારે પણ સામાન લેવા માટે સ્ટોરમાં જઇએ ત્યારે ત્યાં રાખવામાં આવેલી ચીજોને લઇને સાવધાની જરૂરી છે. જ્યારે પણ ખરીદી માટે પહોચો ત્યારે ત્યાં મુકવામાં આવેલી શોપિગ બાસ્કેટ્સ અને કાર્ટસનો ઉપયોગ કરવાથી બચી શકાય છે. ઘરેથી જ પોતાના શોપિગ બેંગ લઇને પહોંચો તે જરૂરી છે. જો તમે મોટી ચીજ ખરીદવા માટે ઇચ્છુક છો તો તમે શોપિગ બાસ્કેટનો ઉપયોગ કરવાના પ્રયાસ કરવા



કોરોના વાયરસના કારણે થયેલા લોકડાઉન બાદ હવે ઢીલ આપવામાં આવી રહી છે : જરૂરી નિયમોને પાળવામાં આવે તે જરૂરી

જોઇએ નહીં. તમે કાર્ટને સેકન્ડ ઓપ્શન તરીકે પસંદ કરી શકો છો. શક્ય હોય તો તેના હેન્ડલને હાથ લગાવતા પહેલા સેનિટાઇઝ કરી લેવામાં આવે તે જરૂરી છે. બાસ્કેટને કેમ સ્પર્શ કરવુ જોઇએ નહીં. હવ ાપને આ સવાલ થઇ રહ્યો હશે કે આખરે શોપિગ સેન્ટર અથવા તો ગ્રોસરી સેન્ટરમાં રાખવામાં આવેલા કાર્ટને સ્પર્શ કરી શકીએ છીએ તો બાસ્કેટનો ઉપયોગ કેમ કરવો જોઇએ નહીં. આનુ કારણ એ છે કે બાસ્કેટનો ઉપયોગ કરવામાં આવ્યા બાદ તેને યોગ્ય રીતે સેનેટાઇઝ કરવાની બાબત શક્ય હોતી નથી. દરરોજ બાસ્કેટના હેન્ડલને સેનિટાઇઝ કરવાની બાબત અથવા તો દરેક કસ્ટમરના ઉપયોગ કરવામાં આવ્યા બાદ તેને સેનેટાઇઝ કરવાની બાબત શક્ય હોતી નથી. આ બાબત કોફિણ ગ્રોસરી સ્ટોર મેનેજમેન્ટ માટે શક્ય હોતી નથી. જ્યારે કાર્ટના હેન્ડલને તો તમે જાતે સેનેટાઇઝ કરી શકો છો. સ્ટોરમાં જતી વેળા કેટલીક બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે તે જરૂરી છે. સ્ટોરમાં જતી વેળા તમે સાથે કાર્ડ અથવા તો ક્રેડિટ કાર્ડ લઇને જઇ રહ્યા છો તે બાબતને ધ્યાનમાં રાખવામાં આવે તે જરૂરીછે. શક્ય તેટલા ઓછા પ્રમાણમાં કેશમાં લેવડ દેવડ કરો. કાર્ડનો ઉપયોગ કરવાની બાબત વધારે ફાયદાકારક છે. માર્કેટ જતી પહેલા જરૂરી ચીજોની યાદી બનાવી લેવી જોઇએ. સાથે સાથે સ્ટોર રૂમમાં કાઉન્ટર પર ચીજોની ઉપલ્બ્ધતા જાણી લીધાબાદ જ આગળ વધવાના પ્રયાસ કરવા જોઇએ. આના કારણે કિંમતી સમયને બચાવી શકાય છે. સાથે સાથે બિનજરૂરી સંપર્કને પણ ટાળી શકો છો. સ્ટોરથી બહાર નિકળતી વેળા સૌથી પહેલા હાથ સેનિટાઇઝ કરવાની જરૂર હોય છે. જો આપના હાથમાં વાયરસ છે તો પણ તે આ રીતે દુર થઇ શકે છે. જો શક્ય હોય તો સ્ટોરની બહાર આવી ગયા બાદ થોડાક સમય માટે ખુલ્લી હવામાં શ્વાસ લેવાની બાબત ઉપયોગી હોય છે. પોતાને મેન્ટલી રિલેક્સ કરવાના પ્રયાસ કરવા જોઇએ. ગરમી વધારે છે જેથી પોતાની સાથે લાવવામાં આવેલા પાણીનો ઉપયોગ કરી શકાય છે. આના કારણે શરીરને હાઇડ્રેટ અને ઇમ્યુન રાખવામાં મદદ મળે છે. ઘરે આવી ગયા બાદ સૌથી પહેલા બેંગને ધોવા માટે નાંખી દેવાની જરૂર હોય છે. જેમાં સામાન લઇને આવ્યા છો. ત્યારબાદ હાથ સારી રીતે સાફ કરવાની જરૂર હોય છે. બહારથી લાવવામાં આવેલી તમામ ચીજોને આ રીતે સાફ કરી શકાય છે. તમામ ચીજોને સાફ કરવામાં આવ્યા બાદ સ્નાન જરૂરી છે.

જરૂરી ટિપ્સ : વજન ઘટાડી દેવામાં પણ મદદ મળી શકે છે

જંક ફુડની ક્રેવિગ આ રીતે દુર ભાગશે

જંક ફુડને લઇને યુવા પેઢી હમેંશા ઉત્સાહિત રહે છે. મોટા ભાગના લોકો હાલમાં જંક ફુડની ટેવ ધરાવે છે. જંક ફુડના કારણે અનેક પ્રકારની સમસ્યા શરીરને નડે છે. જેના કારણે સ્થુળતા સહિતની અનેક બિમારી ફેલાય છે. જો કેનિષ્ણાંતોો અને જાણકાર લોકો કહે છે કે કેટલાક ચોક્કસ પ્રકારના ફળ ખાવાથી જંક ફુડની ક્રેવિંગને દુર કરી શકાય છે અને વજનને પણ ઘટાડી શકાય છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે વજનને કમ કરવા આડે સૌથી મોટી સમસ્યા તો હમેંશા ક્રેવિંગ રહે છે. આને કન્ટ્રોલકરવા માટે દરેક વ્યક્તિની બસની વાત રહેતી નથી. દિવસ દરમિયાન જુદી જુદી ચીજો ખાવાની ઇચ્છા દરેક વ્યક્તિને થાય છે. ક્યારેય ગળ્યુ ખાવાની ઇચ્છા થાય છે તો ક્યારેય ફ્રેન્ચ ફાઇઝ ખાવાની ઇચ્છતા થાય છે. યુવા પેઢીના લોકો તો દરરોજ સોફ્ટ ડ્રિન્ક પણ પીવે છે. આ બાબતને સંપૂર્ણપણે નજર અંદાજ કરી નાંખે છે કે આ તમામ ચીજોની તેમના આરોગ્ય પર અસર કેવી થશે. ક્રેવિંગ એટલે કઇ ખાવાની ઇચ્છા કરવાની બાબત હોય છે. ક્રેવિંગને કન્ટ્રોલ કરવાની બાબત સામાન્ય રીતે સરળ નથી. આ એક ટેવ પડી જાય છે. જો તમે વજનને ઘટાડી દેવા માટે વિચારી રહ્યા છો તો આના કારણે મુશ્કેલી થઇ શકે છે. ક્રેવિંગને દુર કરવા માટે કેટલીક રીત રહેલી છે. આના માટે કેટલાક સમાધાન રહેલા છે. જંક ફુડ ખાવાની ટેવને દુર કરવામાં કેટલીક ટેવ અસર કરી શકે છે. જો જંક ફુડ ખાવાની ટેવને કોઇ હેલ્થી અને પૌષ્ટિક ચીજો ખાઇને તમે બદલી શકો છો તો આનાથી સારી બાબત કોઇ હોઇ શકે નહીં. જેથી સૌથી પહેલા તો પોતાના દિમાગના રિસેપ્ટિવ સેંસર્સને જંક ફુડથી નફરત કરવાનુ શિખવાડે છે. હવે અમે આપને એ ચીજનુ નામ આપવા જઇ રહ્યા છીએ જે ફુડ ક્રેવિંગને કન્ટ્રોલ કરવામાં મદદ કરે છે. સાથે સાથે ભુખને શાંત કરે છ. મેન્ટલ હેલ્થ નિષ્ણાંત ડોક્ટર



વજન ઘટાડી દેવા આડે સૌથી મોટી સમસ્યા ક્રેવિંગની હોય છે : આને કન્ટ્રોલ કરવાની બાબત દરેક માટે શક્ય હોતી નથી

લેસ્લી કોર્નના કહેવા મુજબ દરરોજ એક કિસમિસ ખાવાથી તમે પોતાની ક્રેવિંગને શાંત કરી શકો છો. આ સૌથી સરળ અને અસરકારક તરીકા તરીકે છે. આના કારણે વજન ઘટાડી દેવાની રૂટીન પર કોઇ અસર થનાર નથી. જો તમે કિમમિસના કારણે પોતાની જંક ફુડની ક્રેવિંગને શાંત કરવા માટે ઇચ્છો છો તો કિસમિસને ધીમે ધીમે ખાવાની જરૂર હોય છે. ધીમે ધીમે કિસમિસ ખાવાથી શરીર માઇન્ડફુલ ઇટિંગ પર ધ્યાન આપે છે. આના કારણે આપને શરીરની જરૂર સમજી શકાય છે. ડાયટ્રી જરૂરિયાતોની સાથે સાથે તાલમેલ બેસાડી દેવામાં તે મદદ કરે છે. જાણકાર લોકો કહે છે કે કિસમિસ અને સુખી દ્રાક્ષ ખાવાના કારણે કેટલીક રાહત મળે છે. દ્રાક્ષ અને કિસમિસમાં એનવા કેમિકલ હોય છે જે ક્રેવિગને ઘટાડી દેવામાં મદદ કરે છે. કિસમિસ ખાવા પર શરીરમાં કેમિકલ રિએક્શન શરૂ થાય છે. જે શ્વાસને ધીમી કરે છે. તેમાં શક્તિશાળી ન્યુરોટ્રાન્સમીટર પણ હોય છે. જે ભુખને સંતુલિત રાખી શકાય છે. તે પાચનને ધીમી કરીને સ્ટ્રેસ પર અસર કરે છે. જે ક્રેવિંગ માટે જવાબદાર હોઇ શકે છે. જો તમે ક્રેવિંગને શાંત કરવા માટે ઇચ્છો છો તો ધીમે ધીમે આ ચીજ ખુબ ધ્યાનથી ખાવાની જરૂર હોય છે. આ રીતે તમે પોતાના શરીરની જરૂરિયાતોને જાણી શકો છો. કિસમિસને માત્ર ચાવવાના બદલે તેનો આનંદ લેવામાં આવે તે જરૂરી છે. વેટ લોસના સ્નેક તરીકે પણ તમે કિસમિસનો ઉપયોગ કરી શકો છો. તેમાં કુદરતી રીતે શુગર અને વિટામિન હોય છે. તેના કારણે બ્લડ શુગરને કન્ટ્રોલ કરવામાં મદદ મળે છે. જંક ફુડના કારણે હાલમાં મોટા ભાગના લોકો પરેશાન રહે છે. જંક ફુડ વિવિધ રોગને આમંત્રણ આપે છે. જંક ફુડને લઇને વ્યાપક અભ્યાસ કરવામાં આવી ચુક્યા છે. તમામ પ્રકારના અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે છે કે જંરક ફુડ ભારે નુકસાન કરે છે. જંક ફુડને લઇને નિષ્ણાંતો અને તબીબો પણ કહે છે કે તે ખતરનાક છે. જો કે જંક ફુડ સાથે જોડાયેલી કંપનીઓ જુદી જુદી સ્વાદિષ્ટ ચીજો જંક ફુડ તરીકે રજૂ કરી રહી છે. જેના તરફ તમામ લોકો આકર્ષિત થઇ રહ્યા છે. જંક ફુડની ટેવથી મોટાભાગના માતાપિતા પણ પરેશાન રહે છે.

અમેરિકામાં જે થયું તે શું ભારતમાં થવું શક્ય છે ખરું.....? ના.. ભાઈ... ના....!

વિશ્વભરમા કોરોના વાયરસને કારણે વ્યાપી ગયેલી માનવ સહિત દરેક ક્ષેત્રમા વ્યાપ્ત તબાહીને કારણે વિશ્વના મોટા ભાગના દેશો આજે પણ પરેશાન છે. તો એક પણ દેશ કોરોના મારક દવા કે રસી શોધી શક્યો નથી....! આમ છતાં છ જેટલા દેશોએ દવા શોધી કાઢી હોવાના દાવા કર્યા છે... પરંતુ પરિણામ આજદિન સુધી નજરે પડયું નથી....! તે પણ હકીકત છે. જો કે ભારતમાં ગુજરાત રાજ્યના સંશોધકોએ કોરોના અંશ સૂત્રો શોધી કાઢવાનો દાવો કર્યો છે અને જાહેર કરેલા દાવા મુજબ ૧૩૧ કોરોના અંશ સૂત્રો શોધી કાઢ્યા.... પરંતુ હજુ સુધી કોરોના મારક દવા કે રસી શોધી શકાઈ નથી.....!? છતાં આયુર્વેદ સફળતા મળી છે....! તો પંચગવ્ય આયુર્વેદ સેવામાં પણ થોડા અંશે સફળતા મળી છે. વિશ્વભરમાં કોરોના કહેર વચ્ચે મોટા ભાગના દેશોએ પોતપોતાના અર્થતંત્રને વેગ આપવાના જોરદાર પ્રયત્નો શરૂ કરી દીધા છે... અને તે પણ કોરોના સાથે જીવવાનો મંત્ર સાકાર કરીને....! ભારતમાં કોરોના સંક્રમિતોની સંખ્યા બે લાખને આંબી ગઇ છે. પરંતુ મૃતાંક દર ઓછો રહ્યો છે જે એક સારી બાબત છે. અને ભારતમાં લાંબા સમયના lockdown બાદ ધીરે ધીરે દરેક ક્ષેત્રને ધમધમતું કરવા માટે lockdown ને નવા નામથી "અનલોક" ની શરતોને આધીન ઉદ્યોગો, વેપાર, ધંધા, રોજગાર શરૂ કરવા માટે શરતોને આધિન છૂટછાટ આપી છે. અને એ કારણે દેશભરના કન્ટેઈનમેન્ટ વિસ્તારો છોડી મોટાભાગના ધંધા-રોજગાર, વેપાર, ઉદ્યોગ વગેરે ધીરી ગતિએ શરૂ થઈ ગયા છે. લોકોમાં એક નવી આશાની શરૂઆત થઈ છે... પરંતુ હવે અનલોક શરતોના કારણે ગ્રાહકોમાં મોટો ફેરફાર આવી ગયો છે. આ બધું છતાં છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં ૮ હજારથી વધુ નવા કેસો નોંધાયા છે. તો મૃતાક ૨૫૦ તરફ આગળ વધી ગયો છે. જ્યારે કે ગુજરાતમાં કોરોનાએ ડેરા તંબુ નાખ્યા હોય તેમ છેલ્લા ૨૪ કલાકમાં ૪૨૯ કેસ નોંધાયા છે અને આજ સુધીમાં કુલ ૧૭,૬૪૭ કેસ નોંધાયા છે. જ્યારે કે મૃતાક ૧૦૯૩ પર પહોંચી ગયો છે. ખાસ તો રાજ્યભરમાં અમદાવાદની હાલત વધુ ખરાબ બનવા તરફ જઈ રહી છે.અનલોક ની છૂટછાટ બાદ બીજા દિવસે નવા ૨૮૬ કેસ નોંધાયા છે.. અને ૨૬ ના મૃત્યુ થયા છે જેને કારણે આમ પ્રજામાં ડરનો માહોલ વધાર્યો છે....! મોટાભાગના લોકો અનલોક શરતોનું પાલન કરી રહ્યા છે... પરંતુ કોરોના પોતાનો પંજો ફેલાવતો આગળ વધી રહ્યો છે..... તે એક હકીકત છે.....!?

ભારતમાં સૌથી મોટી તકલીફ એ રહી છે કે કોરોના જેવી મહામારીમા પણ રાજકીય ક્ષેત્રે આક્ષેપો પ્રતિ આક્ષેપો કરવાનું બંધ થતું નથી....! તો લોકશાહીમાં સાચી વાત રજૂ કરવાનો દરેકને અધિકાર છે. પરંતુ સત્તાધારીઓ સાચી વાત સહન કરી શકતા નથી.....!? પછી તે ભાજપા હોય કે કોંગ્રેસ કે પછી કોઈ પણ પક્ષના હોય... ખરેખર તો લોક-ટોકામાં થી સત્તાધારીઓને તેમ જ તંત્ર વાહકોને ઘણું બધુ જાણવા મળે છે અને તેના કારણે જરૂરી પગલાં પણ લઈ શકાય છે... પરંતુ હવેનો સમય ખરેખર લોકશાહીનું સ્વરૂપ સમજ્યા વગર નો કે સમજણ વગરની બની રહ્યો છે.....!! જે લોકશાહી માટે આફત નોતરનારો બની શકે છે.....!? લોકશાહી દેશ અમેરિકાનો તાજો દાખલો છે કે ત્યાંના રાષ્ટ્રપતિ ટ્રમ્પે કરેલી ભુલને કારણે ત્યાંના હ્યુસ્ટનના પોલીસ વડા ટીકા કરવાની સાથે ટ્રમ્પને મૌન રહેવા તાકીદ કરી શકે છે જે લોકશાહીનું સાચું સ્વરૂપ છે. અમેરિકામાં જ્ઞાતિ-જાતિ કે કોમને મહત્વ નથી હોતું પરંતુ અન્યાય સામે ન્યાય માટે દરેક લોકો એક સાથે મેદાનમાં ઉતરી આવે છે. અને ભારતમાં અત્યારના સમયમાં આમાંનું કઈ જ નથી તેમ કહેવું અતિશયોક્તિ નથી.....!? હાલના સમયે વિસ્તારવાદી ચીન વિશ્વમાં પોતાનો આર્થિક પગદંડો જમાવવા દરેક પ્રકારની રીત રસમ અપનાવી રહ્યું છે. તો સામે વિશ્વ સ્તરે લોકો ડોલરના વહેવાર સિવાય કોઈ પણ ચલણનો વહેવાર માન્ય રાખવા તૈયાર નથી... પરિણામે ચીન ઘાયુ થયું છે એટલે પડોશી દેશોમાં વિવિધ ઉબાડીયા કર્યો જ કરે છે જેથી વિશ્વનુ ધ્યાન તેના પર રહે અને કોરોનાનુ દોષારોપણ ભુલે...પરંતુ ચીનની દરેક ચાલ ખુલ્લી પડી જાય છે.....!

ગુજરાતમાં પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ રાજ્યભરમાં દારૂબંધી હટાવવાનું અભિયાન શરૂ કરી દેતા અનેક રાજકારણીઓના ભવા ખેચાયા છે. ત્યારેજ અણચિતવ્યુ શંકરસિહે એનસીપી પક્ષ છોડી દીધો છે કે પછી તેમને પડતા મૂકવામાં આવ્યા છે....! તેના કારણે રાજકીય ક્ષેત્રે અનેકોમા ચિંતા પેઠી છે....! કારણકે શંકરસિહ કોંગ્રેસમાં જશે કે ભાજપમાં કે પછી કોઈ નવું તીર છોડશે....?તેવી હવા વચ્ચે રાજકીય પંડિતોના કહેવા અનુસાર હાલમાં કે નજીકમાં ધારાસભાની ચૂંટણીઓ નથી પરંતુ શંકરસિંહની નજર ગ્રામ્ય ચૂંટણીનો પર હોઈ શકે છે..... જેમાં પંચાયતો, જીલ્લા પંચાયતો, નગરપાલિકાઓની ચૂંટણીઓ આવી રહી છે. એટલે હવે ગ્રામ્ય સ્તરેથી જ પોતાનો ચોકો મજબૂત કરી શકે ....! અને કદાચ આ કારણે ભાજપા કે કોંગ્રેસ સાથે સોદાબાજી કરી શકે....! છતાંય શંકરસિંહ ભાજપા અને કોંગ્રેસ બન્નેથી દાઝેલા છે...! એટલે તેઓ પોતાના ચોકો જ મજબૂત કરશે..... કારણ કે ગુજરાતમાં દારૂબંધી હટાવવાની બાબતે બહુમત લોકો તેમની સાથે રહી શકે તેવી શક્યતા વધુ છે....! છતાય.... આ તો ગાંધીનું ગુજરાત છે....!

અન લોકડાઉન- ૧ ની છૂટછાટ કોરોના ફેલાવાને મદદરૂપ તો નહીં બનેને.....?

કોરોના વાયરસે વિશ્વભરમાં કેર વરસાવવાનું ચાલુ રાખ્યું છે. ૬૬ લાખ ૮૦ હજાર લોકોને કોરોનાગ્રસ્ત કરવા તરફ આગળ વધી રહ્યો છે. જ્યારે કે ૩,૭૯,૯૨૩ લોકોના મૃત્યુ થયા છે. ભારતમાં ૧લાખ ૯૫ હજાર ઉપર કોરોના સંક્રમિતોની સંખ્યા પહોંચી ગઈ છે. તો મૃતાંક ૫૪૬૫ પર પહોંચી ગયો છે. જોકે મેડિકલ ટ્રીટમેન્ટને કારણે ૯૪ હજાર જેટલા દર્દીઓ સાજા થયા છે. ગુજરાતમાં અન લોકડાઉન-૧ જાહેર કરવામાં આવ્યું તેમાં જરકરી હોટસ્પોટ વિસ્તારોમા લોકડાઉન નિયમોનો ચુસ્તપણે અમલ શરૂ કરીને સમગ્ર રાજ્યના વિવિધ ઉદ્યોગો, વેપાર-ધંધા માટે છુટછાટ આપીને ધમધમતા કરી દીધા છે. તો હોસ્પિટલોમાં મેડિકલ ટ્રીટમેન્ટ અંગે પૂરતા પ્રમાણમાં વ્યવસ્થા કરી દેવામાં આવી છે.... આમ છતાં કોરોના અટકવાનું નામ લેતો નથી. છેલ્લા ૨૪ કલાકમાં ૪૩૮ નવા કેસ નોંધાયા છે. જેમાં અમદાવાદ ખાતે ૨૯૯ નોંધાયા છે તો ૩૧ વ્યક્તિના મૃત્યુ થયા છે. રાજ્યમાં કુલ ૧૭, ૨૧૭ કેસ નોંધાયા છે અને મૃતાક ૧૦૬૩ પર પહોંચી ગયો છે. અમદાવાદમાં કુલ ૧૨૫૧૬ કેસ નોંધાયા છે... તો મૃતાક ૮૭૩ પર પહોંચી ગયો છે... ટૂંકમાં એક વાત સ્વષ્ટ રહી છે કે lockdown સમયમાં કોરોના સાથે લોકોએ કેવી રીતે રહેવું તેનું ટ્યુશન આપવામાં આવ્યું હતું. જે ગઈકાલે unlock down જાહેર કર્યા પછી પૂરું થયું છે... અને હવે સાચા અર્થમાં લોકોની પરીક્ષા શરૂ થઈ છે... તેમાં પ્રથમ દિવસે જ ૪૩૮ નવા કેસ નોંધાયા છે, અને ૩૧ વ્યક્તિના મૃત્યુ થયા છે. ત્યારે નવું છૂટછાટ આપતુ નવા નામથી અન લોકડાઉન-૧ શરૂ થતા અનેક વિસ્તારોમાં લોકો ખરીદી કરવા, નોકરી જવા નીકળી પડ્યા તેમાં ડિસ્ટન્સ જાળવવાના ધજીયા ઉડી ગયા હતા. અનેકોથી જાણે-અજાણે distance નિયમોનો ભંગ થયો હતો....! જો કે કેટલાક અબુધો કે મહા મૂર્ખાઓ મોઢે માસ્ક બાંધવાથી દૂર રહ્યા હતા. ખાસ કરીને શાકમાર્કેટ કે શાક બકાલા વેચનારા પાસે distance નો સદંતર અભાવ દેખાઈ રહ્યો હતો... ત્યારે કોરોના તકની રાહ જોઈને ફરતો જ રહે છે તે વાત સૌ કોઈ સમજે તે દરેકના હિતમાં છે.....!નહી તો તજજ્ઞોની ચેતવણી સાચી થવાની સંભાવના વધી પડી શકે.....!!

લોકોએ કોરોના સાથે જીવવાનું આત્મબળ મજબૂત બનાવી લીધું છે. મોટા ભાગના વેપાર ધંધાના તમામ બજારો ખુલી ગયા છે... પરંતુ અનેક દુકાનોમાં ચીજ વસ્તુઓનો અભાવ છે. આજે બીજા દિવસે પણ અનેક દુકાનો, ધંધાઓ બંધ જોવા મળ્યા હતા.... પરંતુ છૂટછાટ મળતા બેરોજગારો, મજૂરો, ગરીબોને રોજગારી મળવાનુ શરૂ થઈ ગયુ છે. તો બીજી તરફ અનેકોને નોકરી ગુમાવવી પડી છે.....! કારણકે ઉત્પાદન એકમોમાં પરપ્રાંતીઓ મૂળ ઉત્પાદન સ્થાન પર કામ કરતા હતા તેઓ વતન જતા રહેતા ઉત્પાદન અટકી ગયું છે કે ઘટી ગયું છે....અને તેની અસર દેખાવાની શરૂઆત થઈ ગઈ છે.....! તો કેટલાક નાના મોટા કારખાનેદારોએ આઠ કલાક ડ્યુટીના સીધા બાર કલાક કરી નાખતા કામદારોમાં રોષ ભભુકતો ધરબાયેલો રહ્યો છે. જો કે જે તે રાજ્યોએ નવા ઉદ્યોગો લાવવા કે શરૂ કરવા લેબર લો માં ફેરફાર કર્યો છે.જે ભવિષ્ય કામદારો અને કારખાના-ઉદ્યોગ માલિકોને આમને-સામને લડાવી મારશે તે નિશ્ચિત લાગે છે.....! જે તે રાજ્યોએ લેબર લો માં સુધારા વધારા કર્યા છે..... ત્યારે સેન્ટર ફોર મોનિટરિંગ ઇન્ડિયન ઈકોનોમી દ્વારા જે અહેવાલ બહાર આવ્યો છે તે અનુસાર દેશભરમાં બેરોજગારીનો દર ૨૪ ટકાને પાર કરી ગયો છે.... મતલબ સૌથી ખરાબ સ્થિતિએ પહોંચી ગયો છે. જ્યારે કે ગ્રામ્ય સ્તરે મજૂરીનો અભાવ છે છતાં પણ ખેતી કામને કારણે અને સહાયરૂપ થવાની સંસ્કૃતિ અને સંસ્કારને કારણે વ્યવહારિક અસર ઓછી દેખાય છે. તો મનરેગાને કારણે ગ્રામ્ય સ્તરે રાહત જરૂર થઈ છે. છતાં પણ બેરોજગારીનો રાક્ષસ ક્યારે જડબુ ફાડે અને તેમાં પણ લેબર લો માં કરેલ આકરા સુધારો ક્યારે વરવું સ્વરૂપ ધારણ કરે તે કોઈ કહી શકે તેમ નથી.....!? અને ત્યારે જે તે સરકારે લેબર લો માટે જે કંઈ ફેરફાર કર્યા હોય તેમા ઉડા ઉતરી વૈશ્વિક શ્રમજીવી બંધારણનો ભંગ નથી થતોને....? તે તરફ ધ્યાન આપે તે સમયની માંગ છે.....!? વંદે માતરમ્

કોરોના સંકટઃ ચાલુ વર્ષમાં છ કરોડ લોકો ગરીબ બનશેઃ વર્લ્ડ બેંક

વિશ્વ બેંકે તમામ દેશોને કોરોનાથી થનારા આર્થિક નુકસાનથી બચવા સૂચનો આપ્યા

જિનિવા

વિશ્વ બેંકે તમામ દેશોને લાંબાગાળાની વૃદ્ધિને પ્રોત્સાહન આપવા બૃહદ નીતિઓ અપનાવવા સૂચન કર્યું છે. સાથે જ કોરોના વાયરસના સંકટ વચ્ચે સ્વાસ્થ્ય સંબંધી મુશ્કેલીઓનો સામનો કરવા ટૂંકા ગાળાના ઉપાયો પણ જરૂરી હોવાનું જણાવ્યું છે. એક તરફ ૨૦૨૦ના ચાલુ વર્ષમાં છ કરોડ લોકો અત્યંત ગરીબીમાં આવી જશે તેવા સંકેતો જણાઈ રહ્યા છે ત્યારે વિશ્વ બેંકનું આ નિવેદન સામે આવ્યું છે.

વિશ્વ બેંક સમૂહના અધ્યક્ષ ડેવિડ માલપાસે જણાવ્યું કે, જે ઝડપથી કોરોના મહામારી પ્રસરી અને તેના કારણે અર્થતંત્ર બંધ કરવામાં આવ્યા તેથી સમગ્ર વિશ્વના ગરીબોની હાલત કફોડી થઈ છે તે આધુનિક સમય માટે ખૂબ જ અસાધારણ સ્થિતિ છે. તેમણે પોતાના પ્રમુખ રિપોર્ટના વિશ્લેષણનું અધ્યયન કરતી વખતે કોન્ફરન્સ કોલમાં જણાવ્યું કે, વર્તમાન અનુમાન પ્રમાણે ૨૦૨૦માં છ કરોડ લોકો ખૂબ જ ગરીબ બની જશે. જોકે, આ અનુમાનમાં વધારો થાય તેવી આશંકા છે.

અભ્યાસ પ્રમાણે કોરોના વાયરસ મહામારી અને અર્થવ્યવસ્થા બંધ હોવાથી વૈશ્વિક અર્થતંત્રને અને ખાસ કરીને ગરીબ દેશોને ભારે મોટો ઝાટકો લાગ્યો છે. આ સ્વાસ્થ્ય સંકટનો ખરાબ સમય વીત્યા બાદ હવે વિકાસશીલ દેશો અને આંતરરાષ્ટ્રીય સમૂદાયે અર્થતંત્રને ગતિમાન કરવા પગલાં ભરવા જોઈએ.

માલપાસે જણાવ્યું કે, આજે આપણે જે નીતિગત વિકલ્પ પસંદ કરવાનો છે તેમાં રોકાણને આકર્ષિત કરવા લોનમાં વધુ પારદર્શિતા, ડિજિટલ સંપર્ક માટે ઝડપથી આગળ વધવું અને ગરીબો માટે રોકડની સુરક્ષા જાળને વધુ વિસ્તરીત કરવી તેનો સમાવેશ થાય છે. તેનાથી આપણે નુકસાન ઘટાડી શકીશું અને અર્થતંત્રને મજબૂતાઈથી આગળ લાવી શકીશું.

માણસ બન્યો રાક્ષસ

ગર્ભવતી હાથણીને ફટાકડા ભરેલુ પાઈનેપલ ખવડાવ્યુ, અંતે મોતને ભેટી

તિરુવનંતપુરમ્

કેરાલામાં એક ગર્ભવતી હાથણીને વિસ્ફટકો ભરેલુ પાઈનેપલ ખવડાવીને તેનુ મોત નીપજાવવામાં આવ્યુ હોવાનો કિસ્સો સામે આવ્યા બાદ આખો દેશ હચમચી ગયો છે.

આ કિસ્સો સોશ્યલ મીડિયા પર પણ એટલો જ વાયરલ થઈ રહ્યો છે.લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે, કોઈ આટલુ બરહેમ અને જંગલી કેવી રીતે બની શકે...આપણે ખરેખર માણસ કહેવડાવાને લાયક છે ખરા...

કેરાલાના મલ્લાપુરમના એક ફોરેસ્ટ ઓફિસરે સોશ્યલ મીડિયા પર આ દર્દનાક કિસ્સાને સૌથી પહેલા વાચા આપી હતી.જંગલમાં રહેતી હાથણી ખોરાકની શોધમાં નજીકના ગામમાં પહોંચી ગઈ હતી.

રસ્તા પર ભટકતી વખતે આ ગર્ભવતી હાથણીને કેટલાક નરપિશાચોએ ફટાકડા ભરેલુ પાઈનેપલ ખવડાવ્યુ હતુ.માણસો પર વિશ્વાસ રાખવાની ભૂલ કરનાર આ મૂંગા પ્રાણીએ જેવુ પાઈનપલ ખાવાનુ શરુ કર્યુ કે તરત અંદરના ફટાકડા ફાટતા તેના મોઢા અને સૂંઢમાં ભારે ઈજાઓ થઈ હતી.

ગર્ભવતી હાથણી ઈજાથી પરેશાન થઈને દર્દથી ચિસો પાડતી ભટકતી રહી હતી.જોકે આમ છતા તેણે કોઈને નુકસાન પહોંચાડ્યુ નહોતુ.આખરે નજીકના વેલ્લિયાર નદીના પાણીમાં દર્દથી છુટકારો મેળવવા માટે ઉભી રહી ગઈ હતી.

ફોરેસ્ટ વિભાગના અધિકારીઓને આ વાતની ખબર પડી ત્યારે તેઓ બે હાથીઓને નદી સુધી લઈ ગયા હતા.જેમને જોઈને કદાચ હાથણી બહાર આવે.જોકે આ હાથણી આમ છતા બહાર આવી નહોતી. ૨૭ મેના રોજ સાંજે ચાર વાગ્યે તેણે અંતિમ શ્વાસ લીધા હતા.તેની સાથે તેના પેટમાં આકાર લઈ રહેલા એક નાના જીવનુ પણ મોત થુ હતુ. નદીમાં ઉભી રહેલી આ લાચાર હાથણીના ફોટા સાથે લોકો સોશ્યલ મીડિયા પર પોતાનો આક્રોશ ઠાલવી રહ્યા છે.

આઈટી કંપની ઈન્ફોસિસના કરોડપતિ કર્મચારીઓની સંખ્યા વધીને ૭૪ થઈ

બેંગ્લુરુ

નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં આઈટી સર્વિસ આપતી દિગ્ગજ કંપની ઈન્ફોસિસના કરોડપતિ કર્મચારીઓની સંખ્યા વધીને ૭૪ થઈ ગઈ છે. એક વર્ષ પહેલા, કંપનીમાં કરોડપતિ કર્મચારીઓની સંખ્યા ૬૪ હતી. દરમિયાન, ઈન્ફોસીસના અધ્યક્ષ નંદન નીલેકણીએ તેમની સેવાઓ માટે સ્વેચ્છાએ કોઈ પગાર લીધો નથી.

આ કરોડપતિ કર્મચારીઓમાં મોટાભાગના વાઈસ પ્રેસિડન્ટ અને વરિષ્ઠ વાઈસ પ્રેસિડન્ટ સ્તરના લોકો છે. ઈન્ફોસિસના વાર્ષિક અહેવાલ મુજબ, આ અધિકારીઓના પગાર પેકેજમાં જંગી વધારો જોવા મળે છે કારણ કે શેરના રૂપમાં પ્રોત્સાહક મૂલ્ય તેમને પ્રાપ્ત થયું છે જેમાં નોંધપાત્ર વધારો થયો છે.

નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં કંપનીના કર્મચારીઓનો સરેરાશ પગાર વાર્ષિક ધોરણે ૧૦ ટકા વધીને ૬.૮ લાખ રૂપિયા થયો છે. પરંતુ ઈન્ફોસિસના સીઈઓ સલિલ પારેખ અને સીઓઓ યૂબી પ્રવીણ રાવનો પગાર આ સરેરાશથી અનુક્રમે ૫૦૨ અને ૧૫૫ ગણો છે. રીપોર્ટમાં જણાવાયું છે કે ઈન્ફોસીસના અધ્યક્ષ નંદન નીલેકણીએ તેમની સેવાઓ માટે સ્વેચ્છાએ કોઈ મહેનતાણું લીધું નથી. ગયા વર્ષે ઈન્ફોસીસ બોર્ડે તેના કર્મચારીઓને કરોડો રૂપિયાના શેર આપવાની યોજના આગળ મૂકી હતી. ઈન્ફોસિસના સીઈઓના પગારમાં ૩૯% વધારો થયો છે. આ સમયગાળા દરમિયાન, ઈન્ફોસિસના સીઈઓ સલિલ પારેખનું પગાર પેકેજ ૨૦૧૯-૨૦માં લગભગ ૩૯% વધીને ૩૪.૨૭ કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે. ૨૦૧૮-૧૯માં પારેખનો પગાર ૨૪.૬૭ કરોડ રૂપિયા હતો. કંપનીના વાર્ષિક રીપોર્ટમાં જણાવાયું છે કે તેમનો કુલ પગાર રૂ. ૧૬.૮૫ કરોડ, શેરમાંથી ૧૭.૦૪ કરોડ અને ૩૮ લાખ રૂપિયા છે.

પંજાબ-હરિયાણા હાઈકોર્ટનો મહત્વનો ચુકાદો

પત્નીને ક્રૂર દેખાડવા માટે કોલ રેકોર્ડ કરવું એ પ્રાઈવસીનું હનન છે

ન્યુ દિલ્હી

પત્નીને ક્રૂર દેખાડવા માટે તેની જાણકારી વગર કોલ રેકોર્ડ કરવું એ પ્રાઈવસીનું હનન છે. જેને કોઈ પણ સંજોગોમાં પ્રોત્સાહિત કરવું જોઈએ બાળકની ધરપકડ અંગે દાખલ કરેલી અરજી પર સુનાવણી દરમિયાન પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે આ ચુકાદો આપ્યો. હાઈકોર્ટમાં દાખલ કરીને કરેલા પંચકુલા નિવાસી મહિલાએ જણાવ્યું કે પતિની સાથે તેનું વૈવાહિક વિવાદ ચાલી રહ્યું છે.

વિવાદ દરમ્યાન પતિ તેની ચાર વર્ષની પુત્રી લઈને ચાલ્યો ગયો. અરજીકર્તાએ કહ્યું કે એવું કરવું પ્રત્યક્ષ રીતે તેની પુત્રી સાથે ધરારથી સાથે રહેવું એના જેવું છે. તેઓએ જણાવ્યું કે પુત્રી જેની પાસે રહેશે તે અંગે ફેમિલી કોર્ટમાં કેસ વિચારાધીન છે. અરજીકર્તાએ સુનાવણી દરમ્યાન જણાવ્યું કે પતિ તેને ક્રૂર સાબિત કરવા માટે તેમના ફોન રેકોર્ડ કરે છે. તથા તેને પુરાવા તરીકે રજૂ કર્યા છે.

હાઈકોર્ટેએ વાત પર આશ્યર્ય થઈને કહ્યું કે કેવી રીતે કોઈ વ્યકિત કોઈની પ્રાઈવસીનો અધિકારનું હનન કરે છે. જીવનસાથીની સાથે ફોન પર કરવામાં આવેલી વાતચીતને કોઈ પણ મંજૂરી વગર રેકોર્ડ કરવું એ પ્રાઈવસીના અધિકારનું હનન છે. હાઈકોર્ટના રેકોર્ડિંગ કરીને કોર્ટે તેને પુરાવા તરીકે રજૂ કરતા પતિને ફટકાર લગાવી છે.

ચીનના સૈનિકો મોટી સંખ્યામાં ભારતીય સરહદમાં ઘુસ્યા

સરહદે ચીને સૈનિકોનો જમાવડો કર્યો હોવોનો રાજનાથનો સ્વીકાર

ન્યુ દિલ્હી

અત્યાર સુધી લડાખમાં ભારતનો હાથ ઉપર હોવાની વાત કરતી કેન્દ્ર સરકારે પહેલી વાર સત્તાવાર સ્વરૂપે સ્વીકાર્યુ છે કે, ચીનના સૈન્યએ ભારતીય વિસ્તારમાં ઘુસણખોરી કરી છે. એટલું જ નહીં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે એવો પણ એકરાર કર્યો છે કે, પૂર્વ લડાખમાં ચીનનાં સૈન્યની સાથે મોટી સંખ્યા ચીનના લોકો પણ આવી ગયા છે. પૂર્વ લડાખના સંવેદનશીલ મુદ્દે રાજનાથ સિંહે કહ્યું કે, જે વિસ્તારને ભારત પોતાનો માને છે, ત્યાં સુધી ચીનના સૈનિકો મોટી સંખ્યામાં આવી ઘુસી ગયા છે. તેઓ આ વિસ્તારને તેમનો માને છે. લડાખના આ વિસ્તારમાં પોતાનો દાવો મજબૂત કરવા ચીનના સૈનિકોએ પોતાની સાથે ચીનના લોકોને પણ ઘુસાડી દીધા છે. રાજનાથ સિંહે પહેલી વાર સત્તાવાર રીતે પુષ્ટિ કરી છે કે, વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી)ને ઓળંગીને પૂર્વ લડાખના પર્વતીય ક્ષેત્રની ભારતીય સરહદમાં ચીની સૈનિકો ઘુસી ગયા છે.

કોંગ્રેસના ટ્રમ્પ અને પીએમ મોદી પરની ટીપ્પણી પર પરેશ રાવલે રાહુલ ગાંધીને ગણાવ્યો કંકર

મુંબઈ

બોલિવૂડના દિગ્ગજ અભિનેતા પરેશ રાવલે ફિલ્મોમાં જે પણ પાત્ર ભજવ્યું હોય તેને જોઈને દર્શક કહે કે આ રોલ અન્ય કોઈ કરી જ ના શકે. તે પછી તે 'હેરાફેરી' ના બાબુ ભૈયા હોય કે 'તમન્ના'ના કિન્નર ટીક્કુ હોય, પરેશ રાવલે દરેક પાત્રમાં પોતાના અભિનયથી તેમા જાણે જીવંત કરી દીધો હોય. અભિનય પીચ પર ચોગ્ગા અને સિક્સર ફટકારનાર પરેશ રાવલ પણ રાજકારણના ક્ષેત્રમાં સારા ખેલાડી છે. તાજેતરમાં જ તેમણે કોંગ્રેસના એક ટ્વીટ પર જોરદાર પ્રતિક્રિયા આપી છે.

હકીકતમાં, અમેરિકામાં અશ્વેત જોર્જ ફ્લોઈડની હત્યાના વિરોધમાં થઈ રહેલા હિંસક પ્રદર્શનો વ્હાઈટ હાઉસ સુધી પહોંચી ગયા છે. એવી ખબર સામે આવી રહી છે કે વોશિંગ્ટનના ડીસીમાં શુક્રવારે રાતે વ્હાઈટ હાઉસની બહાર પ્રદર્શનકારીઓ એકઠા થવા પર રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને થોડાક સમય માટે એક બંકરમાં લઈ ગયા હતા.

આ મામલાને લઈને મધ્યપ્રદેશના કોંગ્રેસે એક ટ્વિટ કર્યું. પાર્ટીના આ ટ્વિટમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને મોદી સરકાર પર નિશાન સાધવાની કોશિશ કરી. આ ટ્વિટમાં કોંગ્રેસે લખ્યું, એક બંકરની નીચે છુપાઈ જાય છે તો એક એક્કરની પાછળ છુપાઈ જાય છે. કોંગ્રેસના આ ટ્વિટ પર પરેશ રાવલે પણ કોઈ કસર છોડી નહોતી. તેમણે ઈશારાઓમાં રાહુલ ગાંધી પર નિશાન સાધ્યું હતું. કોંગ્રેસના ટ્વીટનો જવાબ આપતા પરેશ રાવલે લખ્યું કે, 'આપ કા તો કંકર હે, ખુલા હી છોડ દો..

ટૂંક સમયમાં જેલમાં હશે વિજય માલ્યા, ભારત લાવવા માટે કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ

ન્યુ દિલ્હી

દેશને કરોડો રૂપિયાનો ચૂનો લગાડીને વિદેશ ભાગેલા વિજય માલ્યાને ટૂંક સમયમાં જ ભારત લાવવામાં આવી શકે છે. પ્રાપ્ત થયેલા અહેવાલ પ્રમાણે માલ્યાને ભારત લાવવાની તમામ કાનુની તમામ પ્રક્રિયા પુરી થઈ ચૂકી છે. ભારતમાં પ્રત્યાર્પણ ન થાય તે માટે માલ્યાએ ઘણા પ્રયાસ કર્યા. ઉલ્લેખનીય છે કે, પરંતુ લાંબી કાયદાકીય પ્રક્રિયા બાદ યુકેની સુપ્રીમકોર્ટમાં ૧૪મી મેના દિવસે હારી ગયો છે. હવે ભારતની તપાસ એજન્સી સીબીઆઈ અને ઈડીની ટીમ માલ્યાને બ્રિટનથી ભારત લાવવા કામે લાગી છે. ૧૪મી મેએ કેસ હાર્યા પછી ૨૮ દિવસમાં માલ્યાને ભારત લાવવાનો હતો. આપને જણાવી દઈએ કે, ૨૮ દિવસના સમયમાંથી ૨૨ દિવસ પસાર થઈ ચૂક્યા છે. એટલે કે હવે ગમે તે સમયે માલ્યાને ભારત લવાઈ શકે છે. માલ્યાએ અલગ અલગ ૧૭ બેંકો ૯ હજાર કરોડ રૂપિયાની લોન લીધી હતી. ત્યાર બાદ રૂપિયાની ચૂકવણી ન કરવી પડે તે માટે મે ૨૦૧૬માં માલ્યાએ ભારત છોડી દિધું હતું. અને ત્યારથી જ તેને વતન પરત લાવીને રૂપિયા વસુલવા માટે ભારતીય તપાસ એજન્સીઓ પ્રયાસ કરી રહી છે.

રવિશ કુમારની ફિનલેન્ડમાં રાજદૂત તરીકે નિમણૂંક

ન્યુ દિલ્હી

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રવિશ કુમારની ફિનલેન્ડમાં ભારતના આગામી રાજદૂત તરીકે નિમણૂક કરવામાં આવી છે. હાલમાં, તે વિદેશ મંત્રાલયમાં સંયુક્ત સચિવ છે. રવિશને એપ્રિલમાં પ્રવક્તાની જગ્યાએ સંયુક્ત સચિવની જવાબદારી સોંપવામાં આવી હતી. અનુરાગ શ્રીવાસ્તવ હાલમાં તેમની જગ્યાએ વિદેશ મંત્રાલયનો હવાલો સંભાળી રહ્યાં છે.

અગાઉ એવા અહેવાલો હતા કે રવિશકુમારને કોએશિયાના રાજદૂતની જવાબદારી કેન્દ્ર સરકાર આપી શકે છે. વર્ષ ૨૦૧૭ ના પ્રવક્તા, ૪૯ વર્ષના રવિશ કુમારને ૪ ઓગષ્ટ ૨૦૧૭ ના રોજ વિદેશ મંત્રાલયના પ્રવક્તાની જવાબદારી સોંપવામાં આવી હતી. તેમણે ગોપાલ બગલેની જગ્યા લીધી. યુરોપમાં રાજદૂતની જવાબદારી સરકાર ૪૯ વર્ષ જુના રવિશ કુમારને સોંપી શકે છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તાનું પદ લેતા પહેલા રવિશ કુમાર જર્મનીના ફ્રેંકફર્ટમાં કાઉન્સેલ જનરલ હતા. તે ૧૯૯૫ બેચના આઈએફએસ અધિકારી છે.

દિલ્હીમાં તોફાનોના પ્લાનિંગ માટે

આપના કાઉન્સિલર તાહિર હુસૈને ૧.૩૦ કરોડનો ખર્ચો કર્યો હતો

ન્યુ દિલ્હી

ફેબ્રુઆરી મહિનામાં દિલ્હીમાં થયેલા કોમી તોફાનોના મામલામાં પોલીસે આમ આદમી પાર્ટીના સસ્પેન્ડેડ કાઉન્સિલર તાહિર હુસૈન સહિત ૧૫ વ્યક્તિઓ સામે ચાર્જશીટ ફાઈલ કરી છે.

પોલીસે એવો સનસનીખેજ ખુલાસો કર્યો છે કે, તાહિર હુસેન તોફાનો વખતે પોતાના ઘરમાં જ અગાસી પર હતો. આ વિસ્તારમાં તેણે જ હિંસા ભડકાવી હતી.ા માટેનુ પ્લાનિંગ કરવા તેણે ૧.૩૦ કરોડ રુપિયા ખર્ચયા હતા. તોફાનો પહેલા તેણે સીએએ અને એનઆરસી સામે પ્રદર્શન કરી રહેલા લોકો સાથે વાતચીત કરી હતી. તેમાં જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના પૂર્વ વિદ્યાર્થી ઉમર ખાલીદનો પણ સમાવેશ થાય છે.

પોલીસે આરોપ મુક્યો છે કે, તોફાનો માટે પહેલેથી તૈયારીઓ કરી હતી.લોકો સાથે વાત કરીને નક્કી કરાયુ હતુ હતુ કે, જ્યારે અમેરિકન પ્રમુખ દિલ્હીની મુલાકાતે આવશે ત્યારે દિલ્હીમાં તોફાનો શરુ કરાશે.

મુંબઈમાં નિસર્ગ વાવાઝોડાને પગલે બોલિવૂડ સેલેબ્સે લોકોની સલામતી માટે કરી દુઆ

મુંબઇ

મુંબઈમાં વરસાદ વરસી રહ્યો છે. અહીંયા ચક્રવાત નિસર્ગ ટકરાવવાનું છે. જોકે, ચક્રવાતને લઈ પૂરતી તૈયારી કરવામાં આવી છે. બોલિવૂડ સેલેબ્સે ચાહકોને ઘરમાં રહેવાની તથા મ્સ્ઝ (બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન)ના નિયમોનું પાલન કરવાની અપીલ કરી છે. અક્ષય કુમારે વીડિયો શેર કર્યો હતો.

અક્ષયે વીડિયોમાં કહ્યું હતું, 'બહાર વરસાદ વરસી રહ્યો છે. દર વર્ષે આ સિઝનની રાહ જોતા હોઈએ છીએ પણ ૨૦૨૦ અલગ વર્ષ છે, વિચિત્ર વર્ષ છે. રહી રહીને હેરાન કરી રહ્યું છે. વરસાદની મજા પણ શાંતિથી લેવા નહીં દે. ઝરમર ઝરમર વરસાદની સાથે તોફાન પણ પાછળ પાછળ આવી ગયું. ભગવાનની આપણી પણ કૃપા રહી તો બની શકે કે સાઈક્લોન આવે જ નહીં અથવા તો સાઈક્લોનની સ્પીડ ઘટી જાય. જોકે, આવી પણ ગયું તો આપણે ડરીશું નહીં. આપણે અત્યારથી જ સુરક્ષાની તૈયારીઓમાં લાગી જઈશું. મ્સ્ઝએ લિસ્ટ તૈયાર રાખ્યું છે. આ નિયમોનું પાલન કરીશું અને તોફાનનો હિંમતથી સામનો કરીશું.' વધુમાં અક્ષયે સાવચેતી રાખવાનું કહ્યું છે. ઘરમાં જ રહેવાની અપીલ કરે છે.

પ્રિયંકા ચોપરાએ ટ્વીટ કરી હતી, મારા પ્રેમાળ હોમ સિટી મુંબઈ જ્યાં મારા ભાઈ તથા માતા સહિત ૨૦ મિલિયનથી વધુ લોકો રહે છે, તેમની પર સાઈક્લોન નિસર્ગનું જોખમ છે. મુંબઈએ ૧૮૯૧ પછી ક્યારેય આટલા ગંભીર ચક્રવાતનો અનુભવ કર્યો નથી. આ સમયે દુનિયા હતાશ છે અને ખાસ કરીને આ વિનાશકારી બની શકે છે.

માધુરીએ કહ્યું હતું, આજની સવારમાં કંઈક અજીબ શાંતિ છે. કદાચ આ તોફાન આવ્યા પહેલાંની શાંતિ છે. મહામારી ઓછી નહોતી કે હવે આ સાઈક્લોન પણ રસ્તામાં છે. મુંબઈ માટે આ મુશ્કેલ સમય છે. આપણે તેમાંથી બહાર આવવું પડશે. આ સાથે જ માધુરીએ ઝાડ તથા છોડની તસવીર શેર કરી હતી.

રવિના ટંડને પોતાની તસવીરો ઈન્સ્ટા પર શેર કરીને કહ્યું હતું, આત્મનિર્ભર ફોટો શૂટ, વાદળછાયું વાતાવરણ, ડેનિમ પહેર્યું, સાઈક્લોન નિસર્ગની રાહ જોઈએ છીએ. બેટરી ચાર્જ રાખો અને હાથવગી રાખો, આસપાસની ગટરોના ઢાંકણા ખુલ્લા રાખો, ફોનમાં કોઈ સારી મૂવી ડાઉનલોડ કરીને રાખો. આશા છે કે કોઈ પણ ઘટના વગર આ પસાર થઈ જાય. આપણે તમામ સલામત રહીએ. આશા છે કે કોઈ નુકસાન ના થાય. મુંબઈકર હંમેશા મદદ માટે તૈયાર છે પરંતુ હું પ્રાર્થના કરું છું કે આવી મદદની જરૂર ના પડે. તમામ સલામત રહે.

ટ્વિંકલ ખન્નાએ ઈન્સ્ટા પોસ્ટમાં કહ્યું હતું, એક કપ ચા, થોડો ઝરમર વરસાદ અને ચક્રવાત આવવાની રાહ જોઉં છું. આશા રાખું છું કે તે એકદમ આવીને ભેટી ના પડે. સલમાત રહો.

વિકી કૌશલ પોતાના ઘરની ગેલેરીમાં બેઠો છે, આ તસવીર શેર કરીને એક્ટરે કહ્યું હતું, આશા છે કે આ વરસાદ માત્ર રાહત તથા આનંદ આપે, બહુ નાટક ના કરે. બધા સલામત રહો.

અથિયા શેટ્ટીએ ટ્વિટર પર પોસ્ટ શેર કરીને તોફાન દરમિયાન રખડતાં પશુઓને પોતાના ઘરમાં, કોમ્પ્લેક્સમાં કે બંગલામાં આશરો આપવાની વિનંતી કરી હતી.

આલિયા ભટ્ટ, શ્રદ્ધા કપૂર, એશા ગુપ્તાએ ઈન્સ્ટા સ્ટોરીમાં મ્સ્ઝના નિયમોની યાદી શેર કરી હતી. શિલ્પા શેટ્ટીએ સાઈક્લોન નિસર્ગથી બચવા માટે સાવધાની રાખવાની અપીલ કરી હતી.

નીના ગુપ્તાએ વીડિયો મેસેજ શેર કરીને લોકોને સાવધ રહેવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું, મુંબઈ તથા ગોવા સહિતની એ તમામ જગ્યાએ જ્યાંથી તોફાન પસાર થવાનું છે, ત્યાં રહેતા લોકો સાવધાની રાખે. પોતાના ઘરના બારી-બારણાં બંધ રાખવા. પ્રાર્થના છે કે કોઈ પણ જાતના નુકસાન વગર તોફાન પસાર થઈ જાય.

અરબ સાગરમાં ઉઠેલું ડિપ ડિપ્રેશન મંગળવાર (૩ જૂન)ના રોજ ચક્રવાતી તોફાનમાં ફેરવાઈ ગયું હતું. આ તોફાનનું નામ નિર્સગ છે, જે ૧૩ કિમી/કલાકની ઝડપે મહારાષ્ટ્રના કાંઠા તરફ વધી રહ્યું છે. અનુમાન છે કે આ તોફાન બપોરે ૧ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા વચ્ચે મહારાષ્ટ્રમાં રાયગઢના હરિહરેશ્વર અને દમણ વચ્ચે ૧૧૦ કિમી/કલાકની ઝડપે ટકરાશે. મુંબઈ તો આ સદીના પહેલા મોટા તોફાનના સંકજામાં આવી રહ્યું છે.

શેરબજાર લીલા નિશાનમાં સેટલ: સેન્સેક્સમાં ૨૮૪ અંકની તેજી, નિફ્ટી ૧૦,૦૦૦ને પાર

મુંબઇ

બુધવારે સતત છઠ્ઠા દિવસે ઘરેલુ શેરબજાર વધીને બંધ આવ્યું છે. બીએસઈ પર બેંચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ દિવસભરની વધઘટ બાદ અંતિમ સેશનમાં ૨૮૪ અંક વધીને ૩૪,૧૦૯ નજીક જ્યારે નિફ્ટી ૫૦ આંક પણ ૮૨ પોઈન્ટ અથવા ૦.૮૩ ટકા ઉછળીને ૧૦,૦૦૦ને પાર ૧૦,૦૬૧ પર સેટલ થયા છે. આ પહેલા નિફ્ટી ત્રણ મહિનાની રેકોર્ડ સપાટીએ પહોંચ્યો હતો.

બેંક નિફ્ટીની વાત કરીએ તો આજે ઈન્ડેક્સ ૪૧૦ અંક ઉછળીને ૨૦,૯૪૦ નજીક બંધ આવ્યો છે. જ્યારે બીએસઈ પર મીડકેપ અને સ્મોલકેપ ઈન્ડેકસ અનુક્રમે ૦.૩૧ ટકા અને ૧.૨૪ ટકા વધીને સેટલ થયા છે. વિવિધ સેક્ટર્સની વાત કરીએ તો આજે બીએસઈ પર મેટલ, ઓટો, રિયાલિટી, પાવર સહિત લગભગ તમામ સેક્ટર્સ ગ્રીન ઝોનમાં બંધ આવ્યા છે. મીડિયા રિપોર્ટ મુજબ આજે બીએસઈ પર લગભગ ૧,૬૩૯ શેર્સમાં તેજી અને ૮૪૪ શેર્સમાં મંદી જોવા મળી છે. જ્યારે ૧૩૧ શેર્સ ફેરફાર વગર રહ્યા છે. ચલણની વાત કરીએ તો બુધવારે અમેરિકી ડોલર સામે રૂપિયો ૩૨ પૈસા મજબૂત થઈને ૭૫.૦૪ પર આવ્યો હતો. પરંતુ હાલ ગગડીને ૭૫.૪૬ પર છે. જ્યારે આ પહેલા મંગળવારે ડોલર સામે રૂપિયો ૭૫.૩૬ પર બંધ આવ્યો હતો.

વિરોધ પ્રદર્શનને કેમેરામાં કેપ્ચર કરવા બદલ ક્યૂસેક પર પોલીસ હુમલો

જોન ક્યૂસેકે ટ્વિટર પર પોસ્ટ કર્યું હતું કે, તે શિકાગોમાં વિરોધ પ્રદર્શનને કેમેરામાં કેપ્ચર કરી રહ્યો હતો ત્યારે શિકાગો પોલીસ દ્વારા તેના પર અટેક કરવામાં આવ્યો હતો. ક્યૂસેકની ફિલ્મ્સમાં 'બેટર ઓફ ડેડ' અને 'હાઈ ફિડાલિટી એન્ડ લવ એન્ડ મર્સી' સામેલ છે. તે અમેરિકામાં જ્યોર્જ ફ્લોઈડના પોલીસ કસ્ટડીમાં મોતના પગલે થઈ રહેલા વિરોધ પ્રદર્શનને કેમેરામાં કેપ્ચર કરી રહ્યો હતો. ક્યૂસેકે ટ્વિટર પર લખ્યું હતું કે, 'સળગતી કારનું હું શૂટિંગ કરી રહ્યો હતો એ કોપ્સને ના ગમ્યું. એટલે તેઓ ડંડા સાથે મારી તરફ ધસી આવ્યા. મારી બાઈકને મારવા લાગ્યા.'

આલિયા ભટ્ટએ શરૂ કર્યું ઈટર્નલ સનશાઈન નામનું પ્રોડક્શન હાઉસ

ઈન્ડસ્ટ્રીની અન્ય એક્ટ્રેસની જેમ આલિયા ભટ્ટે પણ પ્રોડક્શનમાં એન્ટ્રી લીધી છે. એક્ટ્રેસ, સિંગર બાદ હવે તે પ્રોડ્યુસર પણ બનવા જઈ રહી છે. આલિયા ભટ્ટે ઈટર્નલ સનશાઈન નામનું પ્રોડક્શન હાઉસ શરૂ કર્યું છે. તેની નવી ઓફિસ તૈયાર પણ થઈ ગઈ છે. આ વર્કપ્લેસ આલિયાએ ડીઅર ઝીંદગી ફિલ્મના આર્ટ ડિરેક્ટર રૂપિન સૂચક સાથે મળીને તૈયાર કરી છે. આલિયા ભટ્ટના આ વર્કપ્લેસના ફોટોઝ તેના ફેનપેજ દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યા છે. આલિયાએ અગાઉ એક ઈન્ટરવ્યૂમાં ફિલ્મ્સના પ્રોડક્શન વિશે કહ્યું હતું કે, તે એવી ફિલ્મ્સ પ્રોડ્યુસ કરશે જેવી તેને જોવી ગમે છે. આલિયા ભટ્ટે તેનું ઘર બહેન શાહીન ભટ્ટ સાથે મળીને તૈયાર કરાવ્યું હતું જેના વિશે તેને તેની યુટ્યુબ ચેનલના એક વીડિયોમાં વાત પણ કરી હતી. આ સિવાય આલિયાએ તેના ફેન્સને તેની વેનિટી વેન પણ બતાવી હતી જેને શાહરુખની પત્ની ગૌરી ખાને ડિઝાઈન કરી હતી. તેને આલિયા મૂવિંગ હોમ તરીકે ગણાવે છે.

વર્ષમાં ચાર વખત પાક ખેલાડીઓ માટે લોહી અને આંખની તપાસ કરાઈ ફરજિયાત

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડની મેડિકલ પેનલ, કોવિડ -૧૯ રોગચાળા પછી ક્રિકેટ પ્રવૃત્તિઓ ફરી શરૂ થાય ત્યારે વર્ષમાં ચાર વખત ખેલાડીઓ માટે લોહી અને આંખની તપાસ ફરજિયાત બનાવવાની યોજના બનાવી રહ્યા છે. પીસીબીના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે હાલમાં કરાર કરનારા ખેલાડીઓને દર છ મહિને લોહી અને આંખની તપાસ કરાવવી પડે છે. "પરંતુ કોરોના વાયરસને કારણે બદલાતા સંજોગોને ધ્યાનમાં રાખીને, અમે ૧૨ મહિનામાં ચાર વખત પરીક્ષણ શરૂ કરવાનું વિચારી રહ્યા છીએ," તેમણે કહ્યું. અધિકારીએ જણાવ્યું હતું કે ખેલાડીઓ માટે લોહી અને આંખના પરીક્ષણો લેવાનું ફરજિયાત રહેશે. તેમણે કહ્યું હતું કે લોહી પરીક્ષણ આરોગ્યના કારણોસર કરવામાં આવશે, જ્યારે આંખોની રોશની ક્રિકેટની રમતમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

કોરોના પછી પ્રથમ ટેસ્ટ મેચ ૮ જુલાઈથી ઈંગ્લેન્ડ અને વેસ્ટ ઈન્ડીઝ વચ્ચે રમાશે

કોરોનાવાયરસ પછી પ્રથમ ટેસ્ટ મેચ સાઉથહેમ્પ્ટનના એજિસ બોલ ખાતે ૮ જુલાઈથી ઈંગ્લેન્ડ અને વેસ્ટ ઈન્ડીઝ વચ્ચે રમાશે. ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ (ઈઝમ) એ મંગળવારે વેસ્ટ ઈન્ડીઝ સામેની હોમ સીરિઝની ત્રણ ટેસ્ટનું શેડ્યૂલ જાહેર કર્યું છે. ત્રણેય મેચ બાયો સિક્યોર (સંક્રમણ મુક્ત) સ્થળ પર યોજાશે. પ્રેક્ષકો તેમાં હાજર રહેશે નહીં.

પ્રથમ મેચ સાઉથહેમ્પ્ટનના એજિસ બોલ ખાતે ૮-૧૨ જુલાઈ દરમિયાન યોજાશે, જ્યારે બાકીની બે ટેસ્ટ ઓલ્ડ ટ્રેફોર્ડમાં ૧૬-૨૦ જુલાઈ અને ૨૪-૨૮ જુલાઈ દરમિયાન રમાશે. ઈઝમ્એ એક નિવેદન બહાર પાડતાં કહ્યું છે કે - વેસ્ટ ઈન્ડીઝની ટીમ એક મહિના અગાઉથી ૯ જૂને ટેસ્ટ સીરિઝ માટે ઈંગ્લેન્ડ આવશે. ટીમ ઓલ્ડ ટ્રેફોર્ડ ગ્રાઉન્ડ પર ટ્રેનિંગ કરશે. તેને અહીં ત્રણ અઠવાડિયા રાખવામાં આવશે. આ સમય દરમિયાન ખેલાડીઓ આઈસોલેશનમાં રહેશે. ત્યારબાદ તેઓ પ્રથમ ટેસ્ટ રમવા એજિસ બોલ પહોંચશે.

કોરોના સંકટ: ફોર્મ્યુલા વનની ૬ દેશોમાં ૮ રાઉન્ડમાં રેસ, ૩ જુલાઈથી શરૂઆત

ઈસ્લામાબાદ

ફોર્મ્યુલા વને ચાલુ વર્ષે યોજાનારી રેસના પ્રથમ ૮ રાઉન્ડ માટે સુધારેલા કેલેન્ડરની ઘોષણા કરી છે. કોરોના વચ્ચે આ તમામ રાઉન્ડ ૬ દેશોમાં યોજાશે. શરૂઆત ૩ જુલાઈના રોજ ઓસ્ટ્રિયાથી થશે. ફોર્મ્યુલા વનના ચીફ એક્ઝિક્યુટિવ ચેસ કેરેએ જણાવ્યું હતું કે, જો કોઈ ડ્રાઇવરને સિઝન દરમિયાન કોરોના સંક્રમિત થાય તો પણ રેસ રોકવામાં આવશે નહિ.

ફોર્મ્યુલા વન રેસ ઓસ્ટ્રેલિયામાં શરૂ થવાની હતી, પરંતુ વિકેન્ડ શરૂ થાય તે પહેલા મૈકલારેન ટીમનો સદસ્ય સંક્રમિત થતા ૧૫ માર્ચે રેસ રોકવામાં આવી હતી. કેરેએ કહ્યું કે આ વખતે કોઈ પણ સંજોગોમાં સીઝન અટકશે નહીં. કેરેએ ફોર્મ્યુલા વનની વેબસાઇટને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, "જો કોઈ વ્યક્તિ કોરોના પોઝિટિવ હોવાનું જણાય તો આખી રેસ રદ્દ કરી શકાતી નથી. અમે આ માટે ટીમોને પણ પ્રોત્સાહિત કરીએ છીએ. જો કોઈને કવોરન્ટીનમાં રહેવાનું હોય તો તેની પણ હોટલમાં વ્યવસ્થા કરવામાં આવી છે.

તેમણે કહ્યું, દરેક ટીમમાં રિઝર્વ ડ્રાઇવર હોય છે. જો કોઈ ડ્રાઇવરને ચેપ લાગે છે, તો રિઝર્વ ડ્રાઇવર તેને રિપ્લેસ કરશે. જો એક ટીમ રેસમાં ભાગ લઈ શકશે નહીં, તો તેના માટે આખી રેસ રદ કરવામાં આવશે નહીં. કેરેએ કહ્યું કે ટીમોને ચાર્ટર્ડ વિમાનમાં મુસાફરી કરાવવામાં આવશે, જેથી તેઓ સ્થાનિકો અને ચાહકોથી દૂર રહી શકે. આ ક્ષણે, ફોર્મ્યુલા વન પ્રેક્ષકો વિના કરવામાં આવશે. તેમણે કહ્યું કે તમામ ટીમો માટે ૮૦-૯૦ પેજની ગાઈડલાઈન્સ તૈયાર કરવામાં આવી છે. ટીમોએ સોશિયલ ડિસ્ટન્સિંગનું ધ્યાન રાખવાનું રહેશે. કેરેએ કહ્યું કે સીઝનનું આખું કેલેન્ડર જૂનના અંત સુધીમાં ફાઇનલ થઈ જશે.

પ્રિયંકા અને બેનાફસા એકબીજાને કરી રહ્યા છે ડેટિંગ, પ્રેમ પ્રકરણની ઉઠી ચર્ચા

મુંબઇ

સલમાન ખાનનો રિયાલિટી શો બિગ બોસ લડાઈ ઝઘડાની સાથે સાથે પ્યાર, ઈશ્ક માટે પણ જાણીતો છે. બિગ બોસ ૧૧ સિઝનના પ્રતિસ્પર્ધી પ્રિયંકા શર્મા અને બેનાફસા સૂનાવાલા તો તમને યાદ જ હશે. બંનેની મિત્રતા અને લવ સ્ટોરી આ શો દરમિયાન ખૂબ ચગી હતી. બિગ બોસમાંથી બહાર આવ્યા બાદ પણ બંનેની લવ સ્ટોરી જારી જ રહી છે. હાલમાં તો પ્રિયંકા અને બેનાફસા એકબીજાને ડેટિંગ કરી રહ્યા છે.

બિગ બોસની આ જોડી અત્યારે ખૂબ ચર્ચામાં રહી છે. સોશિયલ મીડિયા પર બંનેની તસવીરો પણ વાયરલ થઈ રહી છે. બંને એકબીજાને ડેટ કરે છે તેની જાણકારી બંનેએ પોતાના સત્તાવાર પેજ પર ફેન્સ માટે મૂકી છે. બેનાફસાએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર પ્રિયંકા સાથેના ફોટો શેર કર્યા છે. આ રોમેન્ટીક ફોટો જોઈને જ તમે કહી ઉઠશો કે મેઈડ ફોર ઈચ અધર.

આમ તો બિગ બોસમાં બંનેની મિત્રતાની કેમેસ્ટ્રી જોઈને જ એમ લાગતું હતું કે આ સંબંધો આગળ ધપવાના છે.

નિસર્ગ વાવાઝોડુ
પહેલા પાનાથી ચાલુ

વીજપ્રવાહ ખોરવાવાનો પણ ભય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ સંબંધમાં ઠાકરે સાથે ચર્ચા પણ કરી હતી. પાલઘરમાં દેશનું સૌથી જુનું તારાપુર એટોમિક પાવર પ્લાન્ટ છે. અહીંયા ઘણા અન્ય પાવર યુનિટ્સ પણ છે. મુંબઈમાં બાર્ક(ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર) છે. રાયગઢમાં પણ પાવર, પેટ્રોલિયમ, કેમિકલ્સ અને અન્ય બીજી મહત્વની ઈન્ડસ્ટ્રી છે. મુંબઈમાં જવાહરલાલ નહેરુ પોર્ટ અને નેવીના મહત્વના રણનીતિક સ્થાન છે.

વાવાઝોડાના સામના માટે તંત્ર ખડેપગે : મહારાષ્ટ્રમાં NDRFની ૨૦ ટીમો. જેમાંથી મુંબઈમાં ૮, રાયગઢમાં ૫, પાલઘરમાં ૨, થાણેમાં ૨, રત્નાગિરીમાં ૨ અને સિંધુદુર્ગમાં ૧ ટીમ રાહત અને બચાવનું કામ કરશે. નૌસેનાએ મુંબઈમાં ૫ ફ્લડ રેસ્ક્યૂ ટીમ અને ૩ મરજીવાઓની ટીમ તહેનાત કરી દીધી છે. પાલઘર જિલ્લાને પુરી રીતે બંધ કરી દીધો છે.

બીજી તરફ NDRFની ૧૬ ટીમોને મોકલવામાં આવી છે. અહીંયાના કાંઠાના જિલ્લામાં ૮૦ હજાર લોકોને સુરક્ષિત સ્થળે પહોંચાડવામાં આવ્યા છે. બન્ને રાજ્યોના ૧૧ જિલ્લામાં એલર્ટ છે.

પુલવામા
પહેલા પાનાથી ચાલુ

કરતા ત્રણ પાકિસ્તાની આતંકવાદીઓ માર્યા ગયા હતા. સુરક્ષા દળોએ ૨૮ મેથી જમ્મુ-કાશ્મીરમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. ગુપ્તચર એજન્સીએ ચેતવણી આપી હતી કે પાકિસ્તાનથી આતંકીઓની ઘૂસણખોરી થઈ શકે છે.

રાજ્યસભાની ચૂંટણી
પહેલા પાનાથી ચાલુ

જીતવાનો પૂરો વિશ્વાસ છે. તેમણે કહ્યું, ×અમારી પાસે જે સીટ છે તે જીતવા માટે અમારે ૩૫.૦૧ મતોની જરૂર પડશે. કોંગ્રેસ બીટીપીના ૨ ધારાસભ્યો અને એક અપક્ષ સાથે ૭૧ મતથી તેના વિજયનો અંદાજ રાખી રહ્યું છે. આ રીતે તે ૨ સીટો સરળતાથી જીતી શકે છે. બીજી તરફ, ભાજપને ૩ બેઠકો જીતવા માટે ૧૦૬ ધારાસભ્યોની જરૂર પડશે. આનો અર્થ એ થયો કે ભાજપને તેના ત્રણેય ઉમેદવારોને જીતવા માટે વધુ ૩ મતોની જરૂર પડશે. એ જ રીતે, મધ્ય પ્રદેશમાં ૨ અને ભાજપ માટે ૧ બેઠકો જીતવી કોંગ્રેસ માટે સરળ હોત. જો કે જ્યોતિરાદિત્ય સિંધિયા ભાજપમાં જોડાયા અને ૨૨ કોંગ્રેસના ધારાસભ્યોએ રાજીનામા આપ્યા પછી, અહીં રાજ્યસભાની ચૂંટણી રસપ્રદ બની છે. નવા સમીકરણો સાથે રાજ્યમાં કોંગ્રેસની તાકાત ૯૨ થઈ ગઈ છે. ભાજપ પાસે ૧૦૭ ધારાસભ્યો છે. બસપા કે ૨ સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય છે. ૪ ધારાસભ્યો અપક્ષ છે. સંસદમાં રાજ્યસભાની ૩ બેઠકો માટે ચૂંટણી યોજાવાની છે. એક બેઠક જીતવા માટે ૫૨ મતોની જરૂર રહેશે. ભાજપ પાસે ૧૦૭ બેઠકો છે, જે જ્યોતિરાદિત્ય સિંધિયા અને સુમેરસિંહ સોલંકી બંનેને જીતવા માટે જરૂરી ૧૦૪ બેઠકો કરતા વધારે છે. કોંગ્રેસના ઉમેદવાર ફૂલસિંહ ભરૈયાનો રસ્તો મુશ્કેલ દેખાઈ રહ્યો છે. સાંસદ અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ વીડી શર્મા કહે છે, 'અમે ચૂંટણી માટે તૈયાર છીએ. અમારા બંને ઉમેદવારો સરળતાથી જીતી જશે. કોંગ્રેસના દિગ્વિજય સિંહની પણ જીતની અપેક્ષા છે પરંતુ ફૂલસિંહ ભૈરૈયાનો રસ્તો મુશ્કેલ લાગે છે. રાજસ્થાનની વાત કરીએ તો, સંસદની જેમ રાજ્યસભાની ૩ ખાલી બેઠકો માટે ૧૯ જૂને ચૂંટણી છે. કોંગ્રેસે કેસી વેણુગોપાલ અને નીરજ ડાંગીને મેદાનમાં ઉતાર્યા છે, જ્યારે ભાજપે રાજેન્દ્ર ગેહલોત અને ઓએસ લખાવતને મેદાનમાં ઉતાર્યા છે. સમીકરણોની વાત કરીએ તો, ૨૦૦ સભ્યોવાળી રાજસ્થાન વિધાનસભામાં કોંગ્રેસના ૧૦૭ ધારાસભ્યો છે, જ્યારે ભાજપ પાસે ૭૨ ધારાસભ્યો છે. અપક્ષો અને અન્ય સહિત ૨૧ ધારાસભ્યો છે. રાજસ્થાનની એક બેઠક જીતવા માટે ૫૧ મતોની જરૂર પડશે. કોંગ્રેસ સરળતાથી ૨ બેઠક અને ભાજપ ૧ સીટ જીતી શકે છે. પરંતુ કોંગ્રેસની મુશ્કેલી વધારવા માટે ભાજપે એક વધારાનો ઉમેદવાર ઊભો કર્યો છે.

મોદી કેબિનેટ
પહેલા પાનાથી ચાલુ

તરફ દેશમાં કોરોનાના કેસની સંખ્યા સતત વધી રહી છે અને સાથે જ અનલોક ૧ અંતર્ગત કેટલીક છૂટછાટ પણ અપાઈ રહી છે ત્યારે કેન્દ્રીય કેબિનેટની આ બેઠક પર સૌ કોઈની નજર અટકેલી હતી.

સોમવારે યોજાયેલી બેઠકમાં કેન્દ્ર સરકારે એમએસએમઈ સેક્ટરની પરિભાષા બદલી હતી ત્યારે હવે દેશનો ખેડૂત કોઈ પણ માર્કેટ અને કોઈ પણ રાજ્યમાં પોતાનો પાક વેચી શકશે તેવો નિર્ણય લેવાયો છે.

ચાલાક ડ્રેગન
પહેલા પાનાથી ચાલુ

મુજબ સોમવાર રાતે લગભગ ૧ વાગે પીએલએની સ્કાઉટ યૂનિટે તાંગુલા પર્વત તરફ વધવાનું શરૂ કર્યું હતું. માર્ચ દરમિયાન ગાડીઓની લાઈટો બંધ હતી અને નાઈટ વિઝન ડિવાઈસની મદદ લેવામાં આવી. જેથી ડ્રોનથી બચી શકાય. માર્ગની મુશ્કેલીઓને પાર કરી ડ્રોનની મદદથી વિસ્ફોટ કરવામાં આવ્યા. ટાર્ગેટ નજીક પહોંચી કોમ્બેટ ટેસ્ટ પણ કરવામાં આવ્યું જે માટે સ્નાઈપર યૂનિટને આગળ મોકલવામાં આવી હતી. સાથે જ ફાયર સ્ટ્રાઈક ટીમે ઓછા વજનવાળા હથિયારોવાળી ગાડીઓને એન્ટી ટેક રોકેટથી ઉડાવી હતી.

ત્યાર બાદ કમાંડરોએ ગાડી ઉપર લાગેલા ઈન્ફ્રારેડ સૈન્ય પરીક્ષણ સિસ્ટમની મદદથી સેનાની ટુકડીને આગળ લડાઈના ટાર્ગેટ સુધી પહોંચાડી હતી. આ યુદ્ધાભ્યાસ દરમિયાન લગભગ ૨૦૦૦ મોર્ટાર શેલ, રાઈફલ ગ્રેનેડ અને રોકેટ્સનો ઉપયોગ કરવામાં આવ્યો. આ નવા હથિયારો સાથે લડવા સેના કેટલી તૈયાર છે તે અંગે જાણ થઈ. સાથે મુશ્કેલ પરિસ્થિતિઓમાં કેવી રીતે લડવું તે અંગે પણ અભ્યાસ કર્યો.

અનલોક ૧
પહેલા પાનાથી ચાલુ

એક્ટિવ કેસ છે.

જ્યાં સૌથી વધારે કેસો બહાર આવે છે એ મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૭૨૩૦૦ કેસ નોંધાયા છે જ્યારે ૨૪૬૫ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડૂમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે.

તમિલનાડૂમાં અત્યાર સુધીમાં કુલ ૨૪૫૮૬ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૧૯૭ લોકોના મોત થયા છે. ત્યારબાદ દિલ્હીમાં ૨૨૧૩૨ કેસ નોંધાયા છે જ્યારે ૫૫૬ લોકોએ જીવ ગુમાવ્યા છે. ગુજરાતમાં ૧૭,૬૩૨ લોકો સંક્રમણમાં આવ્યા છે ૧૦૯૨ લોકોના મોત થયા છે.

મંગળવારે મહારાષ્ટ્રમાં ૨૨૮૭, તમિલનાડુમાં ૧૦૯૧, ગુજરાતમાં ૪૧૫, પશ્ચિમ બંગાળમાં ૩૯૬, કર્ણાટકમાં ૩૮૮, રાજસ્થાનમાં ૧૭૧, બિહારમાં ૧૦૪, ઓડિશામાં ૧૪૧, આંધ્ર પ્રદેશમાં ૧૧૫, ઉત્તરાખંડમાં ૪૦, આસામમાં ૨૮ અને મિઝોરમમાં ૧૨ દર્દી મળ્યા હતા. આ ઉપરાંત ૬૪૧ એવા દર્દી હતા. જેમના રાજ્ય અંગે માહિતી મળી નથી. સ્વાસ્થ્ય મંત્રાલયના મતે દેશમાં સંક્રમિતોની સંખ્યા ૧ લાખ ૯૮ હજાર ૭૦૬ પહોંચી હતા. તેમાંથી ૯૭ હજાર ૫૮૧ એક્ટિવ કેસ હતા. બીજી બાજુ ૯૫ હજાર ૫૨૬ દર્દીને સારુ થયું છે. ૫૫૯૮ લોકોના મોત થયા હતા.

મહારાષ્ટ્ર પોલીસે બુધવારે જણાવ્યું કે, છેલ્લા ૨૪ કલાકમાં ૪૭ પોલીસકર્મી કોરોના પોઝિટિવ મળ્યા હતા. આ સાથે રાજ્યમાં ૨,૫૫૬ પોલીસકર્મી સંક્રમિત થઈ ચુક્યા છે.

૫. બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ બુધવારે કોલકાતામાં કહ્યું કે, લોકડાઉનમાં લોકો આર્થિક તંગી સામે ઝઝૂમી રહ્યા છે. કેન્દ્ર સરકારને અપીલ છે કે પ્રવાસી મજૂરોના ખાતામાં એક વખત ૧૦ હજાર રૂપિયા નાંખો. પીએમ કેર ફંડના પૈસાનો ઉપયોગ મજૂરો માટે કરવો જોઈએ.

અમેરિકામાં કોરોના સંક્રમિત કેસોની સંખ્યા ૧૮ લાખને પાર પહોંચી છે જ્યારે ૧.૦૮ લાખ લોકોના મોત નીપજયાં છે. જ્યારે બ્રાઝિલમાં ૫.૫ લાખ લોકો સંક્રમિત છે અને ૩૧ હજાર લોકોએ જીવ ગુમાવ્યો છે. રશિયામાં પણ ૪.૨૩ લાખ કેસ નોંધાયા છે જ્યારે ૫ હજાર મોત થયા છે. ઉપરાંત, સ્પેનમાં ૨.૮૭ લાખ કેસ, ૨૭ હજાર મોત, બ્રિટેનમાં ૨.૭૭ લાખ કેસ, ૩૯ હજાર મોત, ઈટલીમાં ૨.૩૩ લાખ કેસ, ૩૩ હજાર મોત, ભારતમાં ૨.૦૭ લાખ કેસ, ૫,૮૦૦ મોત થયા છે.

જર્મનીની વાત કરીએ તો ૧.૮૪ લાખ કેસ અને ૮,૬૦૦ લોકોના મોત થયા છે. ઉપરાંત પેરુમાં ૧.૭૪ લાખ કેસ નોંધાયા છે જ્યારે ૪,૭૦૦ લોકોના મોત થયા છે. તુર્કીમાં પણ ૧.૬૫ લાખ કેસ નોંધાયા છે જ્યારે ૪,૫૦૦ લોકોના મોત થયા છે.

અનલોક-૧માં મંદિરો ખુલશે તો ખરા પણ બદલાઈ શકે છે દર્શનની વ્યવસ્થા

ગાંધીનગર

૮ જૂનથી અનેક રાજ્યોમાં મંદિર અને ધાર્મિક સ્થળ પણ ખુલી જશે પરંતુ દર્શન કરવાની પરંપરાઓમાં ઘણો બદલાવ આવી જશે. થોડાં રાજ્યોએ મંદિરો માટે અલગથી ગાઇડલાઇન્સ પણ જાહેર કરી દીધી છે, જેમાં ભક્તોની સંખ્યા ઘટાડવામાં આવી છે, પ્રસાદ ચઢાવો અને ચરણામૃત વગેરે આપવાની ના પાડવામાં આવી છે. જે મંદિરોમાં વિશાળ સંખ્યામાં ભક્તો આવે છે, જેમ કે, તિરૂપતિ બાલાજી, વૈષ્ણોદેવી, શિરડી સાઇ મંદિર વગેરેમાં દર્શનાર્થીઓની સંખ્યા સીમિત કરવાની સલાહ પણ આપવામાં આવી છે.

થોડાં રાજ્યોમાં હાલ ધાર્મિક સ્થળ ૧ જુલાઈ સુધી બંધ જ રહેશે. અસમ, મણુપુર, તમિલનાડુ જેવા રાજ્યોએ પોતાના ધાર્મિક સ્થળને ૩૦ જૂન સુધી બંધ રાખવાનો નિર્ણય લીધો છે. તમિલનાડુમાં ૧૦ હજારથી વધારે મંદિર છે, જેમાં ૮૦૦૦થી વધારે નાના મંદિર છે. અસમના ગોવાહાટીમાં સ્થિત કામાખ્યા શક્તિપીઠ પણ જુલાઈમાં જ ખુલશે. અસમ સરકારે હાલ જૂનમાં તેને બંધ રાખવાનો નિર્ણય લીધો છે. પુરીનું જગન્નાથ મંદિર ૮ જૂનથી ખુલી શકે છે પરંતુ તેમાં પણ દર્શન જૂન અંતથી જ શરૂ થશે.

મંદિરમાં ભક્તોના પ્રવેશથી બહાર આવવા સુધી ૧૦ મોટા ફેરફાર:-

હાથ-પગ ધોવા ઉપર પ્રતિબંધ લાગી શકે છે અથવા થોડી અલગ વ્યવસ્થા હોઇ શકે છે.

લાઇનમાં ઊભા રહેવા માટે દોરડા કે પ્લાસ્ટિકના ડિવાઇડર જે ઓછી હાઇટના હોય, તે રાખવામાં આવશે, જેથી લોકો તેનો સ્પર્શ કરે નહીં.

શ્રદ્ધાળુઓને મોટાં ગ્રુપ્સમાં એન્ટ્રી આપવામાં આવશે નહીં. નાના-નાના સમૂહમાં જ મંદિરમાં જઇ શકાશે.

મંદિરમાં ઘંટ હટાવી દેવામાં આવશે.

શ્રદ્ધાળુઓ દ્વારા લાવવામાં આવેલાં હાર-ફૂલ અને પ્રસાદ ઉપર પ્રતિબંધ રહેશે.

પૂજારીઓની સુરક્ષા માટે ચરણામૃત અને પ્રસાદ વિતરણ ઉપર પ્રતિબંધ રહેશે.

ગર્ભગૃહોમાં પ્રવેશ રોકવામાં આવી શકે છે

અનાજ પ્રસાદ વ્યવસ્થાઓને પણ બદલવામાં આવશે અથવા થોડાં સમય માટે બંધ રાખવામાં આવશે.

કર્મચારીઓ અને પૂજારીઓનું નિયમિત હેલ્થ ચેકઅપ થશે.

દિવસમાં ઓછામાં ઓછું ૩ થી ૪ વાર સેનેટાઇઝ કરવામાં આવશે.

વાંકાનેરમાં જુગાર રમતા ૧૨ સટોડિયા ઝડપાયા

મોરબી

વિસીપરમાં આવેલા સ્મશાન રોડ પર જાહેરમાં જુગાર રમતા પાંચ પત્તાપ્રેમીઓને મોરબી બી ડીવીઝન પોલીસે ઝડપી પાડ્યા હતા, જ્યારે વાંકાનેર તાલુકા પોલીસે જેપુર ગામે જુગાર રમતા સાત શખ્સોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ મોરબી બી ડીવીઝન પોલીસ પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન વિસીપરા વિસ્તારમાં સ્મશાન રોડ પર જાહેરમાં જુગાર રમતા ઈસ્માઈલ અબુભાઈ મોવર, સુરેશ અવચરભાઈ જંજવાડિયા, જાવીદ રફીકભાઈ ગાજીવાલા, ભરત જગદીશભાઈ વરાણીયા અને સોહિલ રસુલભાઈ સુમરાને રોકડ રકમ રૂપિયા ૧૩ હજાર સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાંકાનેરના જેપુર ગામની સીમમાં જુગાર રમાતો હોવાની બાતમી મળતા ટીમે દરોડો કરીને જુગાર રમતા અજીતભાઈ પ્રેમજીભાઈ ચૌહાણ, ધનજીભાઈ સામતભાઈ પરબતાણી, સંજયભાઈ હમીરભાઈ બાવળિયા, બીપીનભાઈ પ્રેમજીભાઈ ચૌહાણ, કૈલાશ સોમાભાઈ મકવાણા, પરબતભાઈ હમીરભાઈ મેર, દેવરાજભાઈ ધીરૂભાઈ ઝાલા એમ સાતને ઝડપી લઈને રોકડ રકમ રૂપિયા ૪૦,૨૫૦ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોરબંદરમાં નિસર્ગ વાવાઝોડાનું સંકટ ટળ્યું, વરસાદની પડવાની સંભાવના

પોરબંદર

હવામાન વિભાગ દ્વારા મળેલી સૂચના અનુસાર ગુજરાતમાં વાવાઝોડા નિસર્ગનું સંકટ ટળ્યું છે. ત્યારે પોરબંદરમાં પણ આ સંકટ ટળ્યું છે. જોકે, પોરબંદરના બંદર પર બે નંબરનું સિંગ્નલ હવામાન વિભાગ દ્વારા લગાવવામાં આવ્યું છે. આ વાવાઝોડાની અસર મહારાષ્ટ્રમાં વધુ રહેશે, તેવી સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. પોરબંદરમાં આજે બપોરના સમયે હળવો વરસાદ અને પવન રહે તેવી શકયતાઓ હવામાન વિભાગે વ્યક્ત કરી છે. તેમજ માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે.

મધ્યમ વરસાદને પગલે જૂનાગઢમાં ખેડૂતોએ શરૂ કરી વાવણી

જૂનાગઢ

ગુજરાતમાં છેલ્લા બે-ત્રણ દિવસથી વાતાવરણમાં પલટો આવ્યો છે અને સૌરાષ્ટ્ર સહિત કેટલાય જિલ્લાઓમાં છૂટોછવાયો વરસાદ પડ્યો છે, ત્યારે જૂનાગઢ જિલ્લામાં ખેડૂતોએ વાવણી શરૂ કરી દીધી હોવાના સમાચાર મળ્યા છે. કેશોદ તાલુકામાં ગઈ કાલે બપોર બાદ અચાનક વાતાવરણમાં પલટો આવતા મેઘરાજાનુ આગમનથી ૫૭ મીમી વરસાદ થતા અનેક વિસ્તારોમાં ખેડુતોએ વાવણીના શ્રીગણેશ કર્યા છે. કેશોદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ગઈ કાલે બે ઈંચથી વધુ વરસાદ થયો હતો ત્યારે ખેડૂતો ખેતીનાં નવા કામમાં લાગી ગયા છે. વાવણી લાયક વરસાદ થવાથી અનેક વિસ્તારોમાં વાવણી શરૂ થતા ખેડુતોમાં આનંદની લાગણી પણ જોવા મળી રહી છે.

સાબરમતી જેલમાં ફરી કોરોનાની દસ્તક, ૧ કેદી સંક્રમિત થતા ૩૧નો કરાયો ટેસ્ટ

અમદાવાદ

સાબરમતી જેલમાં ફરી કોરોનાના દસ્તક જોવા મળ્યાં છે. એક કેદીને કોરોના પોઝિટિવ જણાતાં વધુ ૩૧ કેદીના કોરોના ટેસ્ટ કરાવવામાં આવ્યાં છે. જોકે, સાબરમતી જેલના પીઆરઓ, ડીવાય.એસ.પી. ડી.વી. રાણાએ જણાવ્યું હતું કે, સાવચેતી માટે આ ટેસ્ટ કરાવવામાં આવી રહ્યાં છે. જે કેદીને કોરોના જણાયો તેની સાથે બેરેકમાં રહેલાં કેદી પૈકીના ૯ કેદીના પ્રથમ તબક્કામાં ટેસ્ટ કરાવાયાં હતાં તે નેગેટિવ આવ્યાં છે. ૯ કેદીને કોરોના જણાયો નથી, હવે બીજા તબક્કામાં બાકીના ૨૨ કેદીના કોરોના રિપોર્ટ કરાવવામાં આવ્યાં છે. આ તમામનો કોરોના રિપોર્ટ આવે તેની રાહ જોવાઈ રહી છે.

નવી સાબરમતી જેલમાં વિવેદાનંદનગર પોલીસ સ્ટેશનના ગુનાના કાચા કામના આરોપીને કોરોનાના લક્ષણો જોવા મળ્યાં હતાં.

આ કેદીનો રિપોર્ટ કરાવતાં તેને કોરોના હોવાનું જણાયું હતું. સ્ટાફના સંપર્ક દરમિયાન કોરોનાગ્રસ્ત થયેલા કેદી સાથે બેરેકમાં રહેલાં અન્ય કેદીઓના મેડિકલ ટેસ્ટની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પહેલા તબક્કામાં ૯ કેદીના કોરોના રિપોર્ટ નીલ આવ્યાં છે. જ્યારે, બીજા ૨૨ કેદીના ટેસ્ટ લેવાયાં છે અને રિપોર્ટ આવે તેની રાહ જોવાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, સાબરમતી જેલમાં પોલીસ સ્ટેશનોમાંથી મૂકી જવાયેલાં એક ડઝન જેટલા કેદીને અત્યાર સુધી કોરોના પોઝિટિવ આવતાં સારવાર અપાઈ છે. બે જેલ કર્મી પણ કોરોનાની ઝપટમાં આવી ગયાં હતાં. સાબરમતી જેલના સંચાલકોએ કેદીઓ અને જેલ સ્ટાફમાં કોરોના પ્રસરે નહીં તે માટે સાવચેતીરૂપ પગલાં લેવાનું શરૂ કર્યું છે.

વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનના ગુનામાં આવેલાં કેદીને ચિહ્નો જોવા મળતાં મેડિકલ ટેસ્ટ કરાવાતાં તેને કોરોના જણાયો હતો. આ કેદીને હોસ્પિટલ લઈ જવાયો ત્યારે બે જેલ કર્મચારી પીપીઈ સૂટ પહેરીને સાથે ગયાં હતાં. આમ છતાં, જેલ તંત્રના અધિકારીઓએ સાવચેતી ખાતર પીપીઈ સૂટ પહેરીને કેદીને લઈ ગયેલાં બન્ને જેલ કર્મચારીને હોમ કોરેન્ટાઈન કરી એક અઠવાડિયું આરામ પર ઉતાર્યાં છે.

વિરુ કેબિનેટની બેઠક મળી, સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે મંત્રીઓ જોડાયા

ગાંધીનગર

અનલોક ૧ અંતર્ગત ૧ જૂનથી સરકારી કચેરીઓ અને મંત્રીઓની કચેરીઓમાં કાર્યારંભ ફરી પૂર્વવત થયા બાદ આજે બુધવારે મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષ સ્થાને રાજ્ય મંત્રી મંડળની પ્રથમ કેબિનેટ બેઠક સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમોના પાલન સાથે સ્વર્ણિમ સંકુલમાં મળી હતી. અગાઉ વીડિયો કોન્ફરન્સિંગથી બેઠકમાં મંત્રીઓ જોડાતા હતા. આજે મંત્રી મંડળના સૌ મંત્રીઓ પ્રત્યક્ષ આ કેબિનેટ બેઠકમાં સહભાગી થયા છે. આ અગાઉ લોકડાઉનના સમય દરમિયાન પણ પ્રજા હિતના નિર્ણયો અને જનકલ્યાણ કામો તેમજ આરોગ્ય વિષયક બાબતો સહિતના કામકાજ માટે મંત્રીમંડળની બેઠક વીડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજાઈ હતી. જેમાં મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને ગૃહ રાજ્યમંત્રી ગાંધીનગરથી અને અન્ય મંત્રીઓ પોતાના જિલ્લાની કલેક્ટર કચેરીઓથી આ વીડિયો કોન્ફરન્સ કેબિનેટમાં જોડાતા હતા.

આજે મંગળવાર ધારાસભ્યોનો દિવસ હોવાથી સ્વર્ણિમ સંકુલ અને સચિવાલય રાજકીય નેતાઓથી પણ ધમધમવા લાગ્યા છે, સચિવાલયના તમામ ૧૪ બ્લોકની સાથે મંત્રીઓની ઓફિસ સ્વર્ણિમ સંકુલ–૧ અને સંકુલ–૨માં કોરોના ચેકિંગ સહિતની વિવિધ તૈયારીઓ કરવામાં આવી હતી. સતત બે મહિનાથી ૯ વખત વીડિયો કોલિંગથી મળતી કેબિનેટની બેઠક હવે આ બુધવારથી રાબેતા મુજબ મળતી થઈ છે. સચિવાલયમાં આવતા દરેક કર્મચારી અને અધિકારી માટે સોશિયલ ડિસ્ટન્સ અને માસ્ક પહેરવું ફરજિયાત છે. તેમજ સચિવાલયના બ્લોક પ્રવેશદ્વાર પર સેનિટાઈઝરનો ઉપયોગ ફરજિયાત રાખવામાં આવ્યો છે.

બિનજરૂરી લોકો માટે સ્વર્ણિમ સંકુલમાં પ્રવેશ નિયંત્રિત રાખવામાં આવ્યો છે. ગાંધીનગર સચિવાલયમાં સામાન્ય જનતાને પ્રવેશ મેળવવાના મુદ્દે હજુ વિચારણા ચાલી રહી છે. હાલના સંજોગોમાં પ્રવેશ નિયંત્રિત રાખવામાં આવ્યો છે. આવતા એકાદ–બે માહમાં જાહેર જનતા માટે પણ સચિવાલય ખુલ્લું મુકવામાં આવશે.

'નિસર્ગ' વાવાઝોડાના પગલે દક્ષિણ ગુજરાતમાં ૩ અને ૪ જૂને વરસાદની આગાહી

અમદાવાદ

અરબી સમુદ્રમાં સર્જાઈ રહેલા નિસર્ગ વાવાઝોડાને કારણે ગુજરાતનાં અનેક જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. જોકે, આ વાવાઝોડા મામલે ગુજરાતીઓ માટે આંશિક રાહતના સમાચાર છે. આ વાવાઝોડું ગુજરાતમાં ટકરાય તેની સંભાવના નહિવત્ થઈ ગઈ છે. પરંતુ તેના કારણે રાજ્યનાં અનેક વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ થવાની શક્યતા સર્જાઈ છે. દક્ષિણ ગુજરાતમાં સુરત, વલસાડ, નવસારી, ડાંગ, તાપી સહિતના જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદ પડે તેની સંભાવના છે.

હવામાન વિભાગના મતે અમદાવાદમાં બુધવારે ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવવા ઉપરાંત વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગનાં જણાવ્યાં પ્રમાણે,, 'પૂર્વમધ્ય અરેબિયન સમુદ્ર પર સર્જાયેલા સાયક્લોનિક સ્ટ્રોમ નિસર્ગે હવે ઉત્તર તરફ ગતિ કરેલી છે. જે મંગળવારે સાંજ સુધીમાં પણજીના પશ્ચિમ-ઉત્તરપશ્ચિમથી ૩૮૦ કિલોમીટર, મુંબઈના દક્ષિણ-દક્ષિણપશ્ચિમથી ૩૮૦ કિલોમીટર જ્યારે સુરતના દક્ષિણ-દક્ષિણપશ્ચિમથી ૬૦૦ કિલોમીટર દૂર હતું. હવે તે સિવીયર સાયક્લોનિક સ્ટ્રોમમાં તબ્દીલ થઈને ઉત્તર તરફ ગતિ કરશે. તે ઉત્તર મહારાષ્ટ્ર અને તેને સંલગ્ન દક્ષિણ ગુજરાતના દરિયામાં હરિહરેશ્વર-દમણ વચ્ચેથી પસાર થઈ શકે છે. જે મહારાષ્ટ્રના અલીબાગથી નજીક છે.

આ વાવાઝોડું ૩ જૂને બપોર બાદ ઉત્તર મહારાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે ટકરાવવાની સંભાવના છે. વાવાઝોડાના પવનની ઝડપ ૧૦૦થી ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાક છે. જેની અસર રૂપે મંગળવારે સાંજે સુરત, અમરેલી, ભાવનગર, તાપી જિલ્લામાં વરસાદ નોંધાયો હતો. આ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી - ૩ જૂનનાં રોજ વલસાડ, નવસારી, ડાંગ, તાપી, દમણ, દાદરા નગર હવેલી. ૪ જૂનનાં રોજ સુરત, વલસાડ, નવસારી, ડાંગ, તાપી, દમણ, દાદરા નગર હવેલી, નર્મદા, ભરૂચ.૫ જૂનનાં રોજ નર્મદા, ડાંગ, તાપીઆ જિલ્લામાં મધ્યમ વરસાદની શક્યતા? ૩ જૂનનાં રોજ ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, સુરેન્દ્રનગર, રાજકોટ, અમરેલી, ભાવનગર, બોટાદ. ૪ જૂનનાં રોજ જૂનાગઢ, મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, અમરેલી, ભાવનગર, બોટાદ, કચ્છ, દીવ.

દારૂ ખુલ્લો કરી નાંખો..બાપુની માંગને પ્રચંડ ટેકો મળતાં, ભાજપ-કોંગ્રેસ ગભરાઈ ગયાં?



• ભાજપ-કોંગ્રેસના પિતામહ સમાન વાઘેલાબાપુએ હજુ તો બે જ મુદ્દા હાથ પર લીધા નેતાઓ હચમચી ગયા!

• ગુજરાતમાં બાપુએ ભાજપની ૨૫ વર્ષની "કામગીરી: ને ધૂળ ચાટતી કરી નાંખી

• આજે પત્રકાર પરિષદ યોજીને બાપુ કરશે ધડાકા-ભડાકા..?

• કોરોનામાં ભાજપ-કોંગ્રેસના કહેવાતા પાણીદારો ઘરમાં લપાયેલા હતા ત્યારે બાપુએ સીવીલની મુલાકાત લઈને તંત્રની પોલ ખોલી નાંખી..

સીએમ હતા ત્યારે સુરક્ષા વગર એકલા નિકળતા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ હજુ તો માત્ર બે જ મુદ્દા પ્રજાલક્ષી હાથમાં લીધા અને તેમના આ બે મુદ્દાને લોકોમાંથી જબરજસ્ત આવકાર મળ્યો છે. જો કે રાજનીતિના ભાગરૂપે વાઘેલાબાપૂને એનસીપીના પ્રદેશ પ્રમુખપદેથી દૂર કરાયા છે પરંતુ એનસીપીના તેઓ રાષ્ટ્રીય મહામંત્રીપદે હજુ છે જ. અને તેમને જાહેરજીવનમાંથી દૂર કરવાના શરૂ થયેલા ષડયંત્રનો તેઓ ખુદ આવતીકાલે ગુરૂવારે પત્રકાર પરિષદ યોજીને જાહેરાત કરશે ત્યારે ગુજરાતના રાજકારણમાં ફરીએકવાર રાજકિય તણખાં ઝરે તો નવાઇ નહીં. ઉલ્લેખનિય છે કે વાઘેલા બાપૂએ જ ખજૂરાહો કાંડ દ્વારા તે વખતે ભાજપના અચ્છા અચ્છા નેતાઓને ભૂ પીતા કરીને પક્ષના હિતમાં રાષ્ટ્રીય નેતાગીરી પાસેથી નિર્ણયો લેવડાવવામાં સફળ થયા હતા.

રાજકિય સૂત્રોએ કહ્યું કે ગુજરાતમાં દારૂબંધીના કાયદાનો કેવો કડક અમલ થાય છે એ ગુજરાતનું નાનું છોરૂ પણ જાણે છે. લોકડાઉનમાં પોલીસે જ દારૂની પેટીઓની હેરફેર કરી હોવાનું કડી દારૂકાંડમાં ખુલોસો થયો છે. ગુજરાત દારૂબંધીનું નાટક કરીને વર્ષે આબકારી જકાતની ૩૫૦૦ કરોડની આવક ગુમાવે છે. જો ગુજરાતમાં દારૂ ખુલ્લી થાય તો પીનારાઓને ગુણવત્તાયુક્ત લીકર કંપનીનો સારો માલ પીવા મળે. સરકારને ટેક્સરૂપે આવક મળે. છાશવારે થતાં લઠ્ઠાકાંડ ના થાય. અને કાયદો-વ્યવસ્થાની જવાબદારી જેમના શિરે છે એ પોલીસ તંત્ર પણ દારૂની ગેરકાયદે કમાણીમાંથી બહાર આવે, ભ્રષ્ટાચાર અટકે એવા સારા હેતુ સાથે વાઘેલાબાપૂએ ગુજરાતમાં દારૂબંધી દૂર કરવાની માંગ કરીને જો તેઓ સત્તામાં આવશે તો ૧૦૦ દિવસમાં જ દારબંધી દૂર કરીને દારૂ ખુલ્લો કરી દેશે, એવી ઝૂંબેશ સોશ્યલ મિડિયા અને મિડિયા દ્વારા શરૂ કરતાં તેને ભારે આવકાર મળતાં ભાજપના પેટમાં તેલ રેડાયું છે.

સૂત્રોએ કહ્યું કે કોરોનાના વર્તમાન સમયમાં કોઇ રાજકિય નેતા કે ખુદ સીએમ વિજય રૂપાણી પણ સીવીલ હોસ્પિટલની મુલાકાતે જતા નહોતા ત્યારે વાઘેલાબાપૂએ ટેકેદારો સાથે તાજેતરમાં જ સીવીલની મુલાકાત લીધી અને કોરોનાના ટેસ્ટીંગમાં ભાજપ સરકારની પોલ ખોલી નાંખતા સરકાર બેબાકળી બની છે. વાઘેલાબાપૂએ માત્ર ૫૦૦ કે ૭૦૦ રૂપિયામાં કોરોનાનું ટેસ્ટીંગ થઇ શકે એવો રસ્તો સરકારને બતાવ્યો અને સરકારની પોલખોલ કાર્યક્રમ શરૂ કર્યો કે ભાજપના પેટમાં ફાળ પડી છે. કોરોના ટેસ્ટીંગના અભાવે ગુજરાતમાં ભાજપના પાપે કેટલાય નિર્દોષ લોકો માર્યા ગયા એવો ખુલ્લો આરોપ શંકરસિંહે કરતાં ભાજપ સરકારમાં હલચલ મચી છે.

સૂત્રોએ કહ્યું કે બાપુના આ બે જ મુદ્દા હજુ તો શરૂ થયા અને ભાજપને ચચરી જતાં મિડિયામાં એવો પ્રચાર શરૂ કરાવ્યો કે બાપુથી એનસીપીની નેતાગીરી નારાજ છે. પરંતુ અસલમાં શંકરસિંહે ભાજપ સરકારમાં રહેલા દારૂબંધીના છિંડા ખોલી નાંખતા અને લોકોમાં દારૂબંધીને દૂર કરવાની માંગને જબરજસ્ત આવકાર મળતાં ભાજપે રાજકિય કાવાદાવા શરૂ કર્યા છે. અભ તો યે અંગડાઇ હૈ....એમ કહીને તેઓ કહે છે કે બાપુ કોઇનાથી ગાંજ્યા જાય તેમ નથી. લોકહિતમાં તેમણે કોઇને પણ છોડ્યા નથી. તેમને ચુપ કરાવવા તેમના ઉપર સીબીઆઇ અને ઇકમટેક્સની રેડ પણ કરાવવામાં આવી છે. છતાં ગુજરાતકા શેર બાપૂને કોઇ નમાવી શક્યા નથી.

સૂત્રોએ કહ્યું કે કોરોનાની મહામારીમાં ભાજપ અને રૂપાણી સરકાર ટોટલી ફેઇલ્યોર ગઇ છે. ૨૫ વર્ષથી રાજ કરનાર ભાજપના સત્તાવાળાઓ એક સીવીલનું તંત્ર સુધારી શક્યા નથી એને કોરોના કિસ્સામાં નાગરિકો સાથે કેવી કેવી ક્રૂર હરકતો સીવીલના નઘરોળ અને નફ્ફટ તંત્ર દ્વારા કરવામાં આવી તેનો ખુલાસો વાઘેલાબાપૂએ જાહેરમાં કરતાં તેનાથી ડરી જઇને તેમને રાજકિય રીતે ખતમ કરી નાંખવાના પ્રયાસોનો પર્દાફાસ પણ તેઓ આવતીકાલે કરી શકે તેમ છે.

કેમ બાપુના એક નિવેદનથી ભાજપ-પોલીસ અને સરકારમાં ફાળ પડી...?!.

શંકરસિંહ વાઘેલાએ એનસીપીને ગુજરાતમાં રાજકિય મંચ મળે તે માટે ભાજપના દંભી નાટક દારૂબંધીના માલે જે ઝૂંબેશ શરૂ કરી તેનાથી ભાજપ, સરકાર અને પોલીસ તંત્રમાં ફાળ પડી છે. દારૂ ખુલ્લો થઈ જાય તો સત્તાવાળાઓના તોડપાણી બંધ થઈ જાય. દારીને કારણે જ પોલીસ તંત્રમાં જ્યાં દારૂના અડ્ડાઓ વધારે હોય ત્યાં પોસ્ટીંગ માટે કેવા ખેલ થાય છે તે સરકારમાં બેઠેલા નહીં જાણતા હોય તેવું તો બને જ નહીં. દારૂ છૂટથી મળે, ખરાબ માલ ના મળે અને લોકો શાંતિથી બીજા રાજ્યોના લોકોની જેમ દારૂના બે ઘૂટડા મારીને થાક ઉતારે તો તેમાં કાંઇ ખોટુ નથી, એવી લાગણી અમે દારૂ ખુલ્લો કરો..ની માંગ વધી રહી છે. બાપૂએ એક જબરજસ્ત મુદ્દો હાથ પર લઈને લોકોને કહ્યું ત્યારે ૧૦૦માંથી ૭૫ ટકાએ તેને ટેકો આપ્યો. ગુજરાતમાં દારૂબંધી એક ફારસ અને નાટક છે એમ વાઘેલાબાપુએ જાહેર કર્યું છે.

બાપુ ભાજપ માટે નેહલે પે દહેલા, આજે પત્રકાર પરિષદમાં આપશે જવાબ

કોરોના ટેસ્ટીંગ માટે ભાજપ સરકારે રોજેરોજ નિયમો બદલીને લાખો લોકોને જે હેરાન કર્યા તેને લઈને બાપુએ માત્ર ૫૦૦ રૂપિયામાં કોરોનાનું પ્રાથમિક ટેસ્ટીંગ થઈ શકે એવી નાનકડી કીટ મિડિયા ,સમક્ષ રજૂ કરીને ભાજપ સરકારની પોલ ખોલી નાંખી છે. તેમણે હિંમતભેર જાનના જોખમે કોરોના સીવીલ હોસ્પિટલમાં જઈને તંત્રની ખબર લઈ નાંખતા ભાજપના નપાણિયા નેતાઓના હું પણ કોરોના વોરિયર....ઝૂંબેશની હવા કાઢી નાંખી છે. તેમના ટેકેદારો કહે છે કે વાઘેલાબાપુ ભાજપ માટે નહલે પે દેહલા સમાન છે. તેથી તેમને રોકવાના પેંતરા શરૂ થયા છે. આવતીકાલે ગુરૂવારે વાઘેલાબાપુ પત્રકાર પરિષદ યોજીને જવાબ આપે તેમ છે.

અનલોક ૧માં શરતો સાથે ખુલશે દ્વારકા-સોમનાથ સહિત હજારો મંદિરો

ગાંધીનગર

સોશ્યલ ડિસ્ટન્સ સહિતની શરતોને આધીન ગુજરાતમાં તા.૮ જૂનને સોમવારથી તમામ ધર્મસ્થળો ખોલવાની મંજુરી અપાઈ છે ત્યારે મંદિરોના સંચાલકો, ટ્રસ્ટીઓ, પૂજારીઓ વગેરે દ્વારા આ માટે તૈયારીનો ધમધમાટ શરુ થયો છે. વિશ્વ પ્રસિધ્ધ પુરાતન અને કરોડો ભક્તોના આસ્થાકેન્દ્ર એવા સોમનાથ મહાદેવ મંદિર, દ્વારકાધીશ મંદિર સહિતના મંદિરોએ રોજ હજારોની સંખ્યામાં ભક્તો ઉમટતા હોય છે ત્યારે ત્યાં સોશ્યલ ડિસ્ટન્સનું અને ચેપ ન પ્રસરે તેનું ધ્યાન રાખવા સાથે સલામતિ બંદોબસ્ત માટે ખાસ તૈયારીઓ શરુ થઈ રહી છે. અઢી માસ બાદ ભાવિકો મંદિરોમાં જઈને દર્શન કરી શકશે તે વાતે રાહત અનુભવી રહ્યા છે ત્યારે નાના-મધ્યમ મંદિરો કે જયાં સામાન્ય દિવસોમાં દર્શનાર્થીઓની સંખ્યા ઓછી રહેતી હોય છે અને જયાં કાર્યક્રમો પણ થતા નથી હોતા ત્યાં તો સોશ્યલ ડિસ્ટન્સનું પાલન સરળ રહેશે. પરંતુ, સૌરાષ્ટ્રમાં સોમનાથ મહાદેવ મંદિર અને દ્વારકાધીશ મંદિરે તો રોજ સામાન્ય કામકાજના દિવસોમાં પણ પંદર-પંદર હજાર ભાવિકો આવતા હોય છે જે સંખ્યા રવિવાર સહિતની જાહેર રજાઓ, પુનમ, શિવરાત્રિ, સોમવાર જેવા ખાસ દિવસો અને પર્વના દિવસોએ તો ડબલથી વધી જતી હોય છે. જેમ કે મહાશિવરાત્રિએ સોમનાથ મંદિરે એક લાખ ભાવિકોએ દર્શન કર્યા હતા. ઉપરાંત ચામુંડા માતાજી મંદિર ચોટીલા, ખોડલધામ, રાજકોટ સહિતના સ્થળે સ્વામિનારાયણ મંદિરે, જલારામ બાપા (વીરપુર),સીદસર સહિત અનેક મંદિરોએ ખાસ કરીને રજાના દિવસોએ ચિક્કાર ભીડ રહેતી હોય છે. જો કે દેશમાં કોરોના મહામારી હજુ યથાવત્ છે ત્યારે બહારના રાજયો, દૂરના જિલ્લાઓમાંથી લોકો આવવાનું ટાળશે, કારણ કે મંદિરનો સમય પણ રાત્રે ૯થી સાંજે ૫ સુધી હાલ અમલી કર્ફ્યુને ધ્યાને લઈને રાત્રિના વહેલો કરાશે. આ કારણે રાત્રિ પહેલા ઘરે પહોંચી શકાય તે રીતે સૌરાષ્ટ્રના જિલ્લામાંથી લોકો વધુ આવશે.

સોમનાથ મંદિરના સૂત્રોએ જણાવ્યું કે સોમવારથી મંદિર ખોલવા નિર્ણય લેવાયો છે અને સોશ્યલ ડિસ્ટન્સનું પાલન ચૂસ્ત રીતે કરાશે. એક સ્વૈચ્છિક સંસ્થા દ્વારા હાથ ધોવા માટે સેનેટાઈઝર મશીનો મંદિરોને અપાયા છે. મંદિરમાં માત્ર દર્શન જ કરી શકાશે અને આરતી વખતે અગાઉ જેમ લોકો ભાગ લેતા તેમ ભાવિકોને આવવા દેવાશે નહીં. તો દ્વારકાધીશ મંદિરના સૂત્રોએ જણાવ્યું કે મંદિર ખોલવામાં આવશે પરંતુ, દર્શનાર્થીઓ ઓછા પ્રમાણમાં જ ક્રમશઃ પ્રવેશ અપાશે અને આ માટે સુરક્ષા અને વ્યવસ્થા માટે તૈયારીઓ થઈ રહી છે.

રાજ્ય સરકારે મંદિરોમાં ભીડ થાય તેવા કોઈ પણ કાર્યક્રમ, જેમ કે સમુહ પ્રાર્થના સત્સંગ સભા, કથા-સપ્તાહ, પર્વ ઉજવણી વગેરે પર નિયંત્રણ રાખ્યા છે. પરંતુ, ખાસ કરીને લાખો ભાવિકો જેઓ મંદિરે દર્શન કરવાનો સદીઓથી નિયમ રાખતા હોય છે તેઓને રાહત રહેશે. ઉલ્લેખનીય છે કે લોકડાઉનથી મંદિરોમાં પણ નાણાભીડ સર્જાઈ છે, દ્વારકાધીશ જેવા જગવિખ્યાત મંદિરમાં રોજની ત્રણ લાખ સામે હાલ ૩૦ હજારની આવક છે અને તે પણ એક ભક્ત દ્વારા રોજના રૂા.૨૧ હજાર અપાય છે. ત્યારે નાના મંદિરોનો નિભાવ પણ મૂશ્કેલ બન્યો છે.

અમરેલી જાફરાબાદ દરિયામાં વાવાઝોડાને કારણે કરંટ જોવા મળતા ૨૩ ગામો કરાયા અલર્ટ

અમરેલી

અમરેલી જાફરાબાદ દરિયામાં વાવાઝોડાને કારણે કરંટ જોવા મળ્યો છે. બાબરકોટના દરિયામાં પણ મોજા ઉછળતા દેખાયા અને જાફરાબાદ બંદર પર ૨ નંબરનું સિગ્નલ યથાવત રાખવામાં આવ્યું છે અને વરસાદ પડવાની શક્યતાને લઈને તંત્ર પણ એલર્ટ થઈ ગયું છે. સાથે જ માછીમારોને પણ દરિયામાં ન જવા માટે સૂચના આપવામાં આવી છે અને એનડીઆરએફની ટીમ પણ તૈનાત કરી દેવામાં આવી છે. મહત્વનું છે કે જિલ્લાના ૨૩ ગામોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે અને ત્યા મેડીકલ ટિમ પણ એલર્ટ કરી દેવામાં આવી છે.

આંતરિક વિખવાદના કારણે ગુજરાત હાઈકોર્ટ વકીલ એસો.ના પ્રમુખે આપ્યું રાજીનામું

ગાંધીનગર

યતીન ઓઝાએ ગુજરાત હાઈકોર્ટ વકીલ એસો.ના પ્રમુખ પદેથી રાજીનામું આપ્યું છે. યતીન ઓઝાએ કોર્ટના આંતરિક વિખવાદને કારણે રાજીનામુ આપ્યું છે. કોરોનાને અંતર્ગત હાઈકોર્ટમાં ઓનલાઈન કે ફિઝિકલ કોર્ટો શરુ કરવા અંગે વકીલો વચ્ચે વિખવાદ થતા યતીન ઓઝાએ રાજીનામુ આપ્યુ છે. ગુજરાત હાઈકોર્ટના સિનિયર વકીલે પ્રમુખ પદેથી રાજીનામુ આપતા વકીલ આલમમાં દુઃખની લાગણી પ્રસરી છે.

ગુજરાતમાં કોરોના એક્ટીવ દર્દીઓના પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો, રાજ્યમાં માત્ર ૪૬૩૧ કેસ

અમદાવાદ

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી કોરોનાના કેસો સતત વધી રહ્યા છે. ત્યારે અમદાવાદ અને ગુજરાત માટે સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. વાત એવી છે કે, રાજ્યમાં એક્ટીવ દર્દીઓના પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. ૧૫ દિવસ પહેલા ૫૩.૧૯ ટકાની સામે હવે એક્ટિવ દર્દીઓ ઘટીને ૨૬.૩૫ ટકા થયા છે. ગુજરાતમાં હાલ, ૪૬૩૧ એક્ટિવ કેસ છે. જ્યારે અમદાવાદમાં ૩૧૫૮ એક્ટિવ કેસ છે.

ગુજરાત માટે મોટી રાહતના સમાચાર એ પણ છે કે, અત્યાર સુધીમાં ગઈ કાલે સૌથી વધારે ૧૧૧૪ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. એવી જ રીતે અમદાવાદમાં પણ સૌથી વધુ ૧૦૧૯ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. આમ ગઈ કાલે અમદાવાદ પછી સુરતમાં ૩૨, સાબરકાંઠામાં ૨૦, વડોદરામાં ૯, કચ્છમાં ૭, દાહોદમાં ૪, ખેડામાં ૪, આણંદમાં ૩, અરવલ્લીમાં ૩, મહેસાણામાં ૩, ગાંધીનગરમાં ૨, ગીરસોમનાથમાં ૨, રાજકોટમાં ૨, તાપીમાં ૨, જૂનાગઢમાં ૧ અને પાટણમાં એક દર્દીએ કોરોનાને મ્હાત આપી છે.

એની સામે ગઈ કાલે ગુજરાતમાં ૪૧૫ કેસ નોંધાયા હતા. જેમાંથી અમદાવાદમાં ૨૭૯, સુરતમાં ૫૮, વડોદરામાં ૩૨, ગાંધીનગરમાં ૧૫, મહેસાણામાં ૫, ભાવનગરમાં ૪, ભરુચમાં ૪, દાહોદમાં ૪, ખેડામાં ૩, પંચમહાલ, કચ્છ અને સુરેન્દ્રનગરમાં ૨-૨, જ્યારે બનાસકાંઠા, પાટણ, નર્મદા, વલસાડ અને નવસારીમાં એક-એક કેસ નોંધાયા છે. જ્યારે ૨૯ લોકોના કોરોનાને કારણે દુઃખદ નિધન થયાં છે, જેમાં અમદાવાદમાં ૨૪, અરવલ્લીમાં ૨ અને સુરત, મહેસાણા અને જૂનાગઢમાં એક-એક વ્યક્તિનું મોત થયું છે.

મૂળ ગુજરાતી વિદ્યાર્થિનીએ અમેરિકા શિક્ષણમાં સર્વોચ્ચ US પ્રેસિડેન્શિયલ એવોર્ડ મેળવ્યો

વડોદરા

મૂળ વડોદરાની વિદ્યાર્થિની અને અમેરિકાના ઈલિનોઈસ રાજ્યમાં જન્મેલી શીના ત્રિવેદીએ શિક્ષણમાં અભૂતપૂર્વ સિદ્ધી મેળવી છે. શીનાએ વિવિધ નવ એવોર્ડ સાથે અમેરિકાનો સર્વોચ્ચ્ેં જી પ્રેસિડેન્શિયલ એવોર્ડ મેળવ્યો છે. શીના ત્રિવેદી રોસેલે સિટીમાં આવેલા ઈલિનોઈસમાં લેક પાર્ક એજ્યુકેશનલ ફાઉન્ડેશનની વિદ્યાર્થી છે અને તેણે ૭ સેમેસ્ટરના અંતે ૫.૦થી વધુ ૅંછ મેળવ્યો છે, જે બદલ શીનાને ઈલિનોઈસ રાજ્ય દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ેંજી પ્રેસિડેન્શિયલ એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવી હતી. આ સાથે શીના ત્રિવેદીએ બે સ્ટેટ સ્કોલર સ્કોલરશિપ સાથે વિવિધ ૯ એવોર્ડ મેળવ્યા છે. શીના ત્રિવેદી અભ્યાસની સાથે તેની માતા હિના ત્રિવેદીની જેમ સામાજિક સેવા પણ કરી રહી છે. લોકડાઉન દરમિયાન ઘરની બહાર ન નીકળી શકનારા અનેક જરૂરીયાત વાળા બાળકો માટે શીનાએ ભોજન સહિતની વ્યવસ્થાઓ કરી હતી.

શીના ત્રિવેદીની માતા હીના ત્રિવેદી ૪૦ વર્ષ અગાઉ વડોદરાથી અમેરિકામાં સ્થાયી થયાં હતાં. અમેરિકામાં વર્ષોથી સ્થાયી થયાં હોવા છતાં હીના ત્રિવેદીનાં પરિવારે ગુજરાતી કલ્ચર જાળવી રાખ્યું છે. હિના ત્રિવેદી શિકાગોમાં ભારતીય સમુદાયના નેતા છે. વર્ષ ૨૦૧૭માં બેંગ્લોરમાં યોજાયેલા પ્રવાસી ભારતીય દિવસ માટે પ્રતિનિધિ તરીકે હીના ત્રિવેદીને ભારત સરકાર દ્વારા આમંત્રણ અપાયું હતું. હીના ત્રિવેદી અમેરિકામાં મૂળ ભારતીયોની બીજી અને ત્રીજી પેઢીને તેમજ વિદ્યાર્થીઓને ભારતીય ઈતિહાસ અને સંસ્કૃતિ વિશે શીખવે છે. હીના ત્રિવેદીને માનવતાવાદી સેવા માટે મેલ્વિન જોન્સ ફેલો એવોર્ડ મળ્યો હતો અને હાલમાં તે ઈન્ડો-યુએસ લાયન્સ ક્લબના પ્રમુખ છે.

૮મી જૂને નહીં ખૂલે પાવાગઢ મંદિર, ૨૦ જૂને મામલે આખરી નિર્ણયઃ મંદિર ટ્રસ્ટ

પંચમહાલ

કોરોના મહામારી વચ્ચે લોકડાઉન ૫.૦માં ધાર્મિક સ્થળો ખોલવાની પરવાનગી મળ્યા બાદ રાજ્યમાં પર્યટન અને ધાર્મિક પ્રવૃત્તિઓ શરૂ કરવાની તૈયારી કરાઈ રહી છે. હવે રાજ્ય સરકારે રાજ્યમાં જાણીતા મંદિરો ખોલવા માટે ૮મી જૂનથી પરવાનગી વચ્ચે આજે એક મોટા સમાચાર મળી રહ્યા છે. પાવાગઢ મંદિર ખુલવા મામલે ૨૦ જૂને આખરી નિર્ણય લેવામાં આવશે. આમ તો ૮મી જૂને તમામ મંદિરો ખોલવાની મંજૂરી અપાઈ છે, તેમ છતાં પાવાગઢ મંદિરમાં મહાકાળીના દર્શન કરવા માટે ભક્તોએ કાગડોળે રાહ જોવી પડશે. મંદિરના નવ નિર્માણનું કામ ચાલુ હોવાથી મંદિર ૨૦મી જૂને આખરી નિર્ણય લેશે. પરંતુ તેના સિવાય રાજ્યમાં તમામ સુપ્રસિદ્ધ મંદિરો ૮ જૂનથી ખુલી જશે, અને તેની પરવાનગી સરકારે આપી છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, પાવાગઢ મંદિર ટ્રસ્ટનો મંદિર શરૂ કરવા બાબતે મોટો ખુલાસો કર્યો હતો. તેમણે જણાવ્યું કે, આગામી ૨૦ જૂન સુધી નિજ મંદિર નહીં ખોલવાનો નિર્ણય લેવાયો છે જેના કારણે ભક્તોએ મા મહાકાળીના દર્શન માટે કાગડોળે રાહ જોવી પડશે. મંદિર દ્વારા એવું કારણ આપવામાં આવ્યું છે કે, મંદિરના નવ નિર્માણનું કાર્ય ચાલુ હોવાથી આખરી નિર્ણય ૨૦મી જૂને લેવાશે. સરકાર દ્વારા લોકડાઉન બાદ ૮મી જૂનથી મંદિર ખોલવાની પરવાનગી આપવામાં આવી છે, ત્યારે મહાકાળી મંદિર ટ્રસ્ટે પોતાના લેટરપેડ પર આ મોટી જાહેરાત કરી છે.

જાહેર કરાયેલા નિવેદન મુજબ ચારધામ યાત્રા શરૂ કરવામાં આવશે. પરંતુ પ્રવાસ મર્યાદિત સંખ્યાથી શરૂ થશે. અન્ય રાજ્યોથી બસો ચલાવવાની મંજૂરી ચારધામ યાત્રા પ્રવાસીઓ અને અન્ય રાજ્યોના યાત્રિકો માટે ખોલવામાં આવશે. અન્ય રાજ્યોના પરસ્પર કરાર બાદ જ બસો ચલાવવાનો નિર્ણય લેવામાં આવશે. કોરોના રોગચાળાને કારણે, પ્રખ્યાત ધામ ગંગોત્રી, યમુનોત્રી, કેદારનાથ, બદ્રીનાથના કપાટ ખોલ્યા પછી જ યાત્રાનું સંચાલન સંપૂર્ણપણે બંધ થઈ ગયું છે.

ઉત્તરાખંડમાં બદ્રીનાથ ધામના દરવાજા લાંબા શીતાવકાશ પછી ૧૫ મેના ખોલવામાં આવ્યા હતા. પરંતુ આ પ્રસંગે લોકડાઉન થવાને કારણે બદ્રીનાથમાં કોઈ હાજર નહોતું. માત્ર ગણતરીના દર્શનાર્થીઓ દ્વારા મંદિરમાંપ્રવેશ અપાયો હતો. જ્યારે ગયા વર્ષે કપાટ ખોલ્યા બાદ પ્રથમ દિવસમાં આશરે ૧૦,૦૦૦ ભક્તો આવ્યા હતા અને મંદિરની મુલાકાત લીધી હતી. જો કે આ વખતે કોરોના અને લોકડાઉનના કારણે દર્શનાર્થીઓની સંખ્યા ઘટશે.

રાજ્યમાં લૉકડાઉન એક ભૂતકાળ પણ કોરોનાનું સંક્રમણ ચાલુ, સોશિયલ ડિસ્ટન્સ રાખવું જરૂરી

નિસર્ગ વાવાઝોડાથી દક્ષિણ ગુજરાતના ૫ જિલ્લામાં અસર થવાની ભીતિઃ નીતિન પટેલ

ગાંધીનગર

અનલૉક ૧ અંતર્ગત ૧ જૂનથી સરકારી કચેરીઓ અને મંત્રીઓની કચેરીઓમાં કાર્યારંભ ફરી પૂર્વવત થયા બાદ આજે બુધવારે મુખ્ય મંત્રીશ્રી વિજય ભાઈ રૂપાણીના અધ્યક્ષ સ્થાને રાજ્યમંત્રી મંડળની પ્રથમ કેબિનેટ બેઠક સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમોના પાલન સાથે સ્વર્ણિમ સંકુલમાં મળી હતી.

કેબિનેટ બેઠક બાદ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે માહિતી આપતા જણાવ્યું કે, આજની કેબિનેટ બેઠકમાં ગુજરાતની અત્યારની વર્તમાન પરિસ્થિતિની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકમાં કોરોના સામે આરોગ્યની સેવા અંગે પ્રેઝન્ટેશન કરાયું હતું. રાજ્યમાં લૉકડાઉન એક ભૂતકાળ બની ગયું છે, પરંતુ હા. કોરોના વાયરસનું સંક્રમણ ચાલુ છે. રાજ્યના તમામ નાગરિકોએ માસ્ક, સોશિયલ ડિસ્ટન્સ રાખવું જરૂરી છે.

નિસર્ગ વાવાઝોડુ દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ વલસાડ, સુરત, ડાંગ સહિતના પાંચ જિલ્લાઓને અસર કરે છે. ભારે પવન સાથે વરસાદ પડે તેવી સંભાવના છે. ત્યારે સમગ્ર વહીવટીતંત્ર બધી જ રીતે હાઈએલર્ટ પર છે. તમામ જિલ્લાઓના કલેકટરો અધિકારીઓ અને હાઇ એલર્ટ પર મૂક્યું છે. એનડીઆરએફની ટીમો પણ ભારત સરકાર દ્વારા પૂરતા પ્રમાણમાં આપવામાં આવી છે. ગઈકાલે પણ એનડીઆરએફની ટીમો પણ ગૃહમંત્રી અમિત શાહે ફાળવી આપી છે. આ વાવાઝોડું લગભગ પાંચથી છ કલાકના સમય સુધી ભારે પવન અને ભારે વરસાદથી અસર કરશે.

ત્યારબાદ નીતિન પટેલે નિસર્ગ વાવાઝોડાને લઈને બેઠકમાં થયેલી ચર્ચા વિશે વાત કરી હતી. તેમણે જણાવ્યું કે, નિસર્ગ વાવાઝોડું મુંબઈ, દક્ષિણ ગુજરાત તરફ જઈ રહ્યું છે. સૌરાષ્ટ્રને હાલ કોઈ ખતરો દેખાતો નથી. પરંતુ દક્ષિણ ગુજરાતના ૫ જિલ્લામાં અસર જોવા મળશે. વાવાઝોડાના કારણે વહિવટી તંત્ર હાઈએલર્ટ પર છે. દ્વ્ઢઈદ્ધની ટીમ પણ વધુ પ્રમાણમાં ફાળવી દેવાઈ હોવાની વાત જણાવી છે. વાવાઝોડાને પહોંચી વળવા તમામ કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. અસરગ્રસ્ત વિસ્તારમાંથી હજારોની સંખ્યામાં નાગરિકોનું સ્થળાંતર કરાયું છે તથા ફેક્ટરીઓ બંધ રાખવા સૂચના પણ અપાઈ હોવાનું જણાવ્યું હતું.

કેબિનેટ બેઠકમાં કોરોના વાયરસની બીમારી સામે આરોગ્યની સેવાઓ તેનું પણ પ્રેઝન્ટેશન આરોગ્ય વિભાગ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું.

ધાબા પર એકલી સૂઈ રહેલી સગીરાના ભેગું સૂઈ ગયો યુવક, મામલો પહોચ્યો પોલીસ સ્ટેશને

અમદાવાદ

અમદાવાદમાં વરસાદી માહોલની વચ્ચે પણ કાળઝાળ ગરમીમાં હાલમાં લોકો ધાબા પર સૂવાનું સૌથી વધારે પસંદ કરે છે. ગરમીની સિઝનમાં ટેરેસ અમદાવાદમાં ભરાયેલા જ હોય છે. આ સમયે એક કપાતરે એવું કામ કર્યું છે કે સમગ્ર મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો છે. આવો જ એક બનાવ કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં નોંધાયો છે. આ અંગેની વિગતો એવી છે કે, હાલમાં કાળઝાળ ગરમી વચ્ચે ગીતા મંદિર બસ સ્ટેશન વિસ્તારમાં રહેતો એક પરિવાર હાલમાં રાત્રિ દરમિયાન ધાબા પર સુવા માટે જાય છે.

સવાર સવારમાં મહિલા ઘરનું કામ હોવાથી વહેલી સવારમાં નીચે ઉતરી જતી હતી અને દિકરી એકલી ધાબા પર સૂઈ રહેતી હતી. આ તકનો લાભ ઉઠાવી પડોશમાં રહેતો યુવાન તેમની સગીર દીકરીની બાજુ આવી ને સુઈ ગયો હતો અને શારીરિક અડપલાં કરવા લાગ્યો હતો. જોકે, આ મામલે સગીરાએ માતાને જણાવી દેતાં માતાએ આ નરાધમને બોલાવીને ફરી આવું ન કરવા માટે ઠપકો પણ આપ્યો હતો. ૩૧મીના રોજ ફરી તેઓ રાતે ધાબા પર ઊંઘવા માટે જતાં આ યુવાન પણ તેની માતાની સાથે ધાબા પર આવ્યો હતો.

જેથી સગીરાની માતાએ આ બાબતે યુવાનની માતાને આ બાબતે જાણ કરી ઠપકો આપવાનું સમજાતાં ઉશ્કેરાયેલી મહિલાએ ચોર કોટવાળને દાટેની જેમ ઉલટાની સગીરાની માતા સાથે ચડભડ કરી હતી. આખરે આ મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચતાં પોલીસે આ કેસમાં ફરિયાદ નોંધી વધુ તજવીજ હાથ ધરી છે.

સરદાર સરોવર ડેમની સપાટીમાં ધરખમ વધારો નોંધાતા રાજ્યના ખેડૂતો થયા આનંદિત

ગાંધીનગર

કોરોના વાયરસ, વાવાઝોડું, તીડ અને ભારે વરસાદ વચ્ચે હાલ એક ગુજરાત માટે સારા સમાચાર મળી રહ્યા છે. સરદાર સરોવર નર્મદા ડેમની સપાટીમાં ધરખમ વધારો નોંધાતા ગુજરાત સરકારને મોટી રાહત થઈ છે. સરદાર સરોવર નર્મદા ડેમની સપાટીમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. આજે નર્મદા ડેમ સપાટી ૧૨૩.૦૨ને પારથી પહોંચી ગઈ છે. ઐતિહાસિક સપાટીએ પહોંચી જતા તંત્રની સાથે ખેડૂતોમાં પણ ખુશીની લહેર પ્રસરી ગઈ છે.

સરદાર સરોવર ડેમની સપાટીમાં ધરખમ વધારો નોંધાતા રાજ્યના ખેડૂતો આનંદિત થયા છે. સરદાર સરોવર ડેમની સપાટીમાં ૫ દિવસમાં ૨ મીટરનો વધારો નોંધાયો છે. ડેમની સપાટી હાલ ૧૨૩.૦૨ મીટર પર પહોંચી ગઈ છે. ઉપરવાસમાંથી ૧૨૦૦૦ ક્યુસેક પાણીની આવક થતા સરદાર સરોવર ડેમની સપાટીમાં નોધપાત્ર વધારો નોંધાયો છે. ડેમમાં ૧૭૬૫ સ્ક્ષ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. મુખ્ય કેનાલમાં ૬૦૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, સરદાર સરોવર નર્મદા ડેમની સપાટીમાં ધરખમ વધારો નોંધાતા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર ખુશખુશાલ દેખાઈ રહી છે. સરોવર ડેમમાં છેલ્લા ૫ દિવસમાં ૨ મીટરનો ધરખમ વધારો નોંધાયો છે. હાલમાં ડેમની સપાટી ૧૨૩.૦૨ મીટર પર પહોંચી ગઈ છે. ડેમનું મહત્તમ લેવલ ૧૩૮.૬૮ મીટર છે. ત્યારે હાલ ઉપરવાસમાંથી ૧૨૦૦૦ ક્યુસેક પાણીની આવક થવા પામી છે. ડેમમાં ૧૭૬૫ mcm (મિલિયન ક્યુબીક મીટર) લાઈવ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. જેથી ગુજરાત માટે મુખ્ય કેનાલમાં ૬૦૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

નિસર્ગ વાવાઝોડાના ખતરા વચ્ચે ભાવનગરના દરિયામાં ભેદી બ્લાસ્ટ, તપાસમાં લાગ્યું તંત્ર

ભાવનગર

ભાવનગર જિલ્લા પર કોરોનાની સાથે હવે નિસર્ગ વાવાઝોડાનો ખતરો મંડરાયો છે. ત્યારે હાલ એક મોટા સમાચાર મળી રહ્યા છે. નિસર્ગ વાવાઝોડાના ખતરા વચ્ચે ભાવનગરના દરિયામાં બ્લાસ્ટ થયો છે. ભાવનગરના કુડા ગામ પાસે મધદરિયે ભેદી બ્લાસ્ટ થતા તંત્ર સહિત લોકો આશ્ચર્યમાં મૂકાઈ ગયા હતા. ભાવનગરના દરિયામાં બ્લાસ્ટને લઈને તંત્ર સાબદું થઈ ગયું છે અને હરકતમાં આવી ગયું છે. ભાવનગરના કુડા ગામ પાસે દરિયાની વચ્ચે ભેદી બ્લાસ્ટ થતા કાળા ડિબાંગ ધુમાડા દેખાયા હતા. આ બ્લાસ્ટ શેના કારણે થયો છે તેની તપાસમાં તંત્ર જોતરાઈ ગયું છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે હવે સૌરાષ્ટ્રને નિસર્ગ વાવાઝોડાથી કોઈ ખતરો નથી, પરંતુ દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી કરી દીધી છે. હાલ ભાવનગર બંદર ઉપર બે નંબરનું સિગ્નલ લગાવી દેવામાં આવ્યું છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, અરબી સમુદ્રમાં સર્જાયેલું ડિપ્રેશન નિસર્ગ વાવાઝોડામાં પરિવર્તિત થઈ ગયું છે અને બપોર પછી મહારાષ્ટ્રના દરિયાકાંઠે ટકરાશે. અગાઉ હવામાન વિભાગે ભાવનગર જિલ્લામાં વાવાઝોડું ત્રાટકવાની આગાહી કરાઈ હતી, પરંતુ વાવાઝોડાએ પોતાની દિશા બદલી નાંખી હતી. દરિયાઈ માર્ગે ઉભી થયેલી આફતને લઈ દરિયાઈ પટ્ટીના અનેક ગામને એલર્ટ કરી દેવાયા છે. નિસર્ગ વાવાઝોડાને કારણે જિલ્લાના દરિયામાં કરંટ વધી રહ્યો છે, ત્યારે આજે ભાવનગરના દરિયામાં બ્લાસ્ટને લઈને તંત્ર સાબદું થઈ ગયું છે અને હરકતમાં આવી ગયું છે. ભાવનગરના કુડા ગામ પાસે દરિયાની વચ્ચે ભેદી બ્લાસ્ટ થતા કાળા ડિબાંગ ધુમાડા દેખાયા હતા. હાલ ગુજરાત મેરીટાઈમ બોર્ડ (જીએમબી) દ્વારા બુધવારે બે નંબરનું સિગ્નલ લગાવાયું છે.

ગુજરાતને ગોલ્ડ મેડલ અપાવનાર એથલિટ સરિતા આજે પાણી ભરવાની કતારમાં



ડાંગ

આ છે વાઈબ્રન્ટ ગુજરાત !! દેશભક્તિ આ કહેવાય કે જયાં ગુજરાતને એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ અપાવનાર એથલિટ સરિતા ગાયકવાડે કિલોમીટર ચાલીને બેડા ઊંચકીને પાણી માટે કતારોમાં રહેવું પડે? ૨૦૧૮માં જયારે સરિતા ગાયકવાડના ગોલ્ડ જીતવાના સમાચાર આવ્યા ત્યારે આખા ભારતે ડાંગની આ દિકરીના વખાણ કર્યા હતા, અને આજે જુઓ તેમણે પાણીની સમસ્યા સામે લડવા બેડા લઈ કતારમાં ઉભું રહેવું પડે છે. શરમથી માથું ઝૂકી જાય જયારે ગુજરાતના ગૌરવ સમા એથલિટની આવી હાલત જોવી પડે. કોઈ સવાલ પુછે એ ખરેખર ના ગમતું હોય તો કામ એવું કરવું કે જેના પર સવાલ જ ના થાય.

નિસર્ગ વાવાઝોડાને પગલે પાંડેસરામાં જર્જીરીત બિલ્ડીંગોની પાલિકા કમિશનરે મુલાકાત લીધી



સુરત

પાંડેસરા અને અડાજણ વિસ્તારમાંથી નિસર્ગ વાવાઝોડાની સંભવિત અસરને પગલે લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યાં છે.અડાજણના રેવાનગર ઝૂપડપટ્ટીમાંથી ૭૦ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. પાંડેસરા વિસ્તારમાં આવેલા ૯૦ના જર્જરીત બિલ્ડીંગોની પાલિકા કમિશનરે મુલાકાત લીધી છે. પાલિકા કમિશનરની હાજરીમાં જર્જરીત બિલ્ડીંગમાં રહેતા લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. સાથે જ આ બિલ્ડીંગ જોખમી હોય તેની નજીક ન જવા લોકોને સૂચના આપતું બેનર પણ લગાવી દેવામાં આવ્યું છે.

નિસર્ગ વાવાઝોડાને લઈને તંત્ર એલર્ટ થયું છે. સુરતમાં ઝડપી પવન ફુકાવવાની શક્યતા રહેલી છે. તેમજ અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેને લઈને તંત્ર એલર્ટ થયું છે. સુરતમાં મનપા કમિશનરે સુરતના પાંડેસરા વિસ્તારની મુલાકત લીધી હતી. અહિં ૯૦ના જર્જરીત બિલ્ડીંગો આવેલા છે. તંત્ર દ્વારા અહિં તકેદારીના ભાગરૂપે તમામ બિલ્ડીંગ ખાલી કરાવવામાં આવી હતી અને તમામ લોકોને સલામત સ્થળે ખસેડ્યા હતાં. મનપા કમિશ્નર ખુદ અહી હાજર રહ્યા હતા તેમણે હાજર રહી આ કામગીરી કરાવી હતી

અડાજણના રેવાનગર ઝૂંપડપટ્ટીના ૭૦ લોકોને વાવાઝોડાની સંભવિત અસરને પગલે નજીકની મહાત્મા ગાંધી સ્કૂલમાં ખસેડવામાં આવ્યાં છે. તમામ લોકો અડાજણ બદ્રીનારાયન મંદિર પાસેની રેવા નગર ઝૂંપડપટ્ટીના રહેવાસી છે. નદી કિનારે કાચું ઝૂંપડું બાંધીને તમામ લોકો રહેતા હતાં. જેમને વાવાઝોડાની અસર પુરી ન થાય અને નવો સંદેશ ન મળે ત્યાં સુધી સ્કૂલમાં રહેવા સૂચના આપી દેવામાં આવી છે.

વાપી-સુરતના કેમિકલ ઈન્સ્ટ્રીઝ કરાઈ બંધ, લોકોને સલામત સ્થળે ખસેડાયા

સુરત

નિસર્ગ વાવાઝોડાની સંભાવનાને પગલે રાજ્યનું વહીવટી તંત્ર સતર્ક અને સક્ષ બનીને સમગ્ર પરિસ્થિતિ પર છેલ્લા ૨૪ કલાકથી નજર રાખી રહ્યું છે. આ બાબતે અધિક મુખ્ય સચિવ પંકજ કુમારે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતના વલસાડ અને નવસારી જિલ્લામાં વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે. મિસલ વાવાઝોડાની સંભાવનાના પગલે દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી અને દરિયાકાંઠાના વિસ્તારોમાં ૧૦૦ થી ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાકની તીવ્રતાથી પવન ફૂંકાવાની શક્યતા છે. આ સાથે જ આ વિસ્તારોમાં ભારે વરસાદની પણ શક્યતાઓ તંત્ર દ્વારા રાખવામાં આવી રહી છે. જેને લઈને સુરત, વલસાડ અને અન્ય શહેરોમાં ૨૩૬ જેટલા વિશાળકાય હોર્ડિંગ્સ પણ ઉતારી લેવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, વાવાઝોડાના કારણે વાવાઝોડાની અસરની સંભાવનાવાળા વિસ્તારમાં ૨૫૦થી વધુ એમ્બ્યુલન્સને પણ સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે. આ સાથે જ ૧૭૦ જેટલી મેડિકલ ઈમરજન્સી ટીમોને પણ આ વિસ્તારમાં તૈનાત રાખવામાં આવી છે. જ્યારે ૫૦ હજાર લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. તેમજ કોવિડ ૧૯નું સોશિયલ ડિસ્ટન્સ પણ જાળવવામાં આવ્યું છે.

વલસાડ જિલ્લા વહીવટી તંત્ર નિસર્ગ વાવાઝોડાને પહોંચી વળવા સજ્જ

વલસાડ

નિસર્ગ વાવાઝોડાને પહોંચી વળવા માટે જિલ્લા વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. વલસાડના ઉમરગામ, પારડી અને વલસાડ તાલુકાના ૩૪ જેટલા ગામોમાં દરિયાકિનારાની પટ્ટીમાં ત્રણ કિલો મીટરની ત્રિજયામાં આવતા તમામ કાચા ઘરમાં રહેતા લોકોને સ્થળાતંરિત કરવામાં આવ્યા છે. અંદાજિત ૧૦ હજારથી વધુ લોકોને શેલ્ટર હોમમાં ખસેડવામાં આવ્યા છે. પાલિકા વિસ્તારમાં મુકવામાં આવેલા મોટા સાઈનબોર્ડ અને હોર્ડિંગ્સ ઉતારી લેવાયા છે. હોસ્પિટલોમાં પાવર કટ ન સર્જાય તે બાબતને લઈ કલેકટર પર ભાર મુકવામાં આવ્યો છે. આ તમામ અંગે વીજ કંપનીના અધિકારીઓ સાથે એક વિશેષ બેઠક કરી તમામને જરૂરી સુચનો આપવામાં આવ્યાં છે. હાલમાં નિસર્ગ વાવાઝોડાની અસરને પગલે વહેલી સવારથી વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે, તેમજ ધીમીધારે વરસાદ પણ વરસી રહ્યો છે. નોંધનીય છે કે, વલસાડ જિલ્લામાં વાવાઝોડાની નહિવત અસર જોવા મળશે. પરંતુ મુંબઈને અડીને આવેલા ઉંમરગામ તાલુકાના લોકોને વધુ અસર થાય એવી શક્યતાઓ વર્તાઈ છે, જેને પગલે ઉમરગામ તાલુકાના તમામ ગામોમાં સરકારી અધિકારીઓને મૂકવામાં આવ્યા છે અને તમામ તલાટી, સરપંચને લોકોના સંપર્કમાં રહેવા પણ જણાવ્યું છે.

ઉમલ્લા પાસે આવેલી રાજશ્રી પોલીફિલ કંપનીમા ભારદાર વસ્તુ પડતા બે કામદાર ના મોત



ભરુચ

માહિતી અનુસાર સવારના સમય દરમિયાન બે વ્યક્તિ કંમ્પનીમા હતા એ સમયે ઉપરથી તેમના ઉપર કોઈક ભારદાર વસ્તુ પડતા ગંભીર ઈજાઓ થતા બે કામદારો મોત ને ભેટ્યા હતા.

મરનાર બે મજૂરો માં (૧)સુરેશભાઈ સોમાભાઈ વસાવા અને (૨)રાકેશભાઈ રમેશભાઈ વસાવા નામના બે કામદારો ના ઘટના સ્થળે મોત થતા ઘટના ની જાણ ઉમલ્લા પોલીસ ને થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી બંને ના મૃતદેહો ને પી એમ અર્થે ઉમલ્લા હોસ્પિટલ ખાતે ખેસડવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે ઝગડીયા જી આઈ ડી સી મા પણ બે દિવસ અગાઉ એક કંમ્પની મા પણ એક કામદાર નું મૃત્યુ થયું હતું તેની સાહિ હજુ સુકાઈ નથી ત્યાંજ આજે આ ઘટના માં બે કામદારો ના મોત બાદ કંપનીઓ માં કામદારો નો મોત નો સિલસિલો યથાવત જોવા મળ્યો હતો.એક તરફ લોકડાઉન માં રાહત મળતા કંપનીઓને છૂટછાટ મળતાની સાથેજ કામદારો ના અકસ્માતે મોત થતા કસૂરવાર કોણ...? એ બાબત ચર્ચા માં રહી હતી. જોકે આ ઘટના બાબતે ઉમલ્લા પોલીસે ફરિયાદ દાખલ કરવા તજવીજ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

સુરતમાં ૭૦ દિવસે શરૂ થયેલી ST બસો 'નિસર્ગ' વાવાઝોડાને પગલે કરાઈ બંધ

સુરત

ગુજરાતમાં ૭૦ દિવસના કોરોના લોકડાઉન બાદ અનલોક ગુજરાતમાં એસટી બસ દોડતી થઈ હતી જેને વાવાઝોડા નિસર્ગનું ગ્રહણ લાગ્યું છે. કારણ કે ગુજરાતના ચાર જિલ્લામાં તેની જોરદાર અસર દેખાઈ રહી છે. ત્યારે આજે આ રૂટ પર બસો બંધ કરવામાં આવી છે.

નિસર્ગ વાવાઝોડાની એસટી વિભાગ પર અસર થઈ શકે છે. જરૂર જણાય તો દક્ષિણ ગુજરાત તરફ જતી એસટી બસ સેવા બંધ કરાશે. લોકડાઉન બાદ ૭૦ દિવસે એસટી બસ શરૂ થઈ છે. તો કોરોના બાદ નિસર્ગ વાવાઝોડાનું એસટી બસ પર ગ્રહણ છે. વલસાડ, સુરત, નવસારી, દમણ, દાદારાનગર હવેલીમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

નિસર્ગ વાવાઝોડાને લઈને સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. નિસર્ગ વાવાઝોડુ વધુ મજબુત બન્યું છે. અરબી સમુદ્રમાં ઉદ્ભભવેલું આ વાવાઝોડુ સુરતથી હાલ ૪૨૫ કિલોમીટર દૂર છે અને મહારાષ્ટ્ર તરફ આગળ વધી રહ્યું છે. આજે બપોર બાદ મહારાષ્ટ્રના દરિયા કિનારે વાવાઝોડુ ટકરાશે. દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં વાવાઝોડાની અસર થશે. વાવાઝોડાના કારણે વલસાડ, નવસારી, તાપીમાં ભારે વરસાદની આગાહી છે. તો સુરત, ડાંગ, નર્મદામાં પણ ભારે વરસાદ થઈ શકે છે. ભરૂચમાં પણ વરસાદી ઝાપટા પડવાની સંભાવના છે.

સુરતમાં જીમ ચાલુ કરવા અને આર્થિક રાહત આપવા કલેક્ટરને આવેદનપત્ર અપાયું



સુરત

જીમ ઓનર્સ એસોસિએશન ઓફ ગુજરાત દ્વારા સુરત કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું છે. કોરોના સંકટમાં લોકડાઉનના કારણે જીમ ઈન્ડસ્ટ્રીઝ બંધ રહી છે. હજુ પણ ચાલુ થઈ નથી. ત્યારે અનલોક-૧માં જીમ ઈન્ડસ્ટ્રીઝ ચાલુ કરવા માટે તથા આર્થિક રાહત આપવા માટે કલેક્ટર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. જીમના સંસાચલોક દ્વારા બોર્ડ બેનર સાથે કલેક્ટર કચેરીએ પહોંચ્યાં અને જીમ ઈન્ડસ્ટ્રીઝને થયેલા નુકસાન અંગ ઘટતું કરવા રજૂઆત કરવામાં આવી છે.

જીમ ઓનર્સ એસોરિએશન ઓફ ગુજરાતના ચેરમેન મોન્ટુ રાવલએ જણાવ્યું હતું કે, જીમ ઈન્ડસ્ટ્રીઝને જીવંત રાખવા માટે ચાલુ કરવા તથા આર્થિક સહાય આપવા આવેદનપત્ર આપવામાં આવ્યું છે. જીમના સંચાલકો દ્વારા રજૂઆત કરવામાં આવી છે. અમને આશા છે કે, ટેક્સ સહિતની બાબતમાં રાહત આપવામાં આવે તો જીમના લોકો પોતાના પરિવારનું ગુજરાન ચલાવી શકે.

નર્મદા : શાળાઓ ફી માટે વાલીઓને દબાણના કરે પહેલા સત્રની ફી માફ કરે : પ્રવિણસિંહ ગોહિલ



નર્મદામાં નવા સત્ર ચાલુ થતા પહેલા ફી મુદ્દે કેટલીક છૂટછાટ માટે અખિલ ભારતીય ગ્રાહક પંચાયત દ્વારા જિલ્લા કલેક્ટર ને આવેદન

રાજપીપળા

સમગ્ર દેશ માં છેલ્લા બે મહિનાથી લોક ડાઉન છે લોકોના વ્યાપાર ધંધા બંધ છે ત્યારે સરકાર દ્વારા પ્રથમ સત્રની ફી માફ કરવા સાથે શાળાઓ ફી માટે દબાણ ના કરે એ બાબત ની સરકાર ની સૂચના છતાં શાળાઓ હાલ ફી નું દબાણ આપી રહી છે ત્યારે અખિલ ભારતીય ગ્રાહક પંચાયત ના પ્રાંત કન્વીનર નર્મદા ના સંયોજક ગોપાલપુર ના પ્રવિણસિંહ ગોહિલ અને પ્રજ્ઞેશ રામી દ્વારા જિલ્લા કલેક્ટર નર્મદા ને મુખ્ય મંત્રી ને સંબોધતું લેખિત આવેદન પત્ર આપવામાં આવ્યું જેમાં સરકારની ગાઈડ લાઈન પ્રમાણે સૂચના આપો અને ફી બાબતે વાલીઓને કોઈ દબાણ ના આપે અને પ્રથમ સત્ર ની ફી માફ કરે સહીતની માંગણી કરી હતી.

આ બાબતે અખિલ ભારતીય ગ્રાહક પંચાયત ના પ્રાંત કન્વીનર નર્મદા સંયોજક ગોપાલપુરા ના પ્રવિણસિંહ ગોહિલે જણાવ્યું હતું કે છેલ્લા એક મહીનાથી શૈક્ષણિક ચાલુ સત્રની સ્કૂલો દ્વારા રાજ્યભરમાં થતી ઉઘરાણીના મામલે સર્વે કરાવી રહેલ છે. જે અંતર્ગત ૬૨% વાલીઓ કહ્યું કે સ્કૂલ તરફથી ફી ની ઉઘરાણી કરવામાં આવી છે પરંતુ અમને ફી ભરવાની આર્થિક તકલીફ છે. આ સંદર્ભે શિક્ષણમંત્રીને ગ્રાહક પંચાયતે પત્ર દ્વારા માંગ કરી છે કે કોરોના મહામારી ના કારણે શરૂઆતના ત્રણ મહિનાની ફી માં ૨૫ ટકાની રાહત આપે,જે સ્કૂલો ટ્રાન્સપોર્ટેશન અને મેસ માટેના ખર્ચ ઉઘરાવે છે, તે બંધ કરાવે,જે સ્કૂલોએ એફઆરસી સમક્ષ નવા ફી વધારાની અરજી કરી હોય, તે આ વર્ષ માટે બંધ રખાવે,ગ્રાહક પંચાયતે ઉપરોક્ત માંગણીઓનું આવેદનપત્ર આપ્યું છે.નર્મદા જિલ્લામાં પણ આવી ફરિયાદ ઉભી થતા આવેદન આપાયું છે.

ભરૂચ જિલ્લાના ૨૫ ગામને એલર્ટ કરાયા

નિસર્ગ વાવાઝોડુ: વડોદરાના દહેજ બંદરે પર લગાવ્યું ૨ નંબરનું સિગ્નલ



ભરૂચ

નિસર્ગ વાવાઝોડાનું ગુજરાત પર ટકરાવાનું નથી, પરંતુ ભારે પવન ફૂંકાવાની શક્યતા છે, જેથી સાવચેતીના ભાગરૂપે ભરૂચ જિલ્લાના દહેજ બંદરે ૨ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે અને માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી દેવામાં આવી છે. નિસર્ગ વાવાઝોડું મહારાષ્ટ્ર તરફ ફંટાઈ ગયું છે, તેમ છતાં તકેદારીના ભાગરૂપે ભરૂચ જિલ્લાના ૨૫ ગામોને એલર્ટ કરાયા છે. જેમાં જંબુસર તાલુકાના ઝામડી, ટંકારી, મોરોદપુર નેજા, નાળા, દેવલા, સારોદ, માલપુર, ખાનપુર, આસરસા, ઈસ્લામપુર, કાવી, દહેગામ અને કંબોઈનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વાગરા તાલુકાના લખીગામ, વેંગણી, રહીયાદ, સુવા, દહેજ, લુવારા, અંબેટા, જાગેશ્વર, ગંધાર, કલાદરા અને કોલિયાદનો સમાવેશ થાય છે અને હાંસોટ તાલુકાના કંટીયાજાળ ગામનો સમાવેશ થાય છે. ૬૦થી ૭૦ કિ.મી.ની પ્રતિ કલાકે ફૂંકાતા પવન માટે દરિયામાં જહાજને સંકેત આપવા માટે ૨ નંબરનું સિગ્નલ લગાવવામાં આવે છે અને મહારાષ્ટ્ર તરફ આગળ વધી રહેલા નિસર્ગ વાવાઝોડાને કારણે દરિયા કિનારે ભારે પવન ફૂંકાવાની શક્યતા છે, જેને પગલે દહેજ બંદર ઉપર ૨ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે.

ગુજરાતમાં પ્રવેશતા મુસાફરો માટે આરોગ્યની ચકાસણી કરાઈ ફરજિયાત



ગાંધીનગર

ગુજરાતમાં પ્રવેશતા મુસાફરો માટે આરોગ્યની ચકાસણી ફરજિયાત બનાવી દેવાઈ છે. રાજ્યના ગૃહ વિભાગે ગુજરાતમાં પ્રવેશથી ચેકપોસ્ટ ઉપર બહારથી આવતા પ્રવાસીઓ કે મુસાફરોની આરોગ્ય ચકાસણી થાય તેવી વ્યવસ્થા કરવા આરોગ્ય વિભાગને આદેશ કર્યો છે. જો કોઈ બહારથી આવતા મુસાફરમાં કોઈ પણ પ્રકારનાં લક્ષણ દેખાય તો તાત્કાલિક અસરથી તેનું સંપૂર્ણ પરીક્ષણ કરવા માટે પણ આદેશ કર્યો છે. સાથે જ રાજ્યની તમામ ચેકપોસ્ટો પર આરોગ્ય પરીક્ષણ કરી શકાય તેવી વ્યવસ્થા કરવા માટે પણ કહેવાયું છે. સરકારે જાહેર કરેલા પરિપત્રમાં જણાવ્યું કે, આંતર રાજ્ય અને રાજ્યની અંદર અવરજવર માટે કોઈ નિયંત્રણ નથી. તેથી મંજૂરી કે ઈ-પાસની આવશ્યકતા રહેતી નથી. તેમ છતાં અન્ય રાજ્યોમાંથી ગુજરાતમાં પ્રવેશતા મુસાફરોનું હેલ્થ ચેકઅપ થાય તે જરૂરી છે. આથી અન્ય રાજ્યોમાંથી ગુજરાતમાં આવતા મુસાફરોની સંબંધિત ચેકપોસ્ટ પર હેલ્થ ચકાસણી કરવામાં આવે. સમગ્ર વ્યવસ્થા આરોગ્ય વિભાગના સહયોગથી ગોઠવવામાં આવે તેવો આદેશ કરાયો છે. ચેકપોસ્ટ પર હેલ્થ ચેકઅપ દરમિયાન કોવિડ-૧૯ સંબંધિત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સૂચનાઓ અનુસાર જો કોઈ વ્યક્તિ સિમ્ટોમેટિક જણાય તો તેની તપાસ કરવાની રહેશે.

સુરતમાં પ્રેમ પ્રકરણમાં ઘાતક હથિયારો સાથે જૂથ અથડામણ, પોલીસે મામલો શાંત પાડ્યો

સુરત

લૉકડાઉન વચ્ચે રાત પડતા કર્ફ્યૂ હોવા છતાં લોકો બહાર નીકળતા હોય છે. સુરતના સલાબતપુરા વિસ્તારમાં પ્રેમ પ્રકરણ માં અગાઉ થયેલા ઝઘડાની અદાવતમાં બે જૂથ વચ્ચે ઘાતક હથિયારો સાથે અથડામણ થઈ હતી. અથડામણને પગલે ત્રણ લોકોને ગંભીર ઈજા, જ્યારે ૧૦થી વધુ લોકો ઘવાયા હતા. પોલીસે બનાવ સ્થળે પહોંચીને મામલો થાડે પાડ્યો હતો. પોલીસે બંને પક્ષની ફરિયાદના આધારે હત્યાનો પ્રયાસ, રાયોટિંગનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. કોરોના વાયરસનું લોકડાઉન પૂર્ણ થતા લોકો ધીમે ધીમે બહાર આવી રહ્યા છે. આ પરિસ્થિતિમાં પણ લોકો જૂની અદાવતમાં એકબીજા પર હુમલા કરી રહ્યા છે. રાત પડતા કર્ફ્યૂ લાગી જાય છે પરંતુ લોકો બહાર નીકળીને બબાલ કરતા હોવાની ઘટના સામે આવે છે. સુરતના સલાબતપુરા વિસ્તારમાં આવેલ અકબર સઈદના ટેકરા ખાતે પઠાણવાડ ન્યૂ કબ્રસ્તાનની સામે જુનેદ અસલમભાઈ શેખ મજૂરાગેટ ખાતે ખાનગી હોસ્પિટલમાં ઓપરેશન થિયેટર ઈન્ચાર્જ તરીકે નોકરી કરે છે.

જુનેદનો પિતરાઈ ભાઈ જુબેર શેખ કાસિક મેમણના દવાખાના તરફથી નાસ્તો કરી આવતા હતા ત્યારે સોહીલ ઉર્ફે અગ્ગાની તૈયબ આમલેટની લારી સામે અડચણરૂપ મૂકેલી બાઈક હટાવવા કહેતા ઝઘડો થયો હતો. આ સમયે ત્યાં સોહીલ ઉર્ફે અગ્ગાની સાથે હાજર સ્થાનિક યુવાનો સાદીક આમલેટ, અહમદ આમલેટ, અઝ્ઝુ કેરેમવાલા, હારુન આમલેટ, સાબીર આમલેટ, રશીદ કોઢેલ, સાદીક ઉર્ફે અંદી, સઈદ આમલેટ, શાહરુખ ડુંડા, આદીલ અને સાહિલે જુબેરને માર માર્યો હતો. જુનેદના પિતરાઈ ભાઈ શેખ સમીર, શેખ જાકીર દાઉદ અલીની પુત્રી મુસ્કાન સાથે પ્રેમ સંબંધ ધરાવે છે અને તમામ હુમલાખોરો દાઉદ અલીના સગા સંબંધીઓ છે. તેમને પ્રેમ સંબંધ મંજૂર ન હોય થોડા દિવસો અગાઉ પણ ઝઘડો થયો હતો. આ મામલે પોલીસ કંટ્રોલમાં કોલ કરતા સલાબતપુરા પોલીસ પહોંચતા હુમલાખોરો ત્યાંથી ભાગી છૂટ્યા હતા.

સંગમ પંડિતની હત્યામાં કોર્પોરેટર સતીશ પટેલની સંડોવણી હોવાની શંકાને લઈને ચકચાર

સુરત

ભેસ્તાન વિસ્તારમાં થયેલી સંગમ પંડિતની હત્યામાં કોર્પોરેટર સતીશ પટેલની સંડોવણી હોવાની શંકાને લઈને ચર્ચામાં છે. દરમિયાન બૂટલેગર ચંચલનો એક ઓડિયો વાઈરલ થયો છે જેમાં હત્યાનું કરવાનું કાવતરું ઘડવામાં આવ્યું હોવાનું ખુલ્યું છે. જ્યારે હુમલો કરતા પહેલા બૂટલેગર ચંચલના સાગરીતો ઝપ્ફમાં કેદ થઈ જવા પામ્યા છે.

એક વર્ષ પહેલા ઉત્તરાયણમાં પતંગ ચગાવવાની બાબતે વિક્કી અને પ્રદીપ ઉર્ફે દીપુનો ઝઘડો થયો હતો. જેના કારણે ૧૦ દિવસ પહેલા દીપ જયોત સોસાયટીમાં રહેતા ધીરજના જન્મ દિવસમાં વિકાસ ઉર્ફે વિક્કીએ પ્રદીપને મારવાની વાત કરી હતી. બસ આ વાતમાં પ્રદીપના મિત્ર વિશાલની વિક્કી જોડે માથાકૂટ થઈ અને તેમાં વિક્કીને વિશાલના મિત્ર પ્રતિકે તમાચો માર્યો, વિક્કીએ ભાઈગીરી કરવી હતી. કદાચ પ્રતિકને ન મારે તો ભૈરવનગરમાં ભાઈ કેવી રીતે કહેવાય બસ આ વાતને લઈને વિક્કીએ ચંચલના પન્ટરોનો સહારો લીધો. જોકે, પ્રતિકની ગેમ બનાવવામાં ચંચલના પન્ટર સંગમ પંડિતની હત્યા થઈ હતી.

પાંડેસરા પોલીસે ચંચલ, વિક્કીને લઈ આવી છે. જેમાં વિક્કીને ક્વોરન્ટીન કરવામાં આવ્યો છે. કેમ કે એક આરોપી કોરોના પોઝિટિવ આવ્યો અને તે વિક્કીની સાથે હતો. બીજી તરફ સંગમ પંડિતનો હોસ્પિટલમાં મરવા પહેલા એક વીડિયો સામે આવ્યો છે. જેમાં કોર્પોરેટર સતીશ પટેલે માર માર્યો હોવાનું જણાવે છે. આ વીડિયો બાબતે પોલીસે હોસ્પિટલના CCTV કેમેરાની તપાસ કરાવી છે. ખરેખર તે જાતે બોલે છે કે પછી તેને બોલાવવામાં આવે છે, આ તમામ પાસાઓને પોલીસ બારીકાઈથી તપાસ કરી રહી છે.

સુરતના સુંવાલી બીચ પર NDRFની ટીમ સ્ટેન્ડ બાય કરાઈ

સુરત

અરબ સાગરમાં ઉઠેલું ડિપ ડિપ્રેશન મંગળવારે ચક્રવાતી તોફાનમાં ફેરવાઈ ગયું હતું. આ તોફાનનું નામ નિર્સગ છે. જે ૧૩ કિમી પ્રતિ કલાકની ઝડપે મહારાષ્ટ્રના કાંઠા તરફ વધી રહ્યું છે. સાંજે ૫ વાગ્યા વચ્ચે મહારાષ્ટ્રમાં રાયગઢના હરિહરેશ્વર અને દમણ વચ્ચે ૧૧૦ કિમી પ્રતિ કલાકની ઝડપે અથડાશે. પરંતુ આની અસર સુરતમાં પણ જોવા મળશે. સુરતમાં ભારેથી અતિ ભારે વરસાદ પણ થઈ શકે છે. જેને લઈને સુરતમાં તંત્ર સતર્ક થયું છે. સુરતમાં તકેદારીના ભાગરૂપે એનડીઆરએફની ટીમ તૈનાત કરવામાં આવી છે.

જેમાં ૧૫૦ જેટલા જવાનોની ટીમ સુંવાલી અને અન્ય બીચ પર તૈનાત કરી દેવામાં આવી છે. તેમજ દરિયા કિનારાની આસપાસ રહેતા ગામોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. જ્યારે દરિયા કિનારે આવેલ કાચા શેડ ની છતની દુકાનોમાંથી સામાન ખસેડવા માટે સૂચના આપવામાં આવી છે. ચક્રવાત નિર્સગના કારણે મુંબઈથી આવતી જતી ૧૯ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે.જેમાંથી ૧૧ મુંબઈથી જનારી અને ૮ આવનારી ફ્લાઈટ છે. તો બીજી બાજુ મધ્ય રેલવેએ મુંબઈ જનારી ૮ સ્પેશ્યલ ટ્રેનના સમયમાં ફેરફાર કર્યા છે.

દમણમાં વાવાઝોડાના કારણે ૩ કિમીની હદના ગામોને કરાયા એલર્ટ, કરાયું સ્થળાંતર

સુરત

વાવાઝોડાની ઘાત ગુજરાતના માથેથી ટળી ગઈ છે. જેથી હવે કોઈ ખતરાની શક્યતા નથી. પરંતુ હવામાન ખાતાએ આપેલી માહિતી મુજબ, ૩ જૂનના રોજ વાવાઝોડું મહારાષ્ટ્રના હરિહેશ્વર અને દમણ વચ્ચે ક્રોસ કરશે. જેને પગલે ગુજરાતમાં તેની અસર જોવા મળે. વાવાઝોડાની અસરને પગલે દમણ, દાગરાનગરા હેવલી તરફ ૮૦ થી ૯૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. તો સુરત અને ભરૂચમાં ૭૦-૮૦ કિલોમીટર પ્રતિ કલાક અને જિલ્લામાં ૫૦ થી ૬૦ના કિમીએ પવન ફૂંકાશે. આવામાં આજે દમણમાં તેની અસર જોવા મળી રહી છે.

નાની દમણમાં ઝરમર વરસાદ શરૂ થઈ ગયો છે. પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ કરાઈ રહ્યું છે. લોકોને ઘરમાં રહેવા અપીલ કરાઈ છે. ત્યારે દમણના દરિયામાં બપોરે ૧૨ વાગ્યે ભરતી આવશે. દમણમાં વાવાઝોડાની અસરને પગલે તંત્ર એલર્ટ થઈ ગયું છે. દમણ દરિયા કિનારાથી ૩ કિલોમીટરની હદમાં આવતા ગામોને એલર્ટ કરાયા છે. તો કેટલાક લોકોનું રાત્રે જ સ્થળાંતર કરવામાં આવ્યું છે. લોકોને ઘરની બહાર નહિ નીકળવા અપીલ કરાઈ છે. વાવાઝોડાને પગલે દક્ષિણ ગુજરાતમાં ૯૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા હતા.

જેથી વહીવટી તંત્રએ અગમચેતીના ભાગરૂપે એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમને તૈનાત કરી દીધી છે. દરમિયાન સુરતમાં એનડીઆરએફની ૩ અને એસડીઆરએફની ૧, જ્યારે કે નવસારીમાં એનડીઆરએફ અને એસડીઆરએફની એક-એક ટીમ અને વલસાડમાં એનડીઆરએફની એક ટીમ તૈનાત કરી દેવાઈ છે. દમમમાં એનડીઆરએફની બે ટીમ છે.

ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કવા માટે અનુરોધ

નવસારી

વર્ષ ૨૦૨૦-૨૧ માટે આઈ-ખેડુત પોટલ ખેતીવાડી ખાતાની સહાય યોજનાઓના વિવિધ ઘટકો માટે તા.૦૧-૦૩-૨૦૨૦ થી ૩૧-૦૫-૨૦૨૦ સુધી ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. જુદા જુદા ઘટકોમાં લાભ/ સહાય લેવા માંગતા ખેડુતો દ્વારા આઈ-ખેડુત પોર્ટલ પર ઓનલાઈન અરજીઓ કરેલ હતી. જે ખેડુતોએ ઓનલાઈન અરજી કરેલ છે તેઓએ અરજીની પ્રિન્ટા આઉટ લઈ અરજીની નકલ, ૭/૧૨, ૮-અ, આધારકાર્ડ બચત ખાતાની બેંક પાસબુકની નકલ, અનુ.જાતિ, અનુ.જનજાતિ દાખલા સાથે જે તે ગામના ગ્રામસેવક, તાલુકા ખેતીવાડીશાખા, જિલ્લાર ખેતીવાડી શાખામાં વહેલી તકે અરજી પહોંચતી કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી નવસારીની યાદીમાં જણાવાયું છે.

હાઉસિંગ સોસા.નું ઓડીટ કરાવી લેવા જાહેર સૂચના

નવસારી

નવસારી જિલ્લાની તમામ કો.ઓપ.હાઉસીંગ/સર્વિસ સોસાયટીઓનું ઓડિટ ઘણાં સમયથી બાકી હોય તેવી દરેક સોસાયટીઓએ ઓડિટ પૂર્ણ કરાવી લેવું. જા તેમ કરવામાં નહિ આવે તો આપની સોસાયટીનું નોદ્વધણી રજીસ્ટ્રેશન સહકારી કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવશે. જેની સોસાઠટીના પ્રમુખ/મંત્રીશ્રીઓને નોદ્વધ લેવા મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ(હાઉસીંગ) વલસાડ દ્વારા યાદીમાં જણાવાયું છે.

મહાનગર પાલિકાની આરોગ્ય ટીમને સહયોગ આપવા અપીલ

સુરત

હાલમાં કેન્દ્ર સરકારની નવી ગાઈડલાઈન મુજબ સોસાયટી વિસ્તારોમાં ARI ના લક્ષણો ધરાવતા લોકો સુરત મહાનગરપાલિકાને તે અંગેની જાણ કરવી ફરજિયાત છે. આવા વ્યક્તિઓ પાસે હોમ કોરન્ટાઈનની સુવિધા ઉપલબ્ધ હશે તો તેમને અને તેમના સંપર્કમાં આવેલા વ્યકિતઓને અન્ય સ્થળે કવોરન્ટાઈન કરવામાં આવશે નહીં, પણ તેમના ઘરે જ હોમ કવોરન્ટાઈન કરાવવામાં આવશે. જેથી ARI ના લક્ષણો ધરાવતા લોકોને તેમના ઘરે જ ટ્રીટમેન્ટ આપી શકાશે. ARI ના લક્ષણો હોય તો ગભરાવાની જરૂર નથી, લક્ષણોને છુપાવ્યા વગર પ્રથમ દિવસથી જ સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગને જાણ કરવી જેથી ત્વરિત સારવાર મેળવી ઝડપથી સ્વસ્થ થઈ શકાય એમ સુરત મહાનગરપાલિકા દ્વારા જણાવાયું છે.

ગુજરાત પ્રદેશ ઈન્ટુકના પ્રમુખ તરીકે સંજય પટવાની નિમણુંક

શ્રમિકોના કપરાકાળમાં પટવાને ઈન્ટુકની જવાબદારી સોંપાઇ

સુરત

અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ આદરણિય શ્રીમતી સોનીયાજીના સંમતીથી ઈન્ડીયન નેશનલ ટ્રેડ યુનિયન કોંગ્રેસ (INTUC)ના રાષ્ટ્રીય પ્રમુખશ્રી સ્વામીનાથન જૈસવાલજીએ રાષ્ટ્રીય સચિવ-ઈન્ચાર્જ ગુજરાત શ્રી એહસાન ખાને ગુજરાત પ્રદેશ એકમના પ્રમુખ તરિકે સંજય પટવાની નિયુક્તિ કરી છે.

સંજય પટવાએ છેલ્લા ૩૫ વર્ષથી કોંગ્રેસ પાર્ટીમાં સક્રિય રિતે કામ કરી રહ્યાં છે. તેઓ NSUI, યુથ કોંગ્રેસ તેમજ કોંગ્રેસ પાર્ટીના વિવિધ પદ પર રહિ સફળ અને ઉમદા કામગીરી કરી છે. તેઓ હાલમાં પાર્ટીના પ્રવક્તા તરિકે કામગીરી કરી રહ્યાં છે. તમામ સંગઠીત-અસંગઠીત શ્રમિક કામદારો અત્યારે ખુબ કપરા કાળમાંથી પસાર થઈ રહ્યાં છે.સંજય પટવાની મુખ્ય પ્રાયોરેટી શ્રમિકોને થઈ રહેલું શોષણ હર હાલમાં દુર કરવાના તેમનો પ્રથમ ધ્યેય છે, શ્રમિકો માટે કંઈક સારૂ કરવાની તેમની વિચારધારા પહેલેથી જ રહી છે .

વિજળી કંપનીઓએ લોક ડાઉનના સમયનું એવરેજ બીલ ફટકારી દીધા

સુરત

કોવીડ -૧૯ ની મહામારીથી દેશ અને દુનિયા ભયંકર રીતે પીડિત છે ત્યારે ગુજરાત અને સુરત પણ આ પીડાથી અસરગ્રસ્ત છે. લોકડાઉનના હિસાબે આર્થિક ગતિવિધિ તદ્દનઠપ છે તેવા સંજોગોમાં દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ(DGVCL) તથા ટોરેન્ટ પાવર લિમિટેડ દ્વારા નાના મોટા ઉદ્યોગોને તથા શોપીગ વિસ્તારમાં અગાઉના માસનું એવરેજ બીલ આપવામાં આવે છે. હકીકતમાં ૬૦ દિવસ સુધી ઈન્ડસ્ટ્રીઝ અને શોપ સંપૂર્ણ બંધ હતું તો વીજ કંપનીઓએ રીડિંગના આધારે લાઈટ બીલ આપવું જોઈએ નહીં કે એવરેજ અથવા રેગ્યુલર બીલ.

આ બાબતનો સુરત ડાયમંડ એસોસીએશન દ્વારા સખત વિરોધ કરવામાં આવે છે અને વખોડી કાઢે છે. આવી અસામાન્ય પરિસ્થિતિમાં કંપનીઓએ રાહત આપવી જોઈએ તેના બદલામાં વધારાની વસુલાત બિલકુલ ગેરવ્યાજબી છે. ડાયમંડ એસોસિએશનમાં આવા વધારાના બીલ અંગે અનેક ફરિયાદો આવેલ છે. અમે કંપનીની સામે આ બાબતમાં રાજયસરકારને તથા ઉર્જામંત્રીશ્રીને પણ રજૂઆત કરીશું અને ઉદ્યોગ તરફથી વિરોધ પણ નોંધાવીશું જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.તેમ સુરત ડાયમંડ એસો.ની અખબારી યાદીમાં જણાવાયું છે.

વાવાઝોડાના સંભવિત અસરગ્રસ્તોને સલામત સ્થળોએ આશરો અપાયો

તકેદારી દાખવા નવસારી કલેકટરની સૂચના

નવસારી

નવસારી જિલ્લામા નિસર્ગ વાવાઝોડાની સંભાવનાને ધ્યાને લઈ જિલ્લા કલેકટરશ્રી આર્દ્રા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહિવટીતંત્ર દ્વારા વાવાઝોડા થી કોઈ જાનમાલનું નુકશાન કે અન્ય કોઈ મુશ્કેલી ઉભી ન થાય તે માટે પુર્વ આયોજનના ભાગરૂપે વિવિધ પગલાઓ લેવામા આવી રહયાં છે.

પૂર્વ તૈયારીના ભાગરૂપે જિલ્લા કલેકટરશ્રી દ્વારા જિલ્લાકક્ષાના અધિકારીઓ સાથે બેઠક યોજી વિગતવાર સૂચના અપાઈ હતી તેમજ તમામ વિભાગોને જરૂરી સ્ટાફ તેમજ મશીનરી સાથે કાર્યાન્વિત કરવામાં આવ્યા હતા. સંભવિત વાવાઝોડા, ભારે વરસાદની પૂર્વતૈયારી માટે તમામ પ્રાંત અધિકારીઓ, મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ અને ચીફ ઓફીસરશ્રીઓ તેમજ સંબંધિત વિભાગોના અધિકારીશ્રીઓને કામગીરીનું વ્યવસ્થાપન કરવા જણાવવામાં આવેલ તેમજ કરેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવેલ. તેમજ જિલ્લા/તાલુકા કક્ષાએ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના કંટ્રોલરૂમ કાર્યરત કરવામાં આવ્યા છે.

નીચાણવાળા વિસ્તારના સંભવિત અસરગ્રસ્ત ગામોમાં તાલુકા કક્ષાની ટીમો દ્વારા ગામોની મુલાકાત લઈ સ્થાનિક સરપંચ, તલાટી કમ મંત્રી, રેશનશોપ ડીલર, એમ.ડી.એમ. સંચાલક અને ગ્રામસેવક સાથે રાખી પરિસ્થિતીને પહોંચી વળવા માટે અવગત કરવામાં આવેલ. સંભવિત અસરગ્રસ્ત ગામડાઓ માટે વર્ગ-૧ના અધિકારીશ્રીની લાયઝનીંગ અધિકારીશ્રી તરીકે નિમણૂંક કરવામાં આવી છે. ડી.જી. સેટ્સ, ક્રેન, જીવન બચાવ નૌકાઓ, મોબાઈલ, મોબાઈલ ટાવરોની ઉપલબ્ધી માટેની યાદી તૈયાર કરવામાં આવી છે. હાલમાં કોઈ માછીમારો દરિયામાં નથી તેમજ માછીમારો દરિયો ખેડે નહીં તેની તકેદારીના ભાગરૂપે મરીન પોલીસ અને ફીશરીસ ડીપાર્ટમેન્ટ દ્વારા સતત મોનીટરીગ શરૂ છે.

લીકર પરમીટની મુદ્દતમાં ત્રણ પાસનો વધારો કરવાની માંગણી

લોકડાઉનના કારણે પરમીટ ધારકોનો કવોટા લેપ્સ

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આજે ગુજરાતના રાજ્ય કક્ષાના ગૃહ, ઉર્જા તથા કાયદા વિભાગના મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાને લીકર લાયસન્સની સમય મર્યાદામાં ત્રણ મહિનાનો વધારો કરવા અથવા તો લોકડાઉનને કારણે વણવપરાયેલ રહી ગયેલ ત્રણ મહિનાનો કોટા આ વર્ષના બાકીના પિરિયડમાં એડ્જસ્ટ કરવા માટે રજૂઆત કરવામાં આવી છે. મુખ્યત્વે લાયસન્સ મેળવનાર વ્યકિત સ્વાસ્થ્ય સંબંધી તકેદારીના ભાગરૂપે આલ્કોહોલિક દ્રવ્ય ડોકટરની સલાહ પ્રમાણે લેતા હોય છે તેને ધ્યાનમાં લઈ દર્દી માટે આલ્કોહોલ આવશ્યક હોવાથી ચેમ્બર દ્વારા મંત્રીશ્રીને આ અંગે અનુરોધ કરવામાં આવ્યો છે.

ચેમ્બરે મંત્રીશ્રીને રજૂઆતમાં જણાવ્યુ છે કે, બોમ્બે ફોરેન લીકર રૂલ્સ– ૧૯૫૩ અંતર્ગત લાયસન્સ પ્રથા અંતર્ગત લાયસન્સ મેળવનાર વ્યકિત માસિક કોટા પ્રમાણે લાયસન્સ્ડ લીકર શોપમાંથી લીકર વપરાશ માટે ખરીદી શકે છે. પરંતુ રાજ્યમાં કોવિડ– ૧૯ને કારણે ૭૦ દિવસ સુધી લોકડાઉન રહેતા લાયસન્સ્ડ લીકર શોપ બંધ રહયાં હતાં. લીકર માટે દરેક પરમીટ હોલ્ડરને લાયસન્સ ફી ભરવી પડતી હોય છે. લોકડાઉન દરમિયાન જે કોટા લેપ્સ થયો છે તેના કારણે પરમીટ હોલ્ડરોને આર્થિક નુકસાન થઈ શકે છે. સરકાર દ્વારા તમામ મોરચે કોઈપણ આર્થિક નુકસાન થતુ હોય તો તેને કોવિડ– ૧૯ દરમિયાન બચાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે તેના અનુસંધાને પરમીટ હોલ્ડરનું આર્થિક નુકસાન બચાવવું હિતાવહ રહેશે.

લિંબાયતમાં મહિલા સહિત ત્રણ ઉપર જીવલેણ હુમલો

ઘાતક શસ્ત્ર મારી હત્યા કરવાનો પ્રયાસ

સુરત

લિંબાયતમાં સામે જોવા બાબતે ટપોરીઓએ આતંક મચાવ્યો હતો. લિંબાયત વિસ્તારમાં લોકડાઉનનો અમલ હોવા છતા પણ સરા જાહેર ઘાતક શસ્ત્રો ઉછળ્યા હતા. ટપોરીઓએ એક પરિવારના પાંચ સભ્યો ઉપર હુમલો કર્યો હતો.

લિંબાયત પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ લિંબાયત આસપાસ નગરમાં રહેતા ડોલીબેન ગણેશ પાટીલે આરોપી અરૂણ તારાચંદ પાટીલ, જયેશ ઉર્ફે કાલુ, કૈલાશ ઉર્ફે બોયપરા, વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ સાહેદ વૈશાલીબેન ગૌરવ વાઘના પુત્ર વિશાળ સાથે આરોપીઓની તકરાર ચાલતી હોય, જેની અદાવત રાખી આરોપીઓએ પરિયાદીના પતિ, સાહેદ દીપક, ગોવિંદ અને વૈશાલીબેન ઉપર ધારદાર ચપ્પુથી હુમલો કરી જીવલેણ ઈજાઓ પહોંચાડી હતી. લિંબાયત પોલીસે હત્યાની કોશિશનો ગુનો દર્જ કર્યો હતો.

આજ ઘટનામાં વધુ એક ફરિયાદ જોવાઈ હતી. જેમાં ફરિયાદી વિશાળ કચરુ પીંપળેએ આરોપી અરૂણ, જયેશ અને કૈલાશ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ સામે જોવા બાબતે ફરિયાદી વિશાળ તેના મિત્ર રવિન્દ્ર બબન ઉપર ચપ્પુથી હુમલો કર્યો હતો. આ બનાવ અંગે પોલીસે મારામારીની ફરિયાદ દર્જ કરી હતી.

બે સ્થળે ઓફિસોમાં જુગાર રમતા ૧૩ દુકાનદારો પકડાયા

વરાછા અને કાપોદ્રામાંથી ૬૨ લાખનો મુદ્દામાલ જપ્ત

સુરત

વરાછા અને કાપોદ્રામાં ઓફિસમાં જુગાર રમતા ૧૩ વેપારીની પોલીસે ધરપકડ કરી રૂપિયા ૧.૬૨ લાખની મત્તા કબ્જે કરી હતી.

વરાછા પોલીસે બાતમીના આધારે જુગાર રમતા દેવચંદ બાળજી પટેલ, વિપુલ પરખત ગોપાણી, પ્રવિણ પ્રાગજી પટેલ, ધર્મેશ વિઠ્ઠલ પટેલ, પરેશ ઘનશ્યામ પટેલ,વિપુલ ઠાકર પટેલની ધરપકડ કરી હતી. પોલીસે રોકડા રૂપિયા ૩૬,૪૦૦ , મોબાઈલ ફોન નં ૬ , મોટર સાયકલ નંગ ૩ મળી કુલ લે રૂપિયા ૧,૦૩,૯૦૦ની મત્તા કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

જ્યારે કાપોદ્રા પોલીસે કાપોદ્રા બજરંગનગર સોસાયટી ડાયમંડ વિઝન ટેક નામની ઓફિસમાં જુગાર રમતા રવિ માધવજી મોરડીયા, મયુર માંગુકિયા, સંદીપ માધવજી , જીનેશ ગુંદરણીયા, પ્રિતેશ વ●ભ, મયુર ડાહ્યા નાથાણી, આશિષ છોડવડીયાની ધરપકડ કરી રોકડા રૂપિયા ૫૫,૫૫૦ કબ્જે કરી જુગારધારા અન્વયે કાર્યવાહી કરી હતી.

સુરત શહેરમાં કોરોનાના કુલ ૧૧૨૦ દર્દીઓ સ્વસ્થ બનતા ડિસ્ચાર્જ કરાયા

વાયરસને કાબુ કરવામાં સુરત શહેરનો સૌથી શ્રેષ્ઠ ૬૬ ટકા રિકવરી રેટ

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઇ કાલેતા.૨ જુનના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, દેશભરમાં કોરોના વાઇરસને કાબુ કરવામાં સુરત શહેરનો રીકવરી રેટ જે ૬૬ ટકા થયો છે. આજે ૨૭ વધુ દર્દીઓ સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરાયા છે. કુલ ૧૧૨૦ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે.

મ્યુ. કમિશનરશ્રીએ વધુમાં જણાવ્યું કે, આજની સ્થિતિએ ૬૬૮૬ લોકો હોમ ક્વોરેન્ટાઇન અને વિકેન્દ્રિત ક્વોરેન્ટાઇન સેન્ટરમાં ૫૨૧ લોકો છે. સમરસ ખાતે કોવિડ કેર સેન્ટરમાં ૧૦૩ લોકો છે. ૧૫૭૮ જેટલી ટીમો ડોર ટુ ડોર સર્વેલન્સ માટે કાર્યરત છે. સ્લમ વિસ્તારોમાં કુલ ૫૬ ફિવર ક્લિનીક ચાલુ કરવામાં આવ્યા છે. મોબાઈલ ફિવર ક્લિનીકમાં સૌથી વધુ લોકો જાય છે તેથી તેની સંખ્યા વધારવામાં આવી છે. ૬૦ જેટલી રિક્ષા દ્વારા કોવિડ અંગે જાગૃત્તિ લાવવામાં આવી રહી છે. જ્યારે પણ લોકોને કોવિડના લક્ષણો દેખાય તો તે પોતાના ફેમીલી ડોક્ટર પાસેથી પોતાના ઘરે પ્રાથમિક સારવાર લઈ શકે છે અને મોટા ભાગના કિસ્સાઓમાં તેઓ સાજા થઈ જાય છે.

૧૦ હજાર કરતા વધુ લોકોને આજે હોમિયોપેથીક દવાનું વિતરણ કરવામાં આવ્યું છે. લોકો એવુ માને છે કે લોકડાઉન ખુલી ગયુ છે પરંતુ આ રિલેક્ષસેશન છે અને તેનો દુરઉપયોગ ન કરવો કેમ કે કોરોના હજુ પણ છે. જે દુકાનો નિયમોનું પાલન ન કરતા હતા તેમાની ૩૩૭ પાનના ગલ્લા અને ૧૮૦ સલુન આજ સુધી બંધ કરાવવામાં આવ્યા હતા. સુરતમાં હવેથી વિડીયોગ્રાફી કરવામાં આવશે અને જો કોઈ જગ્યા પર સોશિયલ ડિસ્ટન્સિગનો ભંગ થતો હોય તો તેમની વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે.

તાતી થૈયાના રિક્ષા ચાલકને કોરોનાને ચેપ લાગ્યો

સુરત

પલસાણા તાલુકાના તાતીથૈયામાં ગજાનંદ પેલેસ ૧૦૧માં સોનું દુર્ગા, પ્રસાદ, સોની (ઉ.વ.૨૮) પરિવાર સાથે રહે છે. અને ઓટો રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાત ચલાવે છે. ગત સવારે તબિયત લથડતા દવાખાને ગયો હ.ો ત્યારે ડોકટરની તપાસમાં કોરોનાના લક્ષણો જણાતા સુરત સિવિલ હોસ્પિટલે ચેકઅપ કરાવ્યું ત્યાર બાદ સાંજે રિપોર્ટ કોરોના પોઝિટિવ આવતા તેમને ૧૦૮ મારફતે માલીબા કેમ્પસ કોવિડ ૧૦ હસ્પિટલે સારવાર અર્થે ખસેડાયો હતો. આરોગ્ય વિભાગ દ્વારા ઘરના સભ્યોને હોમ કોરોન્ટાઈનની સાથે યોગ્ય વિસ્તારમાં કોરોન્ટાઈન કરવાની કામગીરી હાથ ધરાઈ છે.

ડો. આંબેડકર યુવા ઉત્થાન દ્વારા જરૂરીયાતમંદોને કીટનું વિતરણ

લુપીનના સહયોગથી મધ્યમ વર્ગ તથા ગરીબોને સહાય

સુરત

ડૉ.બાબાસાહેબ આંબેડકર યુવા ઉત્થાન સંસ્થા દ્વારા લુપીન ફાઉન્ડેશન ના સૌજન્યથી કોરોના વાયરસ ? નામક વૈશ્વિક મહામારી માં ભારત રાષ્ટ્ર ને પણ ભરડામાં લેતાં છેલ્લા ત્રાણ મહીના ઉપરાંત થી સમગ્ર દેશમાં લોકડાઉન લગાવેલ હોવાથી ગરીબ મધ્યમ વર્ગ તથા મજૂરીયાત વર્ગ ની હાલત ઘણી જ કફોડી બની ગઈ છે, હાલ મજૂરી ના પણ ફાંફા પડે છે, રાશન ની તથા જીવન જરૂરિયાત ની વસ્તુઓ માટે ઘણી જ મુશ્કેલી ઓ પડી રહી હોય ત્યારે ભરૂચ ડૉ.બાબાસાહેબ આંબેડકર યુવા ઉત્થાન સંસ્થા તેના પ્રમુખ પરેશભાઈ મેવાડા તથા તેમની કાર્યેકર ટીમ ના અથાગ પ્રયત્નો દ્વારા સેવા કાર્યે માં મદદરૂપ થઈ ને શિક્ષણ ક્ષેત્રે, આરોગ્ય ક્ષેત્રે, વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સમાજ ની સેવા માં પ્રવૃત્તમય હોય જ છે, જેના ભાગ રૂપે ચંદુલાલ દેસાઈ છાત્રાલય ખાતે સમાજ ના ગરોડા બ્રાહ્મણ મિત્રો, ગરીબ વિધ્વા બહેનો, તથા જરૂરિયાત વાળા પરિવારોને કીટ નું વિતરણ રાખવામાં આવેલ જેમાં સંસ્થા પ્રમુખ પરેશભાઈ. મેવાડા, લુપીન ફાઉન્ડેશન લિમીટેડ ના અશ્વિનભાઈ.જોષી, કોગ્રેસના મહિલા આગેવાન ધ્રુતાબેન રાવલ,બામસેફ ના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ બહેચરભાઈ. રાઠોડ, નીતાબેન બારશાખવાલા, વૈશાલીબેન ગડરીયા, દિપીકા બેન.પરમાર, , વિજય વસાવા, માવજીભાઈ લુવાર, પ્રેમજીભાઈ ચાવડા, વિગેરે ઉપસ્થિત રહી સેવા કામ માં સહભાગી બન્યા હતા.

માંગરોળના ૧૦ ગામડાઓમાં આયુર્વેદિક ઉકાળાનું વિતરણ

પાંચ દિવસ સુધી ઉકાળા તથા સંશમની વટીનું વિતરણ

સુરત

માંગરોળ તાલુકામાં કાંટવા તથા વાંકલ ખાતે કાર્યરત આયુર્વેદિક દવાખાનાના મેડિકલ ઓફિસરો દ્વારા તા. ૧૨ માર્ચથી આજ સુધી યોજાયેલા ઉકાળા વિતરણ અભિયાનમાં માંગરોળ તાલુકા પંચાયત ઉપરાંત તાલુકાના કુલ ૧૦થી વધુ ગામમાં લોકોને ઉકાળાનું સેવન કરાવવામાં આવ્યું હતું. સાથે ગ્રામજનોને સાત દિવસના સંપૂર્ણ કોર્સની સંશમનીવટીનું વિતરણ કરવામાં આવ્યું હતું. માંગરોળ તાલુકાના વસરાવી ગામે કોરોનાનો કેસ નોંધાતા સમગ્ર વસરાવી ગામમાં તેમજ સમગ્ર વાંકલ તથા કંટવા ગામમાં ઘરે ઘરે ઉકાળા વિતરણ કરવામાં આવ્યુ હતું. લોકો ઘરે જ ઉકાળો બનાવી શકે તે માટે ઘરે ઘરે સુકા ઉકાળાના પેકેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું. સાથે જ માંગરોળ, કોસંબા, ધામરોડ પોલિસ મથકના તમામ સ્ટાફ, જી.આર.ડી. સ્ટાફને આયુર્વેદિક દવાની આપૂર્તિ કરવામાં આવી હતી.

માંગરોળ તાલુકાનો બીજો કેસ બોરિયા ગામે મળતા ગામના સરપંચશ્રી તથા કોરોના વોરિયર્સની સહાયથી સમગ્ર ગામમાં સતત સાત દિવસ સુધી સંશમનીવટી અને ઉકાળા વિતરણ કરવામાં આવ્યું હતું. માંગરોળ તાલુકાના ગામો બોરસદ, દેગડિયા, જઘડીયા, શાહવડ, આમખુટા, કંસાલી, ઈશનપુર, કુંડ, કેવડી, રત્તોલા, ઓગણીસા, સનધરા, પાતલદેવી, કંટવાવ, ગોરિયા,,લવેટ, જરણી, ભડકુવા, મોટીફળી, નાનીફળી, આંબાવાડી, જીનોરા ગામોમાં ૬૦ વર્ષથી ઉપરના સિનીયર સિટીઝન તથા કો-મોર્બીડ લોકોને સતત પાંચ દિવસ સુધી ઉકાળા વિતરણ તથા સંશમની વટીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આમ, છેવાડાના ગામોના ગ્રામજનોને પણ કોરોના સંક્રમણથી સુરક્ષિત રાખવા આયુર્વેદિક દવાઓ અને ઉકાળાનું સેવન કરાવી રોગપ્રતિકારક શક્તિ વધારવાના સઘન પ્રયાસો આયુર્વેદિક દવાખાના દ્વારા કરવામાં આવ્યા હતા.

યુવતીને મિત્ર છોડીને જતો રહેતા અભયમ ટીમે આશ્રમય આપ્યો

ભરૂચથી ભાગી આવેલી યુવતી ચાર મહિનાથી સુરતમાં રહેતી હતી

નવસારી

એક વ્યક્તિ એ અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઇન મા કોલ કરી જણાવેલ કે અહીં મરોલી ચાર રસ્તા પર એક ૨૦-૨૨ વર્ષ ની યુવતી સવાર ની ફર્યા કરે છે જેને મદદ કરવા અનુરોધ કરતા નવસારી અભયમ રેસ્કયુ વાન તાત્કાલિક સ્થળ પર પહોચી યુવતી સાથે વાતચીત કરતા તેને રહેવાનું ઠેકાણું ના હોવાથી આશ્રય અપાવવામાં આવ્યો હતો.

૧૮૧ અભયમ ટીમને પ્રાપ્ત થયેલી માહિતી મુજબ મુમતાઝ(નામ બદલેલ છે) નામની યુવતી એકલી ફરી રહી હતી તેને પુછપરછ કરતા તેને જણાવેલ કે તે મૂળ ભરૂચની છે પરંતુ તેના પિતા તેને મારઝૂડ કરતા હોવાથી ઘરે થી ભાગી છેલ્લા ૪ મહિના થી સુરતમા મેમતાઝ (નામ બદલેલ છે.) સાથે રહે છે અને ઘરનું કામ કરે છે ગત રોજ તેને મેમતાઝ કારમા સુરતથી લાવી મરોલી ચાર રસ્તા પર ઉતારી નીકળી ગયા હતાં. અભયમ ટીમે તેના પિતા તથા મેમતાઝ સંપર્ક નંબર માંગતા તેણે આપેલ મેમતાઝ રોન્ગ નંબર આવતો હતો. જ્યારે ભરૂચ રહેતા પિતા સાથે વાત કરતા તેઓ એ જણાવેલ કે તે મને પૂછયા વગર ઘરે થી નીકળી ગયેલ છે જેથી તેને રાખવાનો નથી તે ઉંમરલાયક છે તે જાતે રહેવાની વ્યવસ્થા કરી લેશે.

આમ ૧૮૧ અભયમ મહિલા ટીમે યુવતીને મુશ્કેલી ના પડે તે માટે ઓ. એસ. સી.માં આશ્રય આપવામાં આવ્યો છે.

રેલ્વે સ્ટેશન પર ઓટોમેટિક મશીનથી સેનિટાઈઝેશન શરૂ

સાંસદ સી.આર.પાટીલના હસ્તે પ ઓટોમેટિક મશીન, કાર્યરત

સુરત

લોકડાઉનમાં રાહતો આપવામાં આવતાં ફરીથી જનજીવન ધમધમતું થયું છે. પરંતુ, હવે નાગરિકોએ જાગૃત થઈને પોતાના સ્વાસ્થ્યની કાળજી લેવાની છે. શહેરની જનતાના સ્વાસ્થ્ય સુરક્ષાને ધ્યાનમાં રાખીને લોકોના આરોગ્યને હાનિ ન પહોંચે તે માટે સરકાર સુસજ્જ છે. આવા સંજોગોમાં સુરત રેલ્વે સ્ટેશન પર અવર-જવર કરતા લોકો, રેલ્વે સ્ટેશન પર ફરજ બજાવતા રેલ્વેકર્મીઓ તેમજ ટ્રેનમાં મુસાફરી કરતા લોકો માટે પાંચ ઓટોમેટિક સેનિટાઈઝર મશીનની વ્યવસ્થા કરવામાં આવી છે. ઉપરાંત, ૫૦૦૦ માસ્ક, ૩૦૦ દ્વ૯૫ માસ્ક અને સેનિટાઈઝરના પાંચ કેરબાનું સાંસદ શ્રી સી.આર. પાટીલના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું. સ્ટેશનની આર.પી.એફ. વિભાગ, મુખ્ય ટિકિટ નિરીક્ષણ વિભાગ અને સ્ટેશનની જુદી જુદી ઓફિસ પાસે ઓટોમેટિક સેનિટાઈઝર મશીન લગાડવામાં આવ્યા છે.

કોરોના વાયરસની મહામારી વચ્ચે

સગર્ભા મહિલા અને બાળકો માટે સાવચેતી સામે રસીકરણ ઝુંબેશ

શહેરની ખાનગી તથા સરકારી હોસ્પિટલમાં રસીકરણ રેશન યોજાયું

સુરત

સુરત મહાનગર પાલિકા ટીમ દ્વારા કોરોના મહામારી વચ્ચે સુરક્ષિત રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. તમામ સગર્ભા મહિલાઓ તેમજ બાળકોને વાયરસનું સંક્રમણ ન થાય એ રીતે રસીકરણનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. શહેરની ખાનગી તથા સરકારી હોસ્પિટલ્સમાં ૧૪૭ રસીકરણ સેશન યોજવામાં આવ્યાં હતાં. જેમાં ૧૪૩ સગર્ભા મહિલાઓને અને ૨૩૬૧ બાળકોનું સફળતાપૂર્વક રસીકરણ કરવામાં આવ્યું હતું.

કોરોના મહામારીની વર્તમાન પરિસ્થિતિમાં, માતા અને બાળ આરોગ્ય સેવાઓ સૌથી ગંભીર બાબત બની રહી છે, એ વાતનું ધ્યાન રાખી ખરા અર્થમાં કોઈ જાતના બાધ્ય વિના આ ભગીરથ કાર્ય અવિરત શરૂ રહે એ બાબતનો ખૂબ જ ચોકસાઈથી અમલ કરવામાં આવ્યો હતો. તા ૨૧ માર્ચ, ૨૦૨૦ ના રોજ લોકડાઉનની ઘોષણા થઈ ત્યારથી તમામ આઉટરીચ લગભગ બંધની સ્થિતિમાં હતા, છતાં પણ અર્બન હેલ્થ સેન્ટર / કમ્યુનિટિ હેલ્થ સેન્ટર અને મેડિકલ સેન્ટરમાં નિયમિત રસીકરણ સત્રો ચાલુ રાખવામાં આવ્યા હતા. સરકારે જારી કરેલી માર્ગદર્શિકા મુજબ બાળકોને જન્મ સમયે અપાતાં રસીકરણ ડોઝ આપવામાં કોઈ બાંધછોડ કરવામાં આવી નથી. એ માટે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન ખડે પગે ઊભું રહ્યું છે. સુરત મહાનગર પાલિકાના જુદા જુદા ભૌગોલિક ક્ષેત્રોમાં કોવિડ-૧૯ ના સંક્રમણનો વ્યાપ વિસ્તૃત પ્રમાણમાં હતો. આવા વિપરીત સંજોગોમાં પણ સુરત મ્યુનિસિપલ કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ શહેરી આરોગ્ય કેન્દ્રોમાં બાળકોને રસી આપતા કોરોનામાંથી ક્રોસ ઈન્ફેક્શન થવાનું સંભવિત જોખમ હોઈ શકે છે, એ વાતની ચિંતા વ્યક્ત કરી ખાનગી બાળ ચિકિત્સા ક્લિનિક્સ સાથે સંકલન કરી રસીકરણનું આયોજન કર્યું હતું. સોશ્યલ ડિસ્ટનસિંગનું પુરતૂ ધ્યાન રાખી તા. ૧૮ મી થી ૧ જૂન સુધી મમતા સેશન યોજવામાં આવ્યા હતા.

સંબંધીને વિદેશથી મળવા નવસારી આવેલી મહિલા લોકડાઉનમાં ફસાઈ

અભયમ ૧૮૧ની ટીમે વિદેશી મહિલાને આશ્વાસન આપ્યું

નવસારી

નવસારી પાસે ના ગામમાંથી એક ફોરેન રિટર્ન મહિલા એ અભયમ ને કોલ કરી જણાવેલ કે તેઓ છેલ્લા બે મહિના થી નવસારી ખાતે સંબંધીના પરિવાર ને મળવા સાઉથ આફ્રિકા થી આવી હતી. પરંતુ છેલ્લા બે માસથી લોકડાઉનને કારણે પરત જઈ શકતા ના હોવાથી તેઓ મુંઝાઈ ગયા છે જેથી અભયમ ને કોલ કરતા નવસારી અભયમ રેસ્ક્યુ ટીમ સ્થળ પર પહોંચી મહિલા સાથે વાતચીત કરી તેઓને સાંત્વના આપવામાં આવી હતી.

૧૮૧ અભયમ ટીમને પ્રાપ્ત થયેલી માહિતી મુજબ મૂળ નવસારી જિલ્લાના વતની પણ વર્ષોથી સાઉથ આફ્રિકામાં વસવાટ કરતા લોકડાઉનના બે દિવસ પહેલા જ સબંધીને મળવા આવ્યા હતાં. પરંતુ વિકટ પરિસ્થિતિમા પરત જઈ શકે તેમ ના હોવાથી બે માસથી તેઓ સબંધીના પરિવાર સાથે અનિચ્છા એ પણ રહે છે સંબંધીનો પરિવાર પણ મોટો છે જેથી મહિલાને સ્વતંત્ર રૂમ કે સગવડ મેળવી શકાતી નથી આમ તો પોતાનો પણ ફ્લેટ નવસારીમા છે પરંતુ કોઈ રહેતું ના હોય વીજજાડાણ ની વ્યવસ્થા નથી. અભયમ ટીમ તેમની સાથે શાંતિ થી ચર્ચા કરી આશ્વાસન આપેલ કે થોડા સમયમા પરિસ્થિતિ સારી થઈ જશે. હાલમા ધીરે ધીરે હવાઈ સફર શરૂ થઈ રહી છે આ ઉપરાંત થોડા સમય માટે કોઈ રૂમ ભાડે રાખી ને પણ રહી શકે છે આ રૂમ શોધી આપવામાં તેમના સબંધી પણ મદદરૂપ થશે તેમ જણાવ્યું હતું. આમ, નવસારી ૧૮૧ અભયમ ટીમે ફોરેન રીટર્ન મહિલાના માર્ગદર્શક બન્યા.

જીઓ કંપનીનો ટાવર મુકવાના બહાને ૧૪ લાખની છેતરપિંડી

અજાણ્યા મોબાઈલ ધારકો સીટીલાઈટના કલ્પેશ પટેલને છેતરી ગયા

સુરત

પોતાના ઘર ઉપર જીઓ કંપનીનો ટાવર મુકવા બાબતે સીટીલાઈટના કલ્પેશ પટેલ સાથે અજાણ્યા મોબાઈલ ફોન ધારકોએ રૂપિયા ૪,૬૫,૭૯૨ની ઠગાઈ કરી હતી.

ઉમરા પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ સીટીલાઈટ શ્રી નિકેતન એપાર્ટમેન્ટમાં રહેતા કલ્પેશ કુમાર ચીમન પટેલે આરોપી મોબાઈલ ફોન ઉપર ધારક રાજીવ અગ્રવાલ, અવિનાશ મલ્હોત્રા, રાહુલ શર્મા, અરવિંદ ઠાકરે, તનીશ્કા રાઠોડ, મનોહર દેસાઈ, જેન્ની વિરૂદ્ધ ફરિયાદ નોંદાયી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ફરિયાદીને ફોન કરીને તેઓની ઘર ઉપર જીઓના ટાવર રાખવા માટે રૂપિયા ૧૪ લાખ અને દર મહિને રૂપિયા ૨૦ હજારનું ભાડુ આપવાની લાલચ આપી ફરિયાદી પાસેથી બેન્ક એકાઉન્ટ મારફતે કુલ્લે રૂપિયા ૧૪,૬૫,૧૯૨ મેળવી વિશ્વાસઘાત, છેતરપિંડી કરી હતી. ઉમરા પોલીસે તપાસ હાથ ધરી છે.

સુરત જિલ્લામાં ૧૨૫ કોરોના કેસ પૈકીના ૮૮ને ડિસ્ચાર્જ કરાયા

કુલ ૯૬૨૨ ટેસ્ટીંગ કરવામાં આવતાં ૯૪૫૨ નેગેટીવ કેસો

સુરત

સુરત જિલ્લામાં ગઇ કાલે ૦૨ દર્દી સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરાયા છે. કુલ ૮૮ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે. સુરત જિલ્લામાં ગત રોજ પોઝિટીવ કેસોની સંખ્યા ૧૧૯ હતી, જેમાં આજે ૦૬ કેસનો વધારો થવાથી ગઇ કાલે કુલ ૧૨૫ કોરોના પોઝિટીવ કેસો થયા છે. જ્યારે કુલ ૦૨ દર્દીના મૃત્યુ નોંધાયા છે. પોઝિટીવ કેસો પૈકી માંડવી તાલુકાના ૦૧, અરેઠ ગામના ૦૨, ઓલપાડ તાલુકાના આડમોર ગામના ૦૧, કામરેજ તાલુકાના પાસોદરા ગામના ૦૧ તેમજ પલસાણા તાલુકાના કડોદરા ગામના ૦૧ કેસ મળી ૦૬ કે મળી કુલ ૧૨૫ કેસો આવ્યા છે. કુલ ૯૬૨૨ ટેસ્ટીંગ કરવામાં આવતાં ૧૨૫ પોઝિટીવ અને ૯૪૫૨ નેગેટીવ કેસો જ્યારે ૪૫ રિપીટ સેમ્પલ નોંધાયા છે.

૪૧ એક્ટિવ ક્લસ્ટર જેમાં દિહેણ, વેગી, વરેલી(ગાયત્રી નગર), વરેલી(દત્ત કૃપા), વરેલી(શાંતિ નગર), વરેલી(વ્રજધામ વિસ્તાર), બારડોલી નગર(તાઈવાડ), વિહારા, ચલથાણ, ભટગામ, નવી પારડી, વલથાણ (શિવશક્તિ), નવા ચકરા, શામપુરા, લીંડીયાત, કપ્લેથા, લાજપોર(કોળીવાડ), લાજપોર(પોપડીયુ ફળિયુ), ઇચ્છાપોર(ઘંટી ફળિયુ), લસકાણા, રાજવડ, નનસાડ, કરચેલિયા, વરેલી(મનમંદિર કોમ્પ.), ગંગાધરા(ક્રિષ્ણા વેલી), કરચકા, કોસંબા, વરેલી (પરમહંસ), સારોલી (નેચર વેલી), વાવ (એસ. આર. પી કેમ્પસ), તરાજ (ખાડી ફળીયુ) લસકાણા (ગોપાલનગર), પાસોદરા (ઓમ ટાઉનશીપ), વાંસકુઈ (નેવણીયા), સોદલાખારા, સાયણ (જલારામ સોસા.), મોર (માકીયાવાડ), ભાંડુત, જોળવા(આરાધના ડ્રિમ), તરસાડી(સંજય નગર), સચિન (જી.આઈ.ડી.સી) કન્ટેઈનમેન્ટ ક્લસ્ટર વિસ્તારનાં કુલ ૧૭૪૬૫ ઘરો અને કુલ વસ્તી ૭૩૬૧૯ જેટલી છે. જેમાં સર્વે અને આરોગ્યની ૧૪૮ ટીમ કાર્યરત છે.

નોંધનીય છે કે સુરત જિલ્લામાં ૨૧૬૩ લોકો હોમ કોરન્ટાઇન હતા. આજે ૧૬૬ નવા લોકોનો ઉમેરો થતા કુલ ૨૩૨૯ લોકો હોમ કોરન્ટાઇન છે. જ્યારે આજે ૧૬૮ લોકોનું હોમ કોરન્ટાઇન પૂર્ણ થતા કુલ ૨૧૬૧ લોકોને હાલ હોમ કોરન્ટાઇન કરવામાં આવ્યા છે.

ચેમ્બરની મેનેજિંગ કમિટિની ચૂંટણી તા. ૨૧મી જૂને યોજાવાની શકયતા

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, ગત તા. ૨૯.૦૩.૨૦૨૦ના રોજ યોજાનાર ચેમ્બરની મેનેજીંગ કમિટીની ચૂંટણી તા. ૨૧.૦૩.૨૦૨૦ના રોજ કોરોના વાયરસ અને ત્યારની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવી હતી. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઇ અને શક?ય હોય તો ચેમ્બરની મેનેજીંગ કમિટીની ચૂંટણી રવિવાર, તા. ૨૧-૦૬-૨૦૨૦ના રોજ સવારે ૧૧ થી સાંજે ૫ વાગ્યા સુધી સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે રાખવાનું વિચારેલ છે. અત્રે નોંધનીય છે કે, હાલની કોવિડ– ૧૯ અંગેની પરિસ્થિતિના સંદર્ભમાં સરકારશ્રીના નિયમો, સૂચનાઓ અને જાહેરનામા પ્રમાણે આ કાર્યક્રમમાં જરૂર પડે તો ફેરફાર કરવામાં આવશે. કોઈપણ આકસ્મિક સંજોગો કે કુદરતી આપત્તિ કે કોવિડ– ૧૯ ના સંજોગોને લીધે કોઈ કાયદાકીય પરિસ્થિતિ ઉભી થાય તો ચૂંટણી અંગેના જરૂરી નિર્ણય ચૂંટણી કમિટી દ્વારા કરવામાં આવશે અને તેને અંતિમ અને તમામને બંધનકર્તા રહેશે. કોવિડ– ૧૯ અંગેના સરકાર દ્વારા જાહેર કરાયેલા તમામ નિયમોનું ચૂંટણી દરમિયાન દરેકે પાલન કરવાનું રહેશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારમાં કરાઈ રહેલી તાર-ફેનસિંગ ઘર્ષણ મામલે પી.એમ.મોદી ને ફરિયાદ

રાજયસભામાં કોને મત આપવો એ મામલે અમે હજુ સ્પષ્ટ નથી, કોંગ્રેસ પણ વિરોધ કરી રાજનીતિ કરી રહી છેઃમહેશ વસાવા

આ ઘર્ષણ મામલે છોટુ ભાઈ વસાવા અને મહેશ વસાવાએ પીએમ મોદીને ફરિયાદ કરતો પત્ર લખ્યો






MAHESHBHAI C. VASAVA
M.L.A. : 141-Dediyapada
Constituency (S.T.)
(14th Gujarat Legislative Assembly)
M. : 98274 81844


CHHOTUBHAI A. VASAVA
M.L.A. : 143-Jhagadia Constituency (S.T.)
(14th Gujarat Legislative Assembly)

રાજપીપળા

કોરોનાની મહામારીમાં લોકડાઉન દરમિયાન રોજગારી અર્થે અન્ય શહેરોમાં ગયેલા આદિવાસીઓ પોતાના વતનમાં પરત ફર્યા છે. એ પૈકી મોટે ભાગના આદિવાસીઓની હાલત દયનિય બની છે. તો બીજી બાજુ લોકડાઉન દરમિયાન વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારમાં તંત્ર દ્વારા કરાઈ રહેલી તાર-ફેનસિંગ કામગીરીનો પણ સ્થાનિક આદિવાસીઓ ઉગ્ર વિરોધ કરી રહ્યા છે, રોજે રોજ પોલીસ અને ગ્રામ જનો વચ્ચે ઘર્ષણના બનાવો બને છે.તો આવાજ ગુજરાતના આદિવાસી ઓના અન્ય વિવિધ વિકટ પ્રશ્નો મુદ્દે આદિવાસી નેતા અને ધારાસભ્ય પિતા-પુત્ર છોટુભાઈ વસાવા અને મહેશ વસાવાએ પીએમ મોદીને ફરિયાદ કરતો એક પત્ર લખ્યો છે.

તેમના પત્રમાં જણાવ્યા મુજબ ગુજરાતના ભરૂચ, નર્મદા સહીત અન્ય આદિવાસી જિલ્લાઓમાં આદિવાસી ઓના આવાસ, રોજગાર, સ્વાસ્થ્ય, જંગલ, જમીન, ખનીજ તથા સિંચાઈ સંબંધિત સમસ્યાઓનું હવે નિરાકરણ લાવવું જરૂરી બન્યું છે.કેન્દ્ર સરકારનો પેસા કાયદો અને સંવિધાન પની અનુસૂચી પૂર્ણ સ્વરૂપે લાગુ કરવું જોઈએ.૧૯૬૧-૬૨ માં નર્મદા ડેમ બનાવવા આદિવાસીઓની જમીન સંપાદિત થઈ હતી, બાદમાં ડેમ બીજે બન્યો જેથી ખાલી પડેલી જમીન પુંજીપતિઓને હોટેલ બનાવવા માટે વેચવામાં આવે છે,જમીનના વ્યાપારિકરણ પર નિયંત્રણ જરૂરી છે.

કેવડીયા ખાતે આદિવાસીઓ સાથે જે અમાનવીય અત્યાચાર થાય છે એની અને લોકડાઉન દરમિયાન પોતાના વતન જઈ રહેલા આદિવાસીઓ પર થતા પોલીસ દમનની યોગ્ય તપાસ થવી જોઈએ.સરદાર સરોવર પરિયોજનાઓનો લાભ સ્થાનિક અદિવાસીઓને મળતો નથી. અમારા વિસ્તારમાં કૃષિ અને ઔદ્યોગિક મજૂરોને સમયસર વેતન મળતું નથી,આદીવાસી વિસ્તાર માં ભૂગર્ભ જળ સ્ત્રોત વધારવા વોટર રિચાર્જ યોજના લાગુ કરવી જોઈએ. આદિવાસીઓ પાસે ખેતીલાયક જમીન નથી, જંગલના અધિકાર અમલ થતા નથી. આદિવાસી વિસ્તારના સ્વાસ્થ્ય કેન્દ્રોમાં અપર્યાપ્ત માત્રામાં દવા, મેડિકલ સ્ટાફ હોવાથી આદિવાસીઓએ સારવાર માટે શહેરી વિસ્તારોમાં જવું પડે છે.

ગુજરાત રાજ્યસભાની ૪ બેઠકો માટેની આગામી ૧૯ મી નવેમ્બરે ચૂંટણી યોજાવાની છે. હાલની સ્થિતિ મુજબ કોંગ્રેસ ૧ અને ભાજપ ૩ બેઠકો પર જીતી શકે એમ છે. પણ આ જીત BTP ના બે ધારાસભ્યો છોટુભાઈ વસાવા અને મહેશભાઈ વસાવા પર નિર્ભર છે.જો સરકાર કેવડિયા બાબતે આ બન્નેવ ધારાસભ્યોની વાત નહિ માને તો ભાજપ માટે રાજ્યસભાની ૩ બેઠકો જીતવી અઘરી થઈ પડે છે. આ બાબતે ધારાસભ્ય મહેશભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, રાજ્ય સભામાં કોને મત આપવો એ મામલે અમે હજુ સ્પષ્ટ નથી, કોંગ્રેસ પણ વિરોધ કરી રાજનીતિ કરી રહી છે.

ભરુચની યશસ્વી કેમિકલ કંપનીમાં બ્લાસ્ટઃ આગથી ૮ કામદારનાં મોત, ૫૨ દાઝ્યા

એમ્બ્યુલન્સ મોડી આવતા દાઝેલા કર્મીઓ કણસતા રહ્યા : આગ પર કાબૂ મેળવ્યા બાદ ૬ મૃતદેહ મળ્યા, ૨ કામદારના સારવાર દરમિયાન મોત : ભરૂચ જિલ્લા સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગે કંપનીને ક્લોઝર નોટિસ ફટકારી



ભરૂચ

ભરૂચ જિલ્લાના દહેજ સ્થિત યશસ્વી કેમિકલ કંપનીમાં બ્લાસ્ટની ઘટનામાં ૮ કામદારના મોત થયા છે. જ્યારે ૫૨ જેટલા કામદારો દાઝ્યા છે. જેને પગલે ભરૂચ જિલ્લા સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગે યશસ્વી કંપનીને ક્લોઝર નોટિસ ફટકારી છે અને સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે. સમયસર એમ્બ્યુલન્સ ન આવતા દાઝેલા કર્મચારીઓ કણસતા રહ્યા હતા.

દહેજની યશસ્વી કેમિકલ કંપનીમાં બ્લાસ્ટ બાદ આગની ઘટનામાં આગ પર કાબૂ મેળવ્યા બાદ મૃતદેહો મળી આવ્યા છે. આગની ઘટનામાં ૬ કામદારોના ઘટના સ્થળે જ મોત થયા હતા. જ્યારે ૨ દર્દીના સારવાર દરમિયાન મોત થયા હતા. જ્યારે બાકીના તમામ ઈજાગ્રસ્તોને ભરૂચની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે, જેમાં ઘણા કામદારોની હાલત ગંભીર છે. જેમની સારવાર ચાલી રહી છે.

યશસ્વી કેમિકલ કંપનીમાં થયેલા બ્લાસ્ટને પગલે આગ ફાટી નીકળતા ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. જેમાંથી કેટલાક કર્મચારીઓ દોડીને કંપનીની બહાર આવી ગયા હતા. જોકે ગંભીર રીતે દાઝેલા કર્મચારીઓ માટે કંપનીમાં એમ્બ્યુલન્સની કોઇ વ્યવસ્થા નહોતી. જેથી કર્મચારીઓને સમયસર સારવાર ન મળતા દાઝેલા કર્મચારીઓ દર્દથી કણસતા જોવા મળ્યા હતા. જોકે બાદમાં કર્મચારીઓને સારવાર માટે ભરૂચની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં જ દહેજ ફાયર બ્રિગેડના ૧૦ ફાયર ફાઇટર ઘટના સ્થળે દોડી ગયા હતા અને આગ ઉપર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો

યશસ્વી કેમિકલ કંપનીની આસપાસનો સમગ્ર વિસ્તાર કોર્ડન કરી દેવાયો છે અને ભરૂચ જિલ્લા સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગ દ્વારા તપાસ શરૂ કરાઈ છે. ભરૂચ જિલ્લા સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગે યશસ્વી કંપનીને ક્લોઝર નોટિસ ફટકારી છે.

ખનીજ માફિયાઓ એ હદ વટાવી: રાજપીપળા માં મૃતકોને દફનાવવાની જગ્યા પર પણ માટી ખનન થતા રોષ

- **સ્મશાન પાછળ ના વિસ્તારમા ગેરકાયદેસર માટી ખનન થતા માછી સમાજે કામ અટકાવી આવેદન આપ્યું**
- **જોકે મંગળવારે નાંદોદ મામલદાર ને જાણ કરતા તાત્કાલિક ધોરણે કામ બંધ કરાવ્યું હતું.ત્યારબાદ બુધવારે કલેક્ટર ને આવેદન આપ્યું**



રાજપીપળા

રાજપીપળા સ્મશાન ગૃહ ની બાજુમાં ખોદકામ કરાતું હોય આ જગ્યા પર માછી સમાજ અને આદિવાસી સમાજ વર્ષોથી મૃતકો ને દફનાવવા અને અગ્નિ સંસ્કાર કરે છે તે જગ્યા પર ગેરકાયદેસર આ ખોદકામ ચાલુ હોવાની વાત જાણવા મળતા માછી સમાજ અને આદિવાસી સમાજ ના આગેવાનો એ નાંદોદ મામલદાર ડી.કે.પરમાર ને જાણ કરતા મામલદારે તાત્કાલિક એ જગ્યા પર કસ્બા તલાટી ને મોકલી બને પક્ષ ના જવાબો લઈ કામ બંધ કરાવ્યું હતું. ત્યારબાદ બુધવારે માછી સમાજે નર્મદા કલેક્ટર,પ્રાંત અને પાલીકા માં પણ આ બાબતે આવેદન પત્ર આપ્યું જેમાં સ્મશાન ગૃહની જમીન માં અજાણ્યા વ્યક્તિઓ દ્વારા માટી ખોદકામની ગેર કાયદેસર પ્રવૃતિ શરૂ કરવામાં આવી છે. આ પ્રવૃતિમાં જે.સી.બી મશીન તથા ટ્રેકટર દ્વારા ખોદકામ ની પ્રવૃતિ કરવામાં આવી રહી છે.આ સ્મશાન ભૂમિ ની જગ્યા એ સમસ્ત રાજપીપળા માછી સમાજ તથા અન્ય સમાજ ને વર્ષો પહેલા થી મળી છે.આ ભૂમિ પર માછી સમાજના સ્વજનોના મૃતદેહને દફન કરાય છે. હાલ રાજપીપળા માછી સમાજ પાસે દફન વિધિ માટે અન્ય કોઈ જગ્યા નથી જેથી ત્યાં જે ખોદકામ થઈ રહયુ છે તેને તાત્કાલીક અટકાવવા રજુઆત કરાઈ હતી.

સુરતમાં નવા ૮૨ કેસ નોંધાતા પોઝિટિવ કેસનો આંક ૧૯૦૩ પર પહોંચ્યો, ૫૧ દર્દી ડિસ્ચાર્જ થયા

વધુ બે કોરોના દર્દીના મોત થતા મૃત્યુઆંક ૭૮ થયો, રિકવરી આંક ૧૨૫૯ પર પહોંચ્યો છે : સુરત શહેરની સાથે જિલ્લામાં પણ પોઝિટિવ કેસનો વધારો થઈ રહ્યો છે, હાલ આંક ૧૩૬

સુરત

મહાનગરપાલિકાના જણાવ્યા પ્રમાણે શહેર જિલ્લામાં આજે એક જ દિવસમાં સૌથી વધુ ૮૨ કેસ નોંધાતા કોરોના પોઝિટિવ કેસની કુલ સંખ્યા ૧૯૦૩ થઈ ગઈ છે. વધુ બેના મોત થતા આ સાથે કોરોનાનો કુલ મૃત્યુઆંક ૭૮ થઈ ગયો છે. શહેરમાં ૪૮ અને જિલ્લામાં ૩ દર્દીઓ મળી ૫૧ દર્દીઓ કોરોનાને માત આપી સાજા થતા તેમને રજા આપવામાં આવી છે. જેથી રિકવરી આંક ૧૨૫૯ પર પહોંચી ગયો છે. નવા નોંધાયેલા કેસમાં સલાબતપુરા પોલીસ મથકમાં ૬ આરોપીનો પણ સમાવેશ થાય છે.

સુરત શહેરમાં આજે વધુ બેના મોત થતા મૃત્યુઆંક ૭૮ પર પહોંચી ગયો છે. જેમાં કોસાડ આવાસમાં રહેતા ૪૦ વર્ષીય વિજુબેન કાળુભાઈ પરમારનો રિપોર્ટ ૩૦ મેના રોજ પોઝિટિવ આવતા દાખલ કર્યા હતા. જેનું મોત થયું છે. જેમને એનીમિયાની બીમારી હતી. જ્યારે અન્ય એક ઉધનાના હરીનગરમાં રહેતા ૬૧ વર્ષીય અરૂણાબેન મહેશભાઈ ભૂતવાલાનો ૨૯ મેના રોજ રિપોર્ટ પોઝિટિવ આવતા દાખલ કર્યા હતા. જેનું મોત થયું છે. જેમને બ્લડ પ્રેસર અને થાઈરોઈડની બીમારી હતી.

સુરત સિટીમાં ૭૧ અને જિલ્લામાં ૧૧ કેસ નોંધાયા છે. જેમાં સૌથી વધુ કેસ લિંબાયત અને કતારગામ ઝોનમાં ૧૭-૧૭ કેસ નોંધાયા છે. જ્યારે સેન્ટ્રલ ઝોનમાં ૭, વરાછા-એ ઝોનમાં ૬, વરાછા-બી ઝોનમાં ૧, રાંદેર ઝોનમાં ૪, ઉધના ઝોનમાં ૧૬ અને અઠવા ઝોનમાં ૩ કેસ નોંધાયા છે.

સલાબતપુરા પોલીસ મથકમાં ૬ આરોપીઓના કોરોના પોઝિટિવ આવ્યા છે. આ આરોપીઓને રાયોટિંગના ગુનામાં પકડવામાં આવ્યાં છે. કુલ ૨૦માંથી ૫ આરોપીઓના રિપોર્ટ પોઝિટિવ આવ્યાં છે. તો અન્ય એક પ્રોહિબિશનના કેસમાં ઝડપાયેલી મહિલા આરોપીનો પણ રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

સગરામપુરા ચોગાન શેરીમાં રહેતા ધાન્યા બીનું (ઉ.વ.૩૩) વિનસ હોસ્પિટલમાં સ્ટાફ નર્સ તરીકે ફરજ બજાવે છે. તેમને કોરોનાના લક્ષણો જણાતા સેમ્પલ લેવામાં આવ્યા હતા અને તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જ્યારે નાણાવટ નગર સેઠની પોળમાં રહેતા ઉજ્જવલ ચંદ્રકાંત શાહ (ઉ.વ.૩૫)ટ્રાઇડન્ટ હોસ્પિટલમાં રિસેપ્સનીસ્ટનું કામ કરે છે. મંગળવારે તેમનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે.

ભાગળ વાડી ફળિયા ખાતે રહેતા વિજય કંચન જરીવાલા(ઉ.વ.૪૨) પ્રાઈવેટ વકીલ છે. કોરોનાના લક્ષણો બાદ મંગળવારે તેમનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. બીજી તરફ નાનપુરા છપ્પન ચાલમાં રહેતા શૈલેષભાઈ રણછોડ ઠાકોર(ઉ.વ.૫૦) વકીલની ઓફીસમાં પટાવાળા છે. મંગળવારે તેમનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે.

લાલ દરવાજા ખાતે આવેલી બ્લ્યુ ડાર્ટ કુરીયરનની ઓફીસમાં રહેતા અને ત્યાંજ વોચમેન તરીકે નોકરી કરતા રાકેશ ઉદયનારાયણ સિંગ (ઉ.વ.૫૪)ને કોરોનાના લક્ષણો જણાતા સેમ્પલ લેવાયા હતા. મંગળવારે તેનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો. તેવી જ રીતે કતારગામ ચીકુવાડી નજીક સીતારામ રેસીડેન્સીમાં રહેતા વિનોદ બંશિલાલ કંસારા (ઉ.વ.૬૩) અને કુરિયરનું કામ કરે છે તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. બેલ્જીયમ સ્કવેર ખાતે કુરિયર બોય તરીકે નોકરી કરતા ચેતન સનમુખલાલ ઉભરાટવાલા (ઉ.વ.૩૯) પણ કોરોનાની ઝપેટમાં આવ્યા છે.

સુરતમાં નિસર્ગ વાવાઝોડાના પગલે NDRFની ટીમો સુંવાલી સહિતના દરિયા કિનારે તૈનાત કરાઈ



સુરત

અરબી સમુદ્રમાં આકારિત થયેલા ચક્રવાત નિસર્ગની દિશા બદલાઈ છે. હવે માત્ર મહારાષ્ટ્રના કાંઠા વિસ્તારમાં જ ચક્રવાત ત્રાટકશે. જેથી સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના માથેથી ચક્રવાતનું મોટું સંકટ દૂર થતાં શહેરીજનો સાથે તંત્રે રાહતના શ્વાસ લીધા છે. પરંતુ તકેદારીના ભાગ રૂપે સુરતમાં એનડીઆરએફની ટીમ તૈનાત કરી દેવામાં આવી છે. સુરતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી પણ હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. મુંબઈ તરફ જોખમ હોવાના કારણે સુરતથી ૧૯ ફ્લાઈટ રદ કરવામાં આવી છે. સાથે જ ૮ જેટલી સ્પેશિયલ ટ્રેન પણ રદ કરવામાં આવી છે.

અરબ સાગરમાં ઉઠેલું ડિપ ડિપ્રેશન મંગળવારે ચક્રવાતી તોફાનમાં ફેરવાઈ ગયું હતું. આ તોફાનનું નામ નિર્સગ છે જે ૧૩ કિમી પ્રતિ કલાકની ઝડપે મહારાષ્ટ્રના કાંઠા તરફ વધી રહ્યું છે.સાંજે ૫ વાગ્યા વચ્ચે મહારાષ્ટ્રમાં રાયગઢના હરિહરેશ્વર અને દમણ વચ્ચે ૧૧૦ કિમી પ્રતિ કલાકની ઝડપે અથડાશે. પરંતુ આની અસર સુરતમાં પણ જોવા મળશે સુરતમાં ભારેથી અતિ ભારે વરસાદ પણ થઈ શકે છે. જેને લઈને સુરતમાં તંત્ર સતર્ક થયું છે. સુરતમાં તકેદારીના ભાગરૂપે એન.ડી.આર.એફ.ની ટીમ તૈનાત કરવામાં આવી છે ૧૫૦ જેટલા જવાનોની ટીમ સુંવાલી અને અન્ય બીચ પર તૈનાત કરી દેવામાં આવી છે.

દરિયા કિનારાની આસપાસ રહેતા ગામોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. જ્યારે દરિયા કિનારે આવેલ કાચા શેડ ની છત ની દુકાનો માંથી સામાન ખસેડવા માટે સૂચના આપવામાં આવી છે. ચક્રવાત નિર્સગના કારણે મુંબઈથી આવતી જતી ૧૯ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. જેમાંથી ૧૧ મુંબઈથી જનારી અને ૮ આવનારી ફ્લાઈટ છે. તો બીજી બાજુ મધ્ય રેલવેએ મુંબઈ જનારી ૮ સ્પેશ્યલ ટ્રેનના સમયમાં ફેરફાર કર્યા છે.

ભરૂચમાં બે વધુ કોરોના કેસ મળી આવતા તંત્રમાં હરકતમાં, કુલ આંક ૪૭ થયો

ભરૂચ

સમગ્ર ગુજરાતમાં કોરોનાનો કહેર જોવા મળી રહ્યો છે ત્યારે ભરૂચ જિલ્લામાં આજે વધુ બે પોઝિટિવ કેસ નોંધાયા હતા. તેની સાથે અત્યાર સુધીનો આંકડો ૪૭ પર પહોંચી ગયો છે. જ્યોતિનગર અને જંબુસર ચોકડી વિસ્તારમાં એક-એક પોઝિટિવ નોંધાયો છે. ભરૂચ જિલ્લામાં કોરોનાના આજે વધુ બે પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાં જ્યોતિનગર અને જંબુસર ચોકડી વિસ્તારમાં એક-એક પોઝિટિવ કેસ નોંધાયો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૭ પોઝિટિવ કેસ નોંધાયા છે.

નોંધનીય છે કે, ભરૂચ જિલ્લાના વાલિયા રૂપનગર એસ.આર.પી કેમ્પના ચાર જવાન કોરોના પોઝિટિવ આવ્યા હતાં. અમદાવાદ ફરજ બજાવી પરત ફરેલા જવાનોના સેમ્પલ લેવામાં આવ્યા હતાં. કોરોના પોઝિટિવ જવાનોને સારવાર અર્થે સ્પેશ્યિલ કોવિડ જયાબહેન મોદી હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં.